# નયા માર્ગ

Rs. 8

વંચીતલક્ષી વીકાસપ્રવૃત્તી, વૈજ્ઞાનીક અભીગમ અને શોષણવીહીન સમાજરચના માટે પ્રતીબદ્ધ પાક્ષીક ● ઉંઝા પરીષદે ઠરાવ્યા મુજબ જોડણી કરી છે.

તંત્રી :
**ઈન્દુકુમાર જાની**

વર્ષ : 40 અંક : 8


**અન્ય પૃષ્ઠો પર...**


02 **સાંપ્રત**
ઈન્દુકુમાર જાની

05 **હાથ કામ માંગ રહા હૈ...**
સાગર રબારી

06 **સબ સૅફન હો જાયેગા ?**
યશવન્ત મહેતા

09 **માધુકરી**
રમેશ શાહ / બીરેન કોઠારી / મણીલાલ એમ. પટેલ

13 **અસહીષ્ણુ ભારતીયમાં...**

14 **આંખન કી દેખી**
ભીમજી નાકરાણી

15 **'સાહીત્યકારો'એ મૃત્યુનો...**

16 **'કેગ'નો કરંટ...**

18 **પત્ર-સાર**

20 **ઉત્તરપ્રદેશ વીધાનસભામાં...**
ગાર્ગી વૈદ્ય

22 **અહમ્‌નો ટકરાવ**
પ્રદ્યુમ્ન આચાર્ય

24 **પ્રતીભાવ**
મકરન્દ મહેતા

25 **નવું વાચન**

27 **ડૉક્ટરોને માર પડે...**

29 **અકસ્માતો અટકાવવાના...**
પ્રો. અશ્વીનકુમાર ન. કારીઆ

30 **સીસ્ટર નીવેદીતા**

32 **કાવ્યોમાં સાંપ્રત**


# - એવા શહેરના જ દેહને કાવ્યદેહમાં મુર્ત કર્યો છે...

જે બલી બન્યા છે તેમનો પોતે અંશ જ છે. તેમના પર પડેલા પ્રહાર પોતા પર પડ્યા છે; તેમનો રહેંસાતો, છોલાતો, ખોલાતો દેહ પોતાનો જ છે એમ કવી તીવ્રપણે અનુભવે છે અને વાચકનો દેહ પણ સાથે સાથે ચીરાતો જાય છે. બળાત્કારમાં સ્ત્રીના શરીર અને મને સહન કરેલી દરેકે દરેક પ્રક્રીયા મુર્ત બને છે. 'જ્યારે મરતી રહું છું પળે પળ-એકે એક ક્ષણ' ત્યારે જીવન વ્યર્થ લાગે છે. કવી જીવવાનું કારણ શોધે છે. હવે તો સાક્ષી પુરવી અને ફરીથી આવું કદી ન બને તે માટે ઝુઝતા રહેવું હતાશામાંથી છુટવાનો આ જ એક માર્ગ છે.

વીવીધ પ્રકારે હત્યાકાંડના અનુભવને રજુ કરવાના પ્રયત્નો સંગ્રહના આ ખંડમાં અજમાવ્યા છે. 'બ્રહ્મરાક્ષસ'માં અશ્વત્થામાનું પાત્ર માનવીમાં પ્રસંગે પ્રસંગે ભભુકી ઉઠતી વેરની ભાવનાને સાકાર કરે છે. તે પસ્તાય છે, પોતાના નીષ્ઠુર પાપી જીવનો અંત આણવાના ચાળા કરે છે. પણ તેમ કરતો નથી. માતા કૃપી તેને ચાહે છે, તેના અપરાધને કારણે પોતાની જાતને અપરાધી સ્વીકારે છે, તેને પોતાના દેહમાં જ દાટી દે છે. કવી અને કૃપી એકાકાર બની જાય છે. 'અમદાવાદ : 28 ફેબ્રુઆરીથીમે, 2002'માં ટુંકા કાવ્યો ભગ્ન શહેરના અસ્તીત્વને ટુકડે ટુકડે સાકાર કરે છે. ટુકડા જ એક સમર્થ કલ્પના બને છે. જીવતા માણસોના કપાયેલાં અંગોનું (mutilation), ફોડેલી ઈમારતોની ઈંટોનું, એક આખી શાલીન સંસ્કૃતીના અવશેષોનું. પોતાને જે શહેર માટે હજુ અનહદ પ્રેમ છે, જેનો સડેલો, વહેરેલો દેહ જાણે પોતાનો જ દેહ છે, જેના લોહી નીંગળતા હાથ પરના લોહીથી પોતાના જ હાથ ખરડાયેલા છે એવા શહેરના જ દેહને કાવ્યદેહમાં મુર્ત કર્યો છે.

મૃતપ્રાય નગર અને મૃતપ્રાય સ્ત્રી બન્નેને કાવ્યરુપ આપવાની technique સરખી છે. 'આસમાની-સુલતાની' ખંડમાં 'મહીલા અને કાનુન' કાવ્ય છે. જેમાં એક પીડાતા નારીજીવને ન્યાયતંત્રના નીર્જીવ નીયમો અને ક્રમોમાં ઠોસી પુરવાના નીર્દયી પ્રયત્નોને ટુંકાં કાવ્યોની શ્રેણીમાં વખોડ્યા છે.

લોયવાયકા અને લોકગીતના ઢાળ સરુપ ધ્રુવ બહુ જ સ્વાભાવીક રીતે ખપમાં લે છે. 'એક નહીં જન્મેલી દીકરીનો મરસીયો' જેવાં કાવ્યો લોક ગણગણતાં રહે એવાં જરુર છે. અને ઉપર ચર્ચેલાં કાવ્યો પણ એટલાં દુર્બોધ નથી કે તે સામાન્ય જનતાને સ્પર્શી ન શકે...

**– ડૉ. શીરીન કુડચેડકર (મુંબઈ)**

[સરુપ ધ્રુવ કૃત કાવ્યસંગ્રહ 'હસ્તક્ષેપ'ની પ્રસ્તાવનાનો અંશ. ડૉ. શીરીનબહેન પ્રખર નારીવાદી વીદુષી છે.]

❑

# સાંપ્રત

■ ઈન્દુકુમાર જાની

## શું વડાપ્રધાનને કશી અકળામણ નથી થતી ?

કશ્મીરમાં ભાજપાના ટેકાવાળી મહેબુબા મુફ્તીની સરકાર છે; પરંતુ શું એ કામ કરતી સરકાર છે ? ત્યાંના નાગરીકોની રગેરગમાં અલગતાવાદીઓ ભારતવીરોધી ઝેર ભરવામાં સફળ થઈ રહ્યા છે. લશ્કર પર પથ્થરમારો રોજીંદી ઘટના બની ગઈ છે. કશ્મીરીઓની સાથોસાથ ભારતીય સૈનીકો માર્યા જાય છે અને ઘાયલ પણ થાય છે. જ્યારે વીરોધ પક્ષે હતા ત્યારે નરેન્દ્ર મોદી હાથ ઉંચા કરી કરીને કશ્મીરનો મામલો હોય, આધાર કાર્ડ હોય કે જીએસટી લાગુ કરવાનો હોય - આવા દરેક મામલે જે રીતે ભાષણો કરતાં હતા તે આજકાલ સોશ્યલ મીડીયામાં જોવા મળે છે. શ્રીનગર લોકસભાની બેઠકની પેટાચુંટણીમાં માત્ર 6.5 ટકા મતદાન થયું, આઠ લોકો માર્યા ગયા અને 30થી વધુ ઘાયલ થયા. પછી શાંતી સ્થપાઈ ગઈ છે કે કેમ તે અંગે મીડીયાએ પડદો પાડી દીધો હોય એવું જણાય છે. આજે કોંગ્રેસની જગ્યાએ ભાજપા ત્યાં વીરોધ પક્ષે હોત તો મહેબુબા મુફ્તીને રાજીનામું મુકવાની ફરજ પાડત... કશ્મીરમાં પરીસ્થીતી કાબુ બહાર જઈ રહી છે પણ શું વડાપ્રધાનને કશી અકળામણ નથી થતી ?

મતદાન અગાઉ વડાપ્રધાને કશ્મીરની મુલાકાત લીધી. યુપીએ દ્વારા સૌથી લાંબી ટનલ બાંધવાનો કરોડો રુપીયાનો પ્રોજેક્ટ શરુ થયેલો જેની વડાપ્રધાને ઉદ્ઘાટન વીધી કરી. વડાપ્રધાને કશ્મીરી યુવાઓને શીખામણ આપી કે 'ટુરીઝમ' ભણી વળો; 'ટેરરીઝમ' તરફ નહીં ! દરેક વખતે નરી શબ્દાળુતા કામ આવતી નથી. હવે પાકીસ્તાને ભારતીય નેવીના પુર્વ અધીકારી કુલભુષણ જાધવને ફાંસીની સજા જાહેર કરી છે. આપસી પક્ષીય મતભેદો ભુલીને તમામ પક્ષોએ આનો સખત વીરોધ કર્યો છે પણ પાકીસ્તાન પર તેની તાત્કાલીક અસર પડેલી જોવા મળતી નથી. વડાપ્રધાન નવાઝ શરીફના કૌટુંબીક પ્રસંગે રાવલપીંડી દોડી ગયા હતા પરંતુ આજે જ્યારે કુલભુષણને ફાંસી ફરમાવી છે ત્યારે શું વડાપ્રધાનને કશી અકળામણ થતી નથી ?

ભારતમાં દીવસે દીવસે અસહીષ્ણુતા વધતી જતી જોવા મળે છે. આવી ફરીયાદ આમીરખાન અને તેમનાં પત્ની કીરણ રાવે કરેલી ત્યારે હોબાળો મચી ગયેલો. એવું પણ બોલાયેલું કે, 'પાકીસ્તાન ભેગાં થઈ જાવ !' આ અંકમાં ગ્રેટર નોઈડામાં એક સંગઠીત ટોળાએ નાઈજીરીયન વીદ્યાર્થીઓ પર હુમલો કર્યો તે અંગે શોભા ડેનાં વીચારો પ્રગટ કર્યા છે. અમેરીકામાં ભારતીયો પર હુમલો થાય છે ત્યારે આપણે વાજબીપણે એનો વીરોધ કરીએ છીએ. તે ધોરણ શું નાઈજીરીયનને લાગુ ન પડે ? શું વડાપ્રધાનને કશી અકળામણ નથી થતી ?

નરેન્દ્ર મોદી વડાપ્રધાનપદે આવ્યા પછી પણ બીફ (ગૌમાંસ)ની નીકાસ દ્વારા ભારતને કરોડો રુપીયાનું હુંડીયામણ મળતું રહ્યું છે. જો નરેન્દ્ર મોદીની સરકાર ખરેખર ગૌપ્રેમી હોત તો બીજે જ દીવસે આ નીકાસ પર પ્રતીબંધ લાદી દીધો હોત. આજે એક યા બીજા સ્થળે કહેવાતા ગૌરક્ષકો દ્વારા મુસ્લીમોની હત્યા થતી રહે છે. તેમાં છેલ્લો બનાવ અલવરમાં મૃત્યુ પામનારા પહલુખાનનો છે. તેઓ ડેરી ફાર્મના માલીક હતા, દુધાળુ ગાય ખરીદવા અલવર આવ્યા હતા, તેમની પાસે રસીદ પણ હતી એવું જાણવા મળે છે; છતાં તેમની હત્યા થઈ. તેના પોસ્ટ મોર્ટમ રીપોર્ટમાં પણ ઈજાને કારણે મોત નીપજ્યું હોવાનું જણાવ્યું છે. આ ઘટનાના એક અઠવાડીયા બાદ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર તેમજ છ ભાજપી રાજ્યોને (ગુજરાત સહીત) નોટીસ આપી છે કે ગૌરક્ષકો પર પ્રતીબંધ કેમ ન લગાડવો ? અહીં નોંધવું રહ્યું કે અરજદાર શહેઝાદ પુનાવાલાએ ગૌરક્ષક સંગઠનો પર સીમી જેવો પ્રતીબંધ મુકવાની માગ કરી છે. આ મુદ્દો ઘણો ગંભીર છે પણ શું વડાપ્રધાનને કશી અકળામણ નથી થતી ?

ત્રણ ઉત્તરપુર્વીય રાજ્યો - મેઘાલય, મીઝોરમ અને નાગાલેન્ડમાં આગામી વર્ષે વીધાનસભાની ચુંટણીઓ યોજાશે. ત્યાં ખ્રીસ્તીઓની બહુમતી છે. એટલે ભારતીય જનતા પાર્ટીએ સ્પષ્ટતા કરી છે કે અહીં કોઈ કાળે બીફ પર પ્રતીબંધ નહીં લદાય. સવાલ યેનકેન પ્રકારેણ ચુંટણીઓ જીતવાનો છે એટલે ભાજપના બેવડાં કાટલા જોવા મળે છે. ગૌમાંસ પ્રતીબંધનો મુદ્દો દીવસે દીવસે ગંભીર સ્વરુપ ધારણ કરી રહ્યો છે... યુપીએ શાસન વખતે તો વડાપ્રધાન 'પીન્ક રીવોલ્યુશન' મુદ્દે ગર્જના કરતા હતા, હવે કેમ ખામોશ છે ? શું વડાપ્રધાનને કશી અકળામણ નથી થતી ?

## સીરીયસ થતો જતો સીરીયાનો મામલો...

સવારે છાપું ખોલીએ અને દીલને તસલ્લી થાય એવા સમાચાર ભાગ્યે જ વાંચવા મળે છે... સીરીયામાં હવે અમેરીકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ જગત જમાદારની ભુમીકા ભજવવા

માટે તલપાપડ થઈ રહ્યા છે. ચોથી એપ્રીલે સીરીયાની બશર અલ અસદની સરકારના હવાઈદળે વીદ્રોહીઓના કબજા હેઠળના વીસ્તારમાં મસ્ટર્ડ ગેસ તરીકે ઓળખાતા અત્યંત ઘાતક રાસાયણીક શસ્ત્રનો મારો ચલાવ્યો. માસુમ બાળકો સહીત લાશોનો ખડકલો જોઈને ભલભલાં સંગદીલ પણ હચમચી જાય... જવાબ રુપે ટ્રમ્પે સીરીયા પર ધડાધડ 60 ટોમહૉક મીસાઈલ્સનો મારો ચલાવ્યો ! બંને પક્ષે માનવતા વીરોધી કુકૃત્ય કર્યું છે. અમેરીકા અને રશીયાને પારકી ભુમી પર લડવાની હંમેશ ચળ ઉપડે છે... એમાં ખો તો નીકળે છે નીર્દોષ નાગરીકોનો... યુનો તો નામનું જ છે, વીશ્વયુદ્ધની કગાર પર આપણે પહોંચી ગયા છીએ !

**'ક્લીન ચીટ' – 'ક્લીન ચીટ'ની રસપ્રદ રમત...**

ગુજરાતના મુખ્યમંત્રી પદે નરેન્દ્ર મોદી હતા ત્યારના કથીત કૌભાંડોના મુદ્દે જસ્ટીસ એમ. બી. શાહ પંચનો રીપોર્ટ જાહેર કરવાની માગણી કોંગ્રેસ પક્ષ દ્વારા થતી હતી. એપ્રીલની શરુઆતમાં એવું જાહેર કરવામાં આવ્યું કે એમ. બી. શાહ તપાસ પંચે સરકારને ક્લીન ચીટ આપી છે. આ અંગે પુર્વ મુખ્યમંત્રી સુરેશભાઈ મહેતાએ ઘણાં સવાલો ઉઠાવ્યાં છે. કોંગ્રેસે ભાજપ સરકાર સામે ભ્રષ્ટાચારના આક્ષેપો સાથે રાષ્ટ્રપતીને 17 મુદ્દાનું આવેદનપત્ર સુપરત કર્યું હતું; આ સમગ્ર કૌભાંડની વીગતો મેળવવા સુરેશભાઈએ જુદા જુદા વીભાગોમાં 100 આરટીઆઈ કરીને માહીતી એકત્ર કરી હોવાનું જાણવા મળે છે. ભાજપ સરકારે વીધાનસભાના છેલ્લા દીવસે શાહ કમીશનનો 20 વોલ્યુમનો અંગ્રેજીમાં રીપોર્ટ ગૃહમાં રજુ કર્યો હતો. સુરેશભાઈએ એવો આક્ષેપ કર્યો છે કે સરકારે દુધે ધોયેલાનો ડોળ કર્યો છે ત્યારે આ રીપોર્ટનું ગુજરાતી ભાષાંતર શા માટે કરાયું નથી, એટલું જ નહીં, રીપોર્ટની કોપીનું સ્કેનીંગ - ઝેરોક્ષ કરવા પર પણ પ્રતીબંધ મુકાયો છે. સારાંશની એક કોપી આધારે ક્લીન ચીટ મેળવી લીધાની હોહા કરી મુકાઈ છે. પંચે પુરાવા સાથે સાક્ષીઓને બોલાવ્યાં જ નથી. સુજલામ્ - સુફલામ્ અને ઈન્ડીગોલ્ડ રીફાઈનરીને જમીન આપવાના મામલે તત્કાલીન મહેસુલ મંત્રી તેમજ મુખ્યમંત્રીના કાર્યાલયોની દરમ્યાનગીરી ગંભીર મુદ્દો છે અને કરોડો રુપીયાનું કૌભાંડ આચરાયું હોવાના આક્ષેપો થયા છે. ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વીભાગે રાજ્યપાલ તેમજ કાયદા વીભાગને પણ અંધારામાં રાખીને રીપોર્ટ લીધો છે. ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશનની કામગીરી અંગે પણ 'કેગ'ના રીપોર્ટમાં ગંભીર નોંધ લેવાઈ છે. આ ત્રણેય મુદ્દે ક્લીન ચીટ અપાઈ હોવાનું કહેવું તે વાજબી નથી...

**પારદર્શીતા અને જવાબદેહીતા વગરનું 'સુશાસન' !**

**લોકપાલ**ની નીયુક્તીનો મુદ્દો સુપ્રીમ કોર્ટ સમક્ષ પેન્ડીંગ છે. અણ્ણા હઝારેના દબાણમાં આવીને અગાઉની યુપીએ સરકારે કાયદો બનાવ્યો હતો. 16મી જાન્યુઆરી 2014ના રોજ રાષ્ટ્રપતીએ તેના પર મંજુરીની મહોર મારી દીધી છે. હવે એક યા બીજા બહાને મોદી સરકાર પારોઠના પગલાં ભરી રહી છે. અણ્ણાના આંદોલનને પરદા પાછળ રહીને ભાજપે ટેકો આપ્યે રાખ્યો હતો. આ કાયદો બની ગયાને ત્રણ વરસ વીતી ગયા છે. પરંતુ લોકપાલ જેવી બંધારણીય સત્તાનો હસ્તક્ષેપ મોદી સરકાર પસંદ નથી કરતી. હવે બહાનું એવું કાઢ્યું છે કે લોકસભામાં માન્ય વીપક્ષ નેતા નથી તેથી પાંચ સભ્યોની કમીટી બની શકતી નથી. 1977માં સંસદના એક કાયદામાં સ્પષ્ટ કરાયું હતું કે, ગૃહમાં સૌથી મોટી વીપક્ષી પાર્ટીના નેતાને આ દરજ્જો આપી શકાય છે પણ કેન્દ્ર સરકારની નીયત ખોરી છે. ભ્રષ્ટાચારી રીતરસમો બહાર જ ન આવે તે માટે 'ન રહે બાંસ, ન બજે બાંસુરી' !

યુપીએ સરકારે **માહીતીનો અધીકાર** આપીને આમ નાગરીકને એક ઓજાર પુરું પાડેલું. એ ખરા અર્થમાં પ્રજાલક્ષી પગલું હતું. હવે મોદી સરકાર આરટીઆઈનો નવો મુસદ્દો તૈયાર કરાવે છે, જેમાં અરજદારનું અવસાન થવાના કીસ્સામાં તપાસ બંધ કરવાની જોગવાઈ કરાઈ છે. માહીતી માંગનાર લોકો પર 375 જેટલી હુમલાની ઘટનાઓ બની હતી. આમાંથી 56 ઘટનાઓ હત્યાની, 157 કેસો શારીરીક હુમલાના તથા 160 કરતાં પણ વધારે કેસો ધમકી કે સતામણીના હતા. જેમાંના કેટલાક કીસ્સાઓ આપઘાતમાં પરીણમ્યા હતા. અરજદારનું અવસાન થવાથી જે ભ્રષ્ટાચાર આચરાયેલો તેનું શું ? આ ખરડા સામે કર્મશીલોએ વાંધા રજુ કરવા જોઈએ. (ગુજરાત ટુડે : 5-4-2017)

સરકારે કોઈપણ ચર્ચા વગર **ફાઈનાન્સ બીલ**માં 40 જેટલાં સુધારા કર્યા તે અભુતપુર્વ બીના છે. વળી, ભારતીય લોકશાહી માટે પણ જોખમી બાબત છે. આ 'સુધારાઓ'માં રાજકીય ડોનેશનોમાંથી પારદર્શીતા દુર કરવી, એપેલેટ ટ્રીબ્યુનલની નીમણુકમાં હસ્તક્ષેપ, આવકવેરા રીટર્ન માટે આધારકાર્ડ ફરજીયાત બનાવવું વગેરે મુદ્દાઓ છે. રાજકીય પક્ષોને અનુકુળ અને સામાન્ય નાગરીક માટે પ્રતીકુળ એવા

આ સુધારાઓ અંગે થવો જોઈએ એટલો ઉહાપોહ થતો નથી. જે સુધારાની દરખાસ્ત કરી છે તેમાંથી મોટા ભાગનાને બંધારણના અનુચ્છેદ 110(1) સાથે કોઈ સંબંધ નથી. નીયમનકારી સંસ્થાઓમાં નીમણુકની પદ્ધતીમાં પણ સરકાર ફેરફાર કરી રહી છે એટલે એવી શંકા જાય છે કે મહત્ત્વની સંસ્થાઓમાં સરકાર એવા લોકોને ગોઠવશે કે જે સરકારની 'હા જી હા' કરે !

## હવે કેટલાક સમાચારો... ફટાફટ ! ફટાફટ !!

**• આસામની કન્યા નાહીદ આફરીનને લાખો સલામ ! ટીવી પર સંગીત સ્પર્ધામાં ભાગ લેવા સામે મૌલવીઓએ ફતવો બહાર પાડ્યો; 'લોકો મારી સાથે સાથે છે, હું નહીં ઝુકું' એવું કહીને એણે કાર્યક્રમમાં ભાગ લેવાનું ચાલુ રાખ્યું...**

**• પંજાબના મુખ્યમંત્રીએ કેટલીક નવી પહેલ કરી છે પરંતુ તેઓ કોંગ્રેસી હોવાથી મીડીયાએ જોઈએ એટલી બીરદાવી નથી. પંજાબમાં મંત્રીઓની કાર પર લાલબત્તી બંધ, કોઈ વીવીઆઈપી નહીં ! શરાબના 500થી વધુ ઠેકા બંધ. મોદી સરકાર લોકપાલ મુદ્દે પીછેહઠ કરે છે પણ અમરીન્દર સીંઘે કડક લોકપાલ બીલને મંજુરી આપી છે. નશાબંધીના કડક અમલ માટે એડીજી રેન્કના પોલીસ અધીકારીની નીગેહબાનીમાં ખાસ ટાસ્ક ફોર્સની રચના. મુખ્યમંત્રી કે કોઈપણ મંત્રી શીલાન્યાસ કે લોકાર્પણના કાર્યક્રમો કરીને પ્રસીદ્ધીભુખ નહીં સંતોષે. રૂ. 100 કરોડ ઉપરની યોજનામાં તક્તી પર કોઈ નેતાનાં નામ નહીં મુકાય. 'આપ કે પૈસે સે આપ કો સમર્પીત' એટલું જ લખાશે ! દર વર્ષે મંત્રી - ધારાસભ્યો પોતાની મીલકતોની જાહેરાત કરશે. શીક્ષણ વીભાગ પાસેથી રીપોર્ટ માગવામાં આવ્યો છે : સરકારી શાળાઓમાં નેતાઓ -અધીકારીઓના બાળકો ભણવા કેમ જતા નથી ? શીક્ષણ ગુણવત્તાવાળું કરો. એક વર્ષમાં સમાન શીક્ષણપ્રણાલી લવાશે...**

**• પાટણ જીલ્લાના વડાવલી ખાતે માર્ચના અંતભાગમાં મુસ્લીમો પર પુર્વ આયોજીત હુમલો કરાયો. વીદ્યાર્થીઓની સામાન્ય તકરારનું સમાધાન થઈ ગયેલું પણ પછી આજુબાજુના ગામોના ટોળાઓ તુટી પડ્યાં, વડાવલી ગામના લોકોએ ભાગ લીધો નથી. ઈબ્રાહીમખાનની હત્યા થઈ છે, અનેક ઘરો લુંટવામાં - બાળવામાં આવ્યા છે. કરોડો રુપીયાનું નુકસાન થયું છે. ભાજપના આગેવાન કાવતરાખોર હોવાની અને ટોળાશાહી આચર્યાની ફરીયાદ થઈ છે... ગુજરાતમાં ચુંટણીઓ આવી રહી છે. ભાજપ દ્વારા મતોના ધ્રુવીકરણની જુની અને જાણીતી ફોર્મ્યુલા અમલમાં મુકાઈ રહી છે. નીર્દોષ લોકો ભોગ બની રહ્યાં છે...**

## અખબારી આયનામાં ગુજરાતની ભાજપા સરકાર

• સીટીઝનનગર નામે વસાવાયેલા રમખાણ અસરગ્રસ્તોના નીવાસોમાં નથી પાણી, નથી સરકારી શાળા કે નથી હોસ્પીટલ ! રહેવાસીઓનો દર્દભર્યો સુર : અહીં રહેવું તેના કરતાં મરી ગયા હોત તો સારું. (ગુજરાત ટુડે : 1-3-2017)

• ભાજપ સરકારમાં લઘુમતીઓનાં કલ્યાણ માટેના રૂ. 65 કરોડ વપરાયા જ નહીં. (ગુજરાત ટુડે : 1-3-2017)

• સીટીઝન ફોર જસ્ટીસ એન્ડ પીસે જણાવ્યું છે કે, ગુજરાત સરકારનો 2002ના રમખાણ અંગે સત્તાવાર આંકડો 740 મુસ્લીમ અને 254 હીન્દુ માર્યા ગયાનો છે. પરંતુ આ આંકડો 1926 હોવો જોઈએ. સંસ્થા સંસદનો રેકર્ડ સુધરાવવાનો પ્રયત્ન કરશે. (ગુજરાત ટુડે : 1- 3-2017)

• મેટ્રો-લીંક એક્સપ્રેસ ફોર અમદાવાદ એન્ડ ગાંધીનગર મેગા કંપનીના વીધાનસભામાં વર્ષ 2015-16ના વર્ષના રીપોર્ટમાં રૂ. 115.84 કરોડની સંભવીત છેતરપીંડી. તેને ખોટ તરીકે જાહેર કરીને તે માટેની જોગવાઈ કરવા 'કેગ'ની ટીપ્પણી. (નવગુજરાત સમય : 2-3- 2017)

• 2016 : Year of pain for Gujarat Dalits : છેલ્લા 16 વર્ષમાં સૌથી વધુ અત્યાચારો ગુજારાયા : બળાત્કાર-80, હત્યા-32, અત્યાચારો 1353. (ટાઈમ્સ : 2-3- 2017)

• બેંગ્લોર સ્થીત એનજીઓના સર્વે મુજબ રહેવાલાયક શહેરોની યાદીમાં તીરુવનંતપુરમ્ પ્રથમ ક્રમે. અમદાવાદ છેક 14મા ક્રમે અને સુરત 16મા ક્રમે. (ગુજરાત ટુડે : 4-3-2017)

• ગતીશીલ ગુજરાતની અસલીયત : વર્ષ 2017-18માં રૂ. 33,000 કરોડ જાહેર દેવું થશે. દેવાના માસીક વ્યાજ પેટે રૂ. 1455 કરોડ (રોજના રૂ. 52.98 કરોડ) ચુકવવાના રહેશે. (ગુજરાત સમાચાર : 6-3-2017)

• એસ.ટી. બસોના 4000થી વધુ રુટ કેન્સલ; હજારો લોકો હેરાન થશે. ભાજપના સમારોહમાં 1,665 એસટી બસો મફતમાં દોડાવાશે. લોકોને ફુડ પેકેટ અપાશે. ધુળેટી ઉજવવા જવા માગતા ગરીબ ખેતમજુરોને ગામે જવા બસો નહીં મળે. (ગુજરાત સમાચાર : 6-3-2017)

• રાજ્ય માટે મહત્ત્વના એવા કૃષી અને ઉર્જા વીભાગના સચીવાલયમાં ત્રીજા ભાગની જગ્યાઓ ખાલી. (ગુજરાત ટુડે : 6-3-2017)

• સંરક્ષણ દળ - કોસ્ટ ગાર્ડને કચ્છમાં રૂ. 3,858 રુપીયે મીટર જમીન આપી જ્યારે અદાણીને રૂ. 1થી રૂ. 32ના ભાવે 7,43,86,000 ચોમી જમીનની લહાણી. (ગુજરાત સમાચાર : 7-3- 2017)

• ભાજપ સરકારે મોંઘી સોલર વીજળી ખરીદી ખાનગી ઉત્પાદકોને માલામાલ કરી દીધા. અન્ય રાજ્યોમાં સોલર ઉર્જાનો પ્રતી યુનીટ રૂ. 5નો ભાવ જ્યારે સરકારે રૂ. 15ના ભાવે 1645 મી. યુનીટ વીજળી ખરીદી. (ગુજરાત સમાચાર : 8-3-2017)

• મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં ભાજપની સરકાર છતાં નર્મદા યોજનાનાં લેણાં મળતાં નથી. યોજના માટે કેન્દ્ર પાસે રૂ. 5784 કરોડ માગ્યાને મળ્યા રૂ. 2572 કરોડ ! (નવગુજરાત સમય : 10-3-2017)

• અમદાવાદના વીકાસ માટે ફાળવેલી ગ્રાન્ટમાંથી રૂ. 517 કરોડ ન વાપર્યા. (નવગુજરાત સમય : 10-3-2017) ❑

# હાથ કામ માંગ રહા હૈ...

**સાગર રબારી**

લોકો કહે છે વીકાસ થઈ રહ્યો છે. કોઈ કહે વધુ ને વધુ એફ.ડી.આઈ. આવી રહ્યું છે. કોઈ કહે છે સેન્સેક્સ વધી રહ્યો છે. કોઈક કહે છે ‘દેશ બદલ રહા હૈ’. હશે ! બહુ સારું. આટલું બધું એકસાથે થઈ રહ્યું હોય તો પછી શહેરનાં કડીયા નાકે, કહેતાં દાડીયા નાકે ભીડ કેમ વધી રહી છે ? અમદાવાદનું અખબારનગર સર્કલ હોય, જનતાનગર હોય, કે સુરત શહેરની લલીતા ચોકડી હોય, રોજ સવારે હજારોની સંખ્યામાં સ્ત્રી-પુરુષો ઉમટી પડે છે; પેટનો ખાડો પુરવા જેટલું કામ મળી રહે એટલા વાસ્તે જ તો ! જાણકારો કહે છે કે ત્યાં આવનારાં બધાંને આખા મહીનામાં માંડ 10-15 દીવસ કામે લઈ જનારા મળે છે. બાકીના દીવસો કોઈ કામે લઈ જનારા આવી ચડશે તો પોતે ચુકી ના જાય તેટલા વાસ્તે ઝુરી ઝુરીને પાછા જાય છે. ‘દેશ બદલ રહા હૈ’ તો પછી ચારે દીશ ચકરાતી, કામ આપનારા શોધતી, ઝુરતી હજારો નજરોની ભીડ ઘટવાને બદલે વધતી કેમ જાય છે ?

સુશીક્ષીત વર્કફોર્સ કહેતાં ઉચ્ચ શીક્ષણ પ્રાપ્ત ભણેલા-ગણેલાની દશા તો અખબારી અહેવાલો આથીયે વીકરાળ દર્શાવે છે. છાપાં કહે છે, આગામી દીવસોમાં સ્ટેટ બેંક ઓફ ઈંડીયા 27,000 કર્મચારીઓ છુટા કરશે ! ગુજરાતમાં 80 ટકાથી વધારે એન્જીનીયરો બેરોજગાર છે ! કૃત્રીમ બુદ્ધી (artificial intelligence)ને કારણે આગામી બે વર્ષમાં 6.5 લાખ કોમ્પ્યુટર એન્જીનીયરો ચાલુ નોકરીઓમાંથી ફારેગ થાશે. Standard Chartard 10 ટકા સ્ટાફ છુટો કરવાનું કહે છે. L & T કંપનીએ 14,000 કર્મચારીઓ છેલ્લા છ મહીનામાં છુટા કર્યા તો એની જ બીજી કંપની L & T Finance Holdingએ 550 કર્મચારીઓને છુટા થવા કહી દીધું છે. ઓનલાઈન માર્કેટીંગ કંપની Ebayએ એના બેંગ્લોર ઓફીસના 30 ટકા સ્ટાફને છુટો કરવાની જાહેરાત, અમેરીકન પ્રમુખની ચુંટણીના પરીણામના દીવસે જ કરી દીધી. હવે કામ સીલીકોન વેલી, અમેરીકા ખસેડશે ! Infosys એ 500 કર્મચારીઓનું પરફોર્મન્સ બરાબર ના હોવાનું કારણ આગળ ધરી છુટા કર્યા. એવી જ રીતે Grofersએ 10 ટકા સ્ટાફ છુટો કરવાની અને યુનીવર્સીટીમાં જ સીધી ઓફર કરાતી 67 નોકરીઓ રદ કરી છે. એવી જ રીતે ઈ-કોમર્સ Askme કંપનીએ કામ બંધ કર્યું તેથી 4000 લોકો બેરોજગાર થયા ! રીયલ એસ્ટેટ કંપની Commonfloorએ 150 લોકોને છુટા કર્યા. અગાઉ વીપ્રોએ 4500 કર્મચારી છુટા કર્યાના સમાચારો હતા. જાણે કે કર્મચારીઓને છુટા કરવાની હોડ લાગી છે !

આ છુટા થનારા ઓછું ભણેલા, અર્ધશીક્ષીત ગામઠી મજુરો નથી; આ એવા લોકોને છે જે ખેડુતોને વીકાસ માટે ભોગ આપવાની સલાહ આપનારા ઉચ્ચ શીક્ષીત, મોંઘું ભણતર પામેલા પહોંચતા પરીવારોમાંથી આવેલા છે. હવે વીકાસ એમનો ભોગ લઈ રહ્યો છે ત્યારે કોઈએ હરખાવા જેવું નથી, આવતી કાલની ચીંતા કરવાની જરુર છે.

બીજી તરફ સરકારો અને સરકારી અર્થશાસ્ત્રીઓ કહે છે કે ખેતીમાં જરુર કરતાં વધારે માણસો રોકાયેલા છે તેથી ખેતી પોસાતી નથી, ખેતી પરનું ભારણ ઘટાડવું પડશે. સાદી ભાષામાં કહીએ તો ખેતીમાં રોટલો રળી ખાતા માણસોને ખસેડીને, કહો પરાણે કાઢીને શહેરનાં કડીયા નાકાં કહેતાં દાડીયા બજારે રોજી શોધતા - ભટકતા કરવા પડશે. પછી ભલેને મહીનામાં 15-20 દીવસ બેકાર જ રહે ! એ ક્યાં સરકારી અર્થશાસ્ત્રીઓ પાસે ખાવા માગવા જાય છે ? 1951માં દેશમાં ખેતીમાં 10 કરોડ લોકો રોજગાર મેળવતા હતા તે 2011માં વધીને 26 કરોડે પહોંચ્યા છે, ભલે કુલ રોજગારમાં એની ટકાવારી 2012માં 52.2 ટકા હતી તે 2015માં ઘટીને 45.7 ટકા થઈ હોય, રોજગારી આપતું સૌથી મોટું ક્ષેત્ર તો ખેતી જ છે. આ આંકડાઓ એટલું તો ચોક્કસ કહે છે કે ખેતી કોઈને પેટીયું રળવાની ના નથી પાડતી !

ભલે કોઈને રોટલો રળવાની ખેતી ના ન પાડતી હોય પરંતુ આપણે એની ઉપેક્ષા કરવામાં જરાય પાછી પાની નથી કરતા. જે સૌને પોષે છે; એને જ મારવા આપણી સરકારો અને સરકારી અર્થશાસ્ત્રીઓ કટીબદ્ધ છે. ખેતીમાં 2014 સુધી-છેલ્લા એક દાયકાથી 14 ટકાના દરે આવક વધતી હતી તે છેલ્લાં બે વરસમાં 5 ટકાની નીચે આવી ગઈ છે. બીજી તરફ Socio-Economic Caste Census કહે છે કે ગ્રામીણ ભારતમાં માત્ર 3.5 ટકા લોકો (માત્ર 60 લાખ) પાસે માસીક પગાર આપતી ખાનગી

*હવે વીકાસ એમનો ભોગ લઈ રહ્યો છે ત્યારે કોઈએ હરખાવા જેવું નથી, આવતી કાલની ચીંતા કરવાની જરુર છે.*

નોકરીઓ છે ! દર વરસે રોજગારી શોધવા આવતા 10-12 મીલીયન (1 કરોડથી 1.20 કરોડ) યુવાનો ઉપરાંત ખેતીમાંથી દર વરસે 60-70 લાખ લોકો ફારેગ થાય છે તેમને ક્યાં, શું કામ આપવું એ સવાલ છે. ગ્રામીણ ભારતમાં માસીક પગાર આપતા રોજગારમાં 2/3 હીસ્સો સરકારી અથવા સરકારી સંસ્થાઓ દ્વારા અપાતી નોકરીઓનો છે. એટલે જ તો ગુજરાતમાં પાટીદારો, હરીયાણા - ઉત્તરપ્રદેશમાં જાટો, રાજસ્થાનમાં ગુજ્જરો અને મહારાષ્ટ્રમાં મરાઠાઓ સરકારી નોકરીઓમાં અનામત માગે છે. આમ, નવા આવતા અને વીકાસને નામે થતી ખેતીની ઉપેક્ષાથી ફારેગ થતા મળી વરસે 1.5 થી 2 કરોડ લોકોને કોણ કામ આપશે ? ઉદ્યોગગૃહો આ બધાને સમાવી લેશે એવો તો સવાલ જ નથી, એમનો ભરોસો પણ ના કરાય. સરકાર વીકાસનો કયો રસ્તો અપનાવે તો કામ આપી શકે એ સૌથી મોટી મુંઝવણ છે.

હરી ફરી ને વીદ્વાન સરકારી અર્થશાસ્ત્રીઓ અહીં જ અટવાઈને પાછા ખેતર ભણી વળે છે. કહે છે, ખેતીમાંથી ફારેગ થતા લોકોને તાલીમ આપી ખેત પેદાશોના ક્વોલીટી વેલ્યુ એડીશનના કામમાં જોતરી શકાય તો રોજગારીનો સવાલ હળવો થાય. ખેત ઉત્પાદનોના ક્વોલીટી વેલ્યુ એડીશન થકી રોજગાર વધે અને નીકાસ કરીએ તો આવક પણ વધે. પહેલાં વીકાસને નામે પડતર વેચ્યાં, ગૌચર વેચ્યાં, ખરાબા વેચ્યાને ખેતીની જમીનેય વેચી, અરે ! નદીઓનાં પાણી સુધ્ધાં વેચ્યાં, ભવીષ્યનો કોઈ વીચાર જ ના કર્યો - આને કહેવાય સરકારી અર્થશાસ્ત્રી.

સમસ્યા વીકાસ દર, જીડીપી, એફડીઆઈ કે આવકનો પછી છે; પહેલાં તો જે હાથ કામ માગે છે એમને કામ આપો. દાડીયા નાકે ઉભેલા સ્ત્રી-પુરુષોની નજરો સાફ સાફ કહે છે - 'મેરા હાથ કામ માંગ રહા હૈ.' એમની વીંધતી નજરોની માગણી ખોટી તો નથી ને ?

❑

## શીખ રાજા રણજીતસીંહે કહ્યું હતું : સબ લાલ હો જાયેગા ! હવે :

# સબ સૅફ્રન હો જાયેગા ?

**યશવન્ત મહેતા**

દેશનાં પાંચ રાજ્યોની વીધાનસભાઓ માટે ફેબ્રુઆરી-માર્ચ, 2017માં યોજાયેલી ચુંટણીઓ અને 11 માર્ચને દીવસે આવેલાં પરીણામો વીશે માધ્યમોમાં ખુબ હોહા થઈ, ચર્ચાઓ થઈ. ટીવીની સમાચાર ચેનલો તો ગત એકાદ માસથી આ પાંચ ચુંટણીઓ સીવાયના જગતને જ જાણે ભુલી ગઈ હતી, અને તા. 11 તથા 12 માર્ચ તો ચોવીસે કલાક આનાં પરીણામ જ છવાયેલાં રહ્યાં. એટલું જ નહીં, અન્ય ચાર રાજ્યો જાણે નગણ્ય હોય એમ ઉત્તર પ્રદેશ (ઉ.પ્ર.)ની જ વાતો ચાલ્યા કરી. અન્ય રાજ્યોના અછડતા ઉલ્લેખ થયા ખરા; પરંતુ ઉ.પ્ર. જ જાણે સમગ્ર રાષ્ટ્રજીવનના કેન્દ્રમાં હોય એમ એનાં જ લેખાંજોખાં લેવાતાં રહ્યાં.

આ પાંચ રાજ્યોની વીધાનસભાઓ માટેની ચુંટણીઓ અગત્યની પ્રાસંગીક ઘટના હોવાથી અહીં આપણે એને વીશે થોડુંક સહચીંતન કરીશું, પરંતુ એની શરુઆત બે આંકડાથી કરીશું : 2012ની ઉ.પ્ર. વીધાનસભા માટેની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપા)ને 47 બેઠકો મળી હતી, અને 2017ની ઉ.પ્ર. વીધાનસભા માટેની ચુંટણીમાં સમાજવાદી પાર્ટી (સ.મા.)ને 47 બેઠકો મળી છે.

47-47ના આ બે આંકડા ભારતીય ચુંટણીઓ, ભારતીય જનતા અને ભારતીય લોકશાહી વીશે ઘણું ઘણું કહી જાય છે; પરંતુ આ બે આંકડાનો સૌથી મોટો સંદેશ હોય તો એ છે કે ગઈ કાલે 47 બેઠકો મેળવનાર આજે 312 બેઠકો જરુર મેળવે, પરંતુ આવતી કાલે વળી એને ફાળે 47 બેઠકો આવી શકે છે. જે સપાને આજે 47 બેઠકો મળી છે એને જ 2007માં અને 2012માં બસો ઉપરાંત બેઠકો મળી જ હતી, અને 2022માં વળી એટલી બેઠકો એને નહીં જ મળે એની કોઈ ગેરન્ટી નથી. ભારતીય મતદાર અને ખાસ કરીને ગરીબ ઉત્તર પ્રદેશનો મતદાર હજુ એટલો પરીપક્વ નથી બન્યો કે તાત્કાલીક આવેશને વશ ન થઈ જાય. યાદ રાખવા જેવું છે કે આ જ ઉત્તર પ્રદેશનો ભોળો મતદાર 1985-86થી શરુ થયેલા બાબરી મસ્જીદ - રામમંદીર આંદોલનથી એવો પ્રભાવીત થઈ ગયો હતો કે એણે ભાજપાને ત્રણસો ઉપરાંત બેઠકો આપી હતી. પરંતુ પછી લગભગ 27 વર્ષ સુધી એ મતદાર ભાજપાને ઉવેખતો હતો. 2014ની લોકસભા માટેની ચુંટણીઓથી આ મતદાર વળી ભાજપા ભણી ઢળ્યો છે; પરંતુ એ ઝુકાવ ક્યાં સુધી રહેશે એ જોવાનું રહેશે, પરંતુ આ ચુંટણીઓના કોઈપણ વીશ્લેષણ વેળા 47-47ના પેલા આંકડા ધ્યાનમાં રાખવાની બહુ જરુર છે. અમે જોઈ રહ્યા છીએ

કે 11 માર્ચ અને એક પછીની ચર્ચાઓમાં આ આંકડા જવલ્લે જ કોઈ સરખામણીની દૃષ્ટીએ ટાંકે છે. લગભગ સૌ ઉ.પ્ર.માં આવેલી વોટ-સુનામીમાં તણાઈ ગયા છે !

અલબત્ત, લોકશાહીમાં આવી ઉથલપાથલ કે અવળસવળ થતી જ રહે છે, એ જણાવવાથી વીશેષ આ આંકડા વડે કશું કહેવાનું નથી. અખબારો અને ખાસ કરીને કટ્ટર સ્પર્ધાના યુગમાં જીવતી ટીવી ચેનલો તો જેનો સીતારો તેજ હોય એનાં જ ગુણગાન કરે એ સ્વાભાવીક છે. કહેવત છે ને કે જેની વેલે બેઠાં હોઈએ એનાં લગ્નગીત ગાવાનાં હોય એટલે જ એન.ડી.ટી.વી.ના એક એન્કર પર્સન રવીશકુમારે ભાજપની ઉ.પ્ર. જીત માટે કંઈ કેટલાંય વીશેષણ સુચવ્યાં હતાં : અદ્‌ભુત, ગ્રેટ માઈન્ડ બ્લોઈંગ, ઐતીહાસીક, વગેરે. તટસ્થતાનો તકાજો એ છે કે પંજાબમાં 117 બેઠકોમાંથી 77 પર કોંગ્રેસે જીત મેળવી એને ઐતીહાસીક ગણીને કોઈકે બીરદાવવી જોઈએ. પરંતુ એમ નથી થયું.

ના, ભાજપાની ઉ.પ્ર. જીત નાનીસુની નથી. ઉ.પ્ર.નું મહત્ત્વ અનેક રીતે છે. એ દેશના કેન્દ્રમાં છે. એની વસતી 20 કરોડ જેટલી એટલે દેશની વસતીના 15 ટકા જેટલી છે. એની વીધાનસભાની બેઠકો પણ આ વેળા જેમની વીધાનસભાઓ માટે ચુંટણી યોજાયેલી તે અન્ય ચાર રાજ્યોની કુલ બેઠકો (117 + 70 + 60 + 40 = 287) કરતાં ઘણી વધારે (403) છે. એટલે એ રાજ્યની જીત પ્રમાણમાં મહત્ત્વની ગણાય. જે પાંચ રાજ્યોમાં ચુંટણી યોજાઈ એમની કુલ વીધાનસભા બેઠકો 690 છે. એમાંથી ભાજપાએ 406 પર જીત મેળવી. આ જીત ઘણી મોટી છે. એ જીત મેળવનારની પ્રશંસા થવી જ જોઈએ; પરંતુ એ પણ વીસરવું ન જોઈએ કે ઉ.પ્ર. અને ઉત્તરાખંડ સીવાયનાં રાજ્યોમાં ભાજપાને બહુમતી મળી નથી અને પંજાબમાં તો એને 117માંથી માત્ર 3 (ત્રણ) બેઠક મળી છે.

ઉ.પ્ર.માં અને ઉત્તરાખંડમાં ભાજપાને કેટલી મોટી જીત મળી અને શાથી, એ વીશે ટીવી ચેનલોમાં અને અખબારોમાં એટલી બધી ચર્ચાઓ, દલીલો, કારણો અને વીશ્લેષણો આવી ગયાં છે કે અહીં એમનું પુનરાવર્તન કરવું જરુરી નથી. એની જીતમાં મોટામાં મોટો ફાળો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને એની વીચારસરણીનો છે. 1925માં આ સંઘની સ્થાપના થઈ ત્યારથી ધર્મ, ઈતીહાસ, સંસ્કૃતી, ભાષા, ગાય, સામાજીક સંબંધો વગેરે વીશે જે વીચારો અને દૃઢ માન્યતાઓ ફેલાવવામાં આવ્યાં છે એમણે 1992થી ફળ આપવા માંડ્યાં છે. એ વીચારો અને માન્યતાઓનું આકર્ષણ એટલું બધું છે અને પ્રભાવ એટલો છે કે એ અગાઉના જે લીબરલ વીચારો હતા એ પાછા પડતા જાય છે. કહેવાય છે કે ઓગણીસમી સદીના બીજા-ત્રીજા દાયકામાં પંજાબના રાજા રણજીતસીંહે એ સમયના હીન્દના નકશા પર ઝડપથી ફેલાઈ રહેલા બ્રીટીશ શાસનના લાલ રંગને જોઈને આગાહી કરેલી કે 'સબ લાલ હો જાયેગા !' અને 1858 સુધીમાં સીંગાપુરથી એડન અને લંકાથી બલુચીસ્તાન સુધી બધું લાલ થઈ ગયું હતું. આજે જ્યારે ભારતની 61 ટકા વસતી ધરાવતાં રાજ્યોમાં ભાજપા શાસક પક્ષ છે (અને જુની બીચારી કોંગ્રેસ માંડ આઠ ટકામાં સંકોડાઈ ગઈ છે) ત્યારે જરુર આગાહી કરી શકાય કે સબ કેસરી હો જાયેગા ! સબ સેફ્રન હો જાયેગા !

તો આવતાં વર્ષોનું શું ?

કેસરી રંગ શાશ્વત બનશે ? ભાજપાને કોઈ પડકારી નહીં શકે ? કોઈ હરાવી નહીં શકે ?

આવા પ્રશ્નો થતાં જ અને કોંગ્રેસ પક્ષ માત્ર આઠેક ટકા વસતી ધરાવતાં રાજ્યોમાં શાસનધુરા સંભાળે છે એ ઉલ્લેખ થતાં જ કોંગ્રેસ ભણી ધ્યાન જાય છે. જો 'કોંગ્રેસ' શબ્દનો જ ઉલ્લેખ કરીએ તો એ વીરાટ આંદોલન સ્મૃતીમાં આવે કે જેણે દેશની આઝાદી માટે મહત્તમ સંઘર્ષ કર્યો હતો. પરંતુ એ કોંગ્રેસ તો 1947થી ખતમ થઈ ગઈ. એ એક આંદોલન મટીને રાજકીય સત્તા (અને એ દ્વારા મળતા લાભ) મેળવવા મથનાર સંગઠન બની ગઈ. પોતે જ કેમ કરીને બધી ચુંટણીઓ જીતવી અને અન્યોને હરાવવા એ એક ઉદ્દેશ બની ગયો. ખેર, એ પછી પણ પ્રથમ અઢારેક વર્ષ પંડીત જવાહરલાલ નહેરુની આગેવાની હેઠળ કોંગ્રેસ ઉદારમતવાદી ડાબેરી સંગઠન રહી. પરંતુ એ પછી તરત જ અને 1975 પછી તો ખાસ એણે ઉદારમતવાદી ડાબેરી સ્વરુપ એટલે કે બહુજન સુખલક્ષી સ્વરુપ ગુમાવીને સત્તાની મેનેજમેન્ટ કરનાર સંગઠનનું સ્વરુપ વીકસાવ્યું. એની સૌથી વીશેષ સીધ્ધાન્તહીનતા (અને જમણેરી બળો સામેની કાયરતા) 1991થી, પી. વી. નરસીંહરાવ વડાપ્રધાન બન્યા ત્યારથી શરુ થઈ. સત્તા અને

*જો 'કોંગ્રેસ' શબ્દનો જ ઉલ્લેખ કરીએ તો એ વીરાટ આંદોલન સ્મૃતીમાં આવે કે જેણે દેશની આઝાદી માટે મહત્તમ સંઘર્ષ કર્યો હતો.*

માત્ર સત્તાની ધુનમાં એ સંગઠને જનતાના પ્રશ્નો, જનતાની પીડાઓ, વીખવાદો, બધાં તરફથી ધ્યાન હટાવી લીધું. ઉદારમતવાદી માનવવાદી વીચારોના શીક્ષણથી, કામદારોનાં હીતોની હીફાજતથી, સામાજીક સમરસતાની સાધનાથી આંખો ફેરવી લીધી. જ્યારે જ્યારે સત્તા મળી ત્યારે તેનો ઉપયોગ સીમીત સંખ્યાના સ્વાર્થ માટે થવા લાગ્યો. સમાજમાં વીઘટન તાકતાં તત્ત્વોની સામે થવાની નૈતીક હીંમત ગુમાવી દીધી. અને... અને સૌથી મોટી મર્યાદા તો એ આવી કે નહેરુ-ગાંધી પરીવારનો વંશપરંપરાનો અધીકાર સ્વીકારી લીધો.

આ છેલ્લી બાબત હવે તો બહુ સ્પષ્ટ બની ગઈ છે. નહેરુ-ગાંધી વંશનાં 'રાજમાતા' સોનીયા ગાંધીના સુપુત્ર હોવાની જ લાયકાતને કારણે રાહુલ ગાંધી આજે કોંગ્રેસના નંબર વન નેતા ગણાય છે; પરંતુ જેમણે શીસ્તના બંધનવશ એમની પ્રશંસા કરવી પડે એમને બાદ કરતાં કોઈપણ અન્ય દ્વારા એમના કોઈ કામ કે કોઈ શબ્દની સુધ્ધાં પ્રશંસા સાંભળવા મળી નથી. ઉલટાના એમના ઘણા શબ્દ તો એમને માટે અને એમના પક્ષને માટે હાંસીકારક કે ક્ષોભકારક બન્યા છે. દાખલા તરીકે એમનું એ વીધાન કે હું અમુક ભ્રષ્ટાચારની વીગતો જાહેર કરીશ તો ભુકંપ મચી જશે ! એ પોલા વીધાને માત્ર હાંસીનું બહાનું પુરું પાડ્યું.

આવું જ કોંગ્રેસના કેટલાય અન્ય નેતાઓ માટે કહી શકાય. એમની પાસે વંશવારસાની મુડી કે સંપત્તીની મુડી સીવાય સેવક અગર આંદોલનોની મુડી નથી. અરે, સુરજેવાલા કે મીસ શોભા ઓઝા જેવાં બે-ત્રણને બાદ કરતાં વાણીની પણ મુડી લગભગ કોઈ ધરાવતાં નથી. અભ્યાસ અને યાદશક્તીની કમી પણ કઠ્યા વગર રહેતી નથી. આજકાલની લોકશાહીમાં વાણીની પ્રભાવકતા બહુ મોટી વાત છે. એમાં પી.એલ. પુનીયા જેવા ભલે લાંબી કારકીર્દી ધરાવતા પરંતુ પ્રભાવક વ્યક્તીત્વ અને વાણી નહીં ધરાવતા પ્રવક્તાઓ ટીવી શ્રોતાઓને આકર્ષી ન શકે. જાહેર સભાઓમાં પણ આવા વક્તાઓ અસરકારક ઠરતા નથી.

સૌથી મોટી વાત જન-આંદોલનોની છે. ઘણા ઘણા લાંબા સમય સુધી શાસન કરવાથી / અને શાસનથી મળતા લાભોનો મેદ ચડવાથી કોંગ્રેસીઓ લોકહીતના લગભગ કોઈ જ કાર્યક્રમ આંદોલનોની કક્ષાએ હાથ ધરી શકતા નથી.

તાજેતરની ચુંટણીઓમાં એક અન્ય વાત ખાસ ધ્યાનમાં આવી. ભાજપાની નેતાગીરી કોંગ્રેસીઓને (અને અન્યોને) આરોપીના પાંજરામાં ખડા કરતી રહી અને એ બાપડાંઓ માત્ર બચાવ કરતા રહ્યા. ભાજપા કે એની નેતાગીરી કાંઈ દેવના દીકરા નથી. એમને પણ ઘેરવાના મુદ્દા હોઈ શકે છે અને છે. પરંતુ એ મુદ્દા ઉછાળવાની કાં તો આવડ નથી, કાં તો હીંમત નથી.

ત્યારે શું દેશભરમાં ભાજપાઈ શાસન શાશ્વત બની ગયું ? વીરોધપક્ષ અને ખાસ કરીને કોંગ્રેસ કાયમને માટે ખતમ ? 2019ની જ નહીં 2024, 2029, 2034ની લોકસભા ચુંટણીઓ માત્ર ભાજપા જ જીતશે ? એ શું લોકશાહી જીવનપધ્ધતી માટે ઈષ્ટ હશે ?

પણ ભાજપાને કાયમ માટે અપરાજેય માનવાની જરુર નથી. બહુ નજીકના ભુતકાળમાં બીહાર અને દીલ્હીએ આ સીધ્ધ કર્યું છે. જો પક્ષીય અને વીશેષ તો પારીવારીક સ્વાર્થ અને ઘમંડ છોડીને જનહીંતને સર્વોપરી ગણીને ઘણાં બળો ભેગાં થાય તો પરીસ્થીતી પલટાઈ શકે. દીલ્હી અને બીહાર અગાઉ, 1970ના દાયકામાં જનતા પ્રયોગ થયો હતો. એણે ઈન્દીરા ગાંધી જેવાં અતી વીરાટ આગેવાનને પણ હરાવ્યાં હતાં. એ પ્રયોગની ક્ષતીઓ યાદ કરીને સુધારીને બહોળા પટ પર (વાઈડ સ્પેક્ટ્રમ) સંગઠન રચાય તો ભલભલાને હરાવી શકાય. એ સંગઠન સાચા અને પ્રામાણીક અર્થમાં જનહીતલક્ષી, સંકુચીત સ્વાર્થથી મુક્ત અને સીદ્ધાન્ત-આધારીત હોવું જોઈએ. ફેબ્રુઆરી-માર્ચ, 2017માં ઉ.પ્ર.માં સપા અને કોંગ્રેસ વચ્ચે થયું એવું સગવડીયું લગ્ન હોવું નહીં જોઈએ. ફરી વાર કહીએ કે એ પ્રામાણીકપણે જનહીંતલક્ષી હોવું જોઈએ. વળી, એમનાં આગેવાનોએ સામંતયુગીન શાહજાદા અને શાહજાદીઓની જેમ પેશ આવવું ન જોઈએ.

અને એ સંગઠન જીવંત હોવું જોઈએ. એની નેતાગીરી જાગ્રત અને સાબદી હોવી જોઈએ. કોંગ્રેસ મેદસ્વી સંગઠનના ઉદાહરણરુપ બની રહી છે. તા.11 માર્ચ, 2017નાં પરીણામોમાં ગોવા અને મણીપુર બન્નેમાં ભગ્ન લોકચુકાદામાં કોંગ્રેસ પક્ષને સૌથી વધુ બેઠકો મળી હતી. બે-ત્રણ, બે-ત્રણ અન્યનો ટેકો લેવાથી બહુમત બનાવી શકાય. પરંતુ તા. 12 માર્ચની સાંજના સમાચાર જણાવે છે કે ભાજપાઈ નેતાગીરીએ ચુંટાયેલા કેટલાક અન્યોને ફટાફટ સાધી લઈને બહુમતી સાધી લીધી છે અને રાજ્યોના રાજ્યપાલો સમક્ષ સરકાર રચવાના દાવા પણ રજુ કરી દીધા છે !! કોંગ્રેસ અને એની કેન્દ્રીય નેતાગીરી આ સ્ફુર્તી દાખવી શક્યાં નથી.

કહેવત છે કે (દુરના કે નજીકના) ઈતીહાસમાંથી જે પાઠ ન શીખે તે પતન પામે છે.

[yeshwant.mehta.1938@gmail.com] ❑

## માધુકરી

# બેંકોની ખરાબ લોનો : જેટલીનું અર્ધસત્ય

**રમેશ શાહ**

દેશની બેંકો દ્વારા, મુખ્યત્વે સરકારની માલીકીની બેંકો દ્વારા અપાયેલી લોનોમાં ખરાબ લોનોનું ઉંચું અને વધી રહેલું પ્રમાણ એક ગંભીર સમસ્યા બની છે. દેશનાં અખબારોમાં વીજય માલ્યા દ્વારા બેંકોમાંથી લેવામાં આવેલી રૂ. નવેક હજાર કરોડની લોનોના સમાચાર ચમકતા રહે છે, પણ દેશમાં બીજા અનેક માલ્યાઓ છે જેમની પાસેથી સરકારી બેંકોએ ડીસે. '16માં રૂ. 6,14,872 કરોડ વસુલવાના બાકી હતા. આ એવી લોનો છે જેના પર કરજદારો વ્યાજ ચુકવતા નથી, મુદ્દલ ચુકવવાની તો અપેક્ષા જ નથી. અંગ્રેજીમાં તેને એનપીએ (નોન પર્ફોમીંગ એસેટ્સ) તરીકે વર્ણવવામાં આવે છે. બેંકોના ચોપડામાં તે સંપત્તી -એટલે બાકી લેણાં તરીકે બોલે છે, પણ આ એવી 'સંપત્તી' છે જેનું બજારમાં કેટલું મુલ્ય ઉપજે તે પ્રશ્ન છે. સરકારી બેંકોએ આપેલી કુલ લોનોમાં આ ખરાબ લોકોનું સરેરાશ પ્રમાણ ડીસે. '16માં 11 ટકા હતું પણ પાંચ સરકારી બેંકો દ્વારા અપાયેલી ખરાબ લોનોનું પ્રમાણ તો 15 ટકાથી વધારે છે.

લગભગ ત્રણ વર્ષથી શાસન કરી રહેલી મોદી સરકાર આ પ્રશ્ને સર્વથા નીષ્ક્રીય રહી છે. નાણાપ્રધાન જેટલી એવી દલીલ કર્યા કરે છે કે આ પ્રશ્ન એમને વારસામાં મળ્યો છે. વારસામાં મળેલા પ્રશ્નો ઉકેલવાની પોતાની સરકારની જવાબદારી નથી એમ જો મોદી સરકાર માનતી હોય તો તેને આવા અનેક પ્રશ્નો વારસામાં મળ્યા છે; દા.ત., કાશ્મીરમાં ચાલતી આતંકવાદી પ્રવૃત્તી, કાળા નાણાંનો પ્રશ્ન વગેરે. આ પ્રશ્નો ઉકેલવા 'સર્જીકલ સ્ટ્રાઈક' કરીને પ્રસીદ્ધી રળી લેનાર મોદી સરકાર બેંકોની ખરાબ લોનોના પ્રશ્ને નીષ્ક્રીય છે એ હકીકત ઘણું સુચવી જાય છે. એ જુદી વાત છે કે સર્જીકલ સ્ટ્રાઈક પછી જવાનોની શહીદી ચાલુ રહી છે અને નોટબંધીનો એકે ઘોષીત ઉદ્દેશ પાર પડ્યો નથી.

પણ જેટલીના દાવાને ચકાસવો પડે તેમ છે. મોદી સરકાર સત્તા પર આવી ત્યારે સરકારી બેંકોની ખરાબ લોનોનું પ્રમાણ પાંચ ટકા જેટલું હતું. ડીસે. '14માં બેંકોની ખરાબ લોનો રૂ. 2,61,843 કરોડની હતી. મોદી શાસનના બે વર્ષમાં ખરાબ લોનો વધીને ડીસે. '16માં રૂ. 6,14,872 કરોડ પર પહોંચી. આમ મોદી શાસનના બે વર્ષમાં ખરાબ લોનો બમણાથી અધીક થઈ છે. આ વધારો કેવળ લોનો પર નહીં ચુકવાયેલા વ્યાજને કારણે નથી થયો, મોદી શાસનમાં અપાયેલી કેટલીક લોનો ખરાબ થવાથી પણ થયો છે. મતલબ કે જેટલીએ એમને વારસામાં મળેલા ખરાબ લોનોના પ્રશ્નને વકરાવ્યો છે. રીઝર્વ બેંકના અભ્યાસ પ્રમાણે હજી ખરાબ લોનોનું પ્રમાણ વધતું જવાનું છે. માર્ચ '17માં એ પ્રમાણ વધીને 12.5 ટકા અને માર્ચ '18માં 12.9 ટકા થશે. આનો અર્થ એવો થાય કે હજી સરકારે આ પ્રશ્ન અંગે કોઈ પગલાં વીચાર્યાં નથી.

મોદી - જેટલીની આ નીષ્ક્રીયતા સમજવા જેવી છે. સરકાર એવી આશા રાખીને બેઠી હતી કે અર્થતંત્રમાં તેજી આવતાં કેટલીક લોનો પાછી આવશે અને બેંકોના નફામાં વધારો થતાં વધેલા નફાના કેટલાક ભાગોનો ઉપયોગ બેંકોની મુડી વધારવા માટે કરી શકાશે. ટુંકમાં કાંટાળા પ્રશ્નને સમય ઉપર છોડવાનો સલામત માર્ગ અપનાવ્યો. પણ તેથી કરીને આ સમસ્યા દુર થઈ નથી.

ખરાબ લોનોને કારણે બેંકોની ધીરાણ આપવાની ક્ષમતામાં ઘટાડો થયો છે. નોટબંધીને કારણે બેંકોની થાપણોમાં જે મોટો વધારો થયો છે એ એક સંક્રાંતીકાળની ઘટના છે. રોકડનાણું હાથ પર રાખવાની આપણા લોકોની આદત નોટબંધીને કારણે બદલાઈ ગઈ છે એમ માની લઈ શકાય નહીં. નવી નોટો પુરતા પ્રમાણમાં ચલણમાં મુકાય એ પછી જ લોકો તેમનાં કેટલાં નાણાં બેંકોમાં થાપણરુપે રાખે છે તે જોઈ શકાશે. મુદ્દો એ છે કે નોટબંધીને કારણે બેંકોની વધેલી થાપણો તેમની ધીરાણો આપવાની ક્ષમતામાં વધારો સુચવતી નથી. પણ પ્રશ્ન ધીરાણ આપનારાઓનો જ નથી, ધીરાણો માગનારાઓનો પણ છે.

વ્યાજનો દર ઘટવા છતાં બેંકોને ઝાઝા ધીરાણ માગનારાઓ મળતા નથી. એકબાજુ ભારતનું અર્થતંત્ર દુનીયામાં સહુથી ઉંચા દરે વૃદ્ધી પામી રહેલું અર્થતંત્ર હોવાનો દાવો કરવામાં આવે છે અને બીજી બાજુ, દેશનું ઉદ્યોગક્ષેત્ર (મેન્યુફેક્ચરીંગ) તેજીમાં આવે તેની પ્રતીક્ષા કરવામાં આવી રહી છે. મતલબ કે ઉદ્યોગોના ક્ષેત્રે મંદી જેવી હાલત પ્રવર્તે છે. બેંકોની ખરાબ લોનો પાછળનું એક કારણ ઉદ્યોગોના ક્ષેત્રે પ્રવર્તતી આ મંદી જેવી સ્થીતી છે. આ મંદીને કારણે કેટલીક કંપનીઓ તેમણે લીધેલી લોનોની ચુકવણી કરી શકતી નથી. ઉદ્યોગના ક્ષેત્રે પ્રવર્તતી મંદી જેવી સ્થીતીને કારણે ધીરાણો માટેની માંગ નીચી સપાટી પર રહે છે. ઉદ્યોગક્ષેત્રની આ સાપેક્ષ મંદી દુર ન થાય ત્યાં સુધી ખરાબ

લોનો વધવાનું વલણ પણ ચાલુ રહેશે. ખરાબ લોનો પાછળનું બીજું કારણ શાસકો દ્વારા અપાવવામાં આવતી લોનો છે, જે પાછી નથી આવવાની એ સમજ સાથે જ આપવામાં આવે છે.

પ્રશ્નની વીકટતા અનૈતીક ચાલના તરીકે વર્ણવવામાં આવતી સમસ્યામાં રહેલી છે. બેંકોની આ ખરાબ લોનોને માંડી વાળવામાં આવે તો બેંકોના અધીકારીઓને અપ્રામાણીકપણે કે પુરતી કાળજી રાખ્યા વીના લોનો આપવાનું અને લોનો લેનારાઓને અપ્રામાણીકપણે લોનો લેવાનું પ્રોત્સાહન મળે અને તેથી સમય જતાં ફરીથી ખરાબ લોનોની સમસ્યા ઉભી થાય. બીજી બાજુ, માલ્યાના કેસમાં કરવામાં આવ્યું તેમ બેંકના અધીકારીને અપ્રામાણીક વ્યવહાર માટે કેસ કરીને જેલમાં પુરવામાં આવ્યા એવું પગલું વ્યાપક રીતે ભરવામાં આવે તો બેંકોના અધીકારીઓ સો ગળણે ગાળીને પાણી પીતા થાય, મતલબ કે વધારે પડતી સાવધાની રાખીને ધીરાણો આપતા થાય. એની માઠી અસર ઉદ્યોગધંધાને અપાતાં ધીરાણોના પ્રવાહ પર પડે, જે ઈચ્છનીય નથી. ધીરાણો આપવા જેવી વેપારીવૃત્તીમાં સાચા નીર્ણયોની સાથે ભુલભરેલા નીર્ણયો પણ થાય તે સ્વીકારીને ચાલવું પડે. આયોજનનાં આરંભનાં વર્ષોમાં સરકારી સાહસોના સંચાલન માટે માર્ગદર્શન આપવા આવેલા અમેરીકી નીષ્ણાત એપલ્બીએ સરકારી સાહસોના સંચાલકોને ભુલો કરવાની છુટ આપવાની ભલામણ કરેલી. પણ અનૈતીક ચાલનાની ઉપર્યુક્ત સમસ્યાને કારણે સરકાર તેમ કરી શકે નહીં.

વેપારી - ઔદ્યોગીક સાહસો અનીવાર્ય ન હોય તો સરકારે હાથ ધરવાં જ નહીં એ આ સમસ્યાને ટાળવાનો ઉત્તમ ઈલાજ છે. નેહરુના નામ સાથે સંકળાયેલા આયોજનપંચને મોદીએ ત્વરાથી વીખેરી નાખીને પોતાની પીઠ થાબડી. પણ એ જ આયોજનના એક સમાજવાદી પગલારુપે બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું છે એનું ખાનગીકરણ કરીને બેંકોના વ્યવસાયમાંથી નીકળી જવાની રાજકીય ઈચ્છાશક્તી વડાપ્રધાને દાખવી નથી. એક બાજુ, સરકારી બેંકોનું ખાનગીકરણ કરીને બેંકોના દસ લાખ કર્મચારીઓનો રોષ વહોરવાની મોદી સરકારની રાજકીય તૈયારી નથી. બીજી બાજુ, સરકારી બેંકોના રાજકીય લાભો જતા કરવાની પણ તૈયારી નથી. મોદી સત્તા પર આવ્યા ત્યારે તેમની પાસેથી જે મોટા આર્થીક સુધારાની આશા રાખવામાં આવી હતી તે કેમ થતા નથી તેનો ખુલાસો આમાંથી સાંપડે છે.

[સૌજન્ય : '**બુદ્ધીપ્રકાશ**', માર્ચ 2017]

## ઝાકળનાં ટીપાંને મીટાવી દેવા માટે સુરજ આગ ઓકે ત્યારે...

**બીરેન કોઠારી**

*“એ 90 ટકા વીકલાંગ છે એને લઈને તેમની પ્રત્યે ઉદારતા દર્શાવવાનું કોઈ કારણ નથી. શારીરીક રીતે તે અપંગ હોઈ શકે, પણ માનસીક રીતે તદ્દન સ્વસ્થ, ‘થીન્ક ટેન્ક’ વૈચારીક કેન્દ્ર સમા છે. તેમજ કેટલાંય પ્રતીબંધીત સંગઠનોના ઉચ્ચ કક્ષાના અગ્રણી છે.”* આટલું વાંચીને એમ લાગે કે સંબંધીત વ્યક્તીની પ્રશંસા થઈ રહી છે. પણ આ ઉલ્લેખ ન્યાયમુર્તી એસ. એસ. શીંદેએ પોતાનો ચુકાદો સંભળાવતાં કરેલો છે. જેમને સંબોધીને આ ‘ગુણ’ વર્ણવવામાં આવ્યા તેમનું નામ છે પ્રો. જી. એન. સાઈબાબા અને તેમને જે સજા ફટકારવામાં આવી એ છે જન્મટીપની.

ગયા સપ્તાહે મહારાષ્ટ્રના ગડચીરોલી જીલ્લાના ન્યાયાલયમાં કુલ છ આરોપીઓને કેદની સજા ફરમાવવામાં આવી. તેમાંથી પ્રો. સાઈબાબા સહીત પાંચને જન્મટીપ અને છઠ્ઠા આરોપીને દસ વર્ષની સખ્ત મજુરી સાથેની કેદ થઈ. અનેક ગેરકાયદે પ્રવૃત્તીઓ આચરવાના તેમજ નક્સલવાદી પ્રવૃત્તીઓમાં સહાયરુપ તથા ઉશ્કેરણીરુપ ભુમીકા ભજવવાના તેમની પર આક્ષેપ છે. એ આક્ષેપને લગતી અનેક કલમો તેમની પર લગાવવામાં આવી છે. ચુકાદો સાંભળતાં જ પ્રો. સાઈબાબાનાં પત્ની વસંતાને પ્રચંડ આંચકો લાગ્યો હતો, કેમ કે તેમને આશા હતી કે પોતાના પતીનો આમાંથી નીર્દોષ છુટકારો થશે. તેમના જણાવ્યા મુજબ, ‘આ ચુકાદો સાંભળીને મારી આંખોમાંથી આંસુને બદલે અગ્ની વરસવા લાગી હતી.’ અલબત્ત, માનનીય ન્યાયમુર્તીએ ચુકાદો સંભળાવતાં વધુમાં જણાવ્યું હતું, ‘મારી દૃષ્ટીએ આ પાંચેય માટે જન્મટીપની સજા પણ પુરતી નથી. પણ અદાલતના હાથ કાનુન વડે બંધાયેલા હોવાથી તેમને માટે આજીવન કેદની સજા જ યોગ્ય છે.’

છેલ્લા ઘણા વરસોથી વ્હીલચેર પર રહેતા પ્રો. સાઈબાબાની આ ધરપકડ પહેલવહેલી વારની નથી. તેમની કારકીર્દી અને પ્રવૃત્તી જાણવા જેવી છે. 1990ના દાયકામાં આરક્ષણની ખુલ્લેઆમ તરફેણ દ્વારા પોતાના જાહેરજીવનનો તેમણે આરંભ કર્યો. ત્યાર પછી નક્સલવાદીઓના નામે આંધ્રપ્રદેશની પોલીસ દ્વારા થતી નીર્દોષોની હત્યા સામે તેમણે ઝુંબેશ ચલાવી. તેમના મોટા ભાગના સહયોગીઓની અજાણ્યા હુમલાખોરો દ્વારા હત્યા કરી દેવામાં આવી. પ્રો. સાઈબાબાના માનવા મુજબ એ હત્યાઓ રાજ્યપ્રેરીત હતી. તેમણે કહેલું, “દસ વર્ષના ગાળામાં મેં દસ કાર્યકરમીત્રો ગુમાવ્યા. તેમનો વાંક એટલો જ હતો કે નક્સલવાદના

નામે થતી આડેધડ હત્યાઓનો તેમણે વીરોધ કર્યો, અને જે નીર્દોષોની હત્યા થઈ એ સૌનાં શબની તેમણે દાવેદારી કરી, જેથી તેમને અંતીમ સંસ્કાર આપી શકાય. સરકારને આ રુચ્યું નહીં.”

2000ના દાયકામાં તેઓ દીલ્હી યુનીવર્સીટીની રામલાલ આનંદ કોલેજમાં અંગ્રેજીના પ્રાધ્યાપક તરીકે જોડાયા. અહીં પણ તેમની ‘શીક્ષણેતર પ્રવૃત્તી’ ચાલુ રહી. આદીવાસી વીસ્તારોમાં અર્ધલશ્કરી દળો દ્વારા થતાં આક્રમણોની સામે તેમણે ઝુંબેશ ઉપાડી. આવા પછાત વીસ્તારોમાં જંગી રોકાણકારોને આકર્ષી ને રાજ્યનો ‘વીકાસ’ કરવા માટે સ્થાનીકોને અવગણવા અને તેમને તગેડી મુકવા પડે. 2009માં તત્કાલીન કોંગ્રેસ સરકારે આ કાર્યવાહીનો આરંભ કર્યો, જેને પ્રસાર માધ્યમોએ ‘ઓપરેશન ગ્રીનહન્ટ’નું નામ આપ્યું. સરકારી રાહે આચરવામાં આવેલા એ જુલમોની અલાયદી ગાથા થાય. પ્રો. સાઈબાબા સમગ્ર મધ્ય ભારતના આદીવાસી પટ્ટાઓમાં ઘુમી વળ્યા હતા અને લોકસંપર્ક દ્વારા જાગૃતી લાવી રહ્યા હતા. અનેક ખનીજો તેમજ પ્રાકૃતીક સંપદાથી સભર આ વીસ્તારો પર શાસકવર્ગ કોઈ પણ ભોગે કબજો જમાવવા માંગતો હતો એમ સ્પષ્ટપણે દર્શાવતા અનેક પુરાવાઓ તેમણે એકત્ર કર્યા હતા. સાવ પાંચ વર્ષની વયથી કમરની નીચેનો ભાગ લકવાગ્રસ્ત હોવાથી તેઓ વ્હીલચેરનો ઉપયોગ કરે છે. આમ છતાં આ આદીવાસી વીસ્તારોમાં ફરવામાં તેમને ખાસ તકલીફ પડતી ન હતી. આદીવાસીઓ તેમને પોતાના ખભે બેસાડીને એક સ્થળેથી બીજે સ્થળે લઈ જતા. 2009થી 2012 દરમ્યાન આ ઓપરેશન તેની ચરમસીમાએ હતું ત્યારે પ્રો. સાઈબાબાએ અનેક લોકોને તેની વીરુદ્ધ એક મંચ પર એકત્રીત કર્યા.

તેમના જણાવ્યા મુજબ તેમની આ હરકતને કારણે અનેક રોકાણકારોએ આદીવાસી પટ્ટાઓમાંથી પોતાનાં રોકાણો પાછા ખેંચી લીધા. આને લઈને શાસકોની આંખમાં તેઓ કણાની જેમ ખુંચવા લાગ્યા. મે, 2014માં તેમની ધરપકડ કરી લેવામાં આવી. પોલીસના જણાવ્યા મુજબ સાઈબાબાના નીવાસસ્થાનેથી કમ્પ્યુટરની હાર્ડડીસ્ક, પેન ડ્રાઈવ તેમજ કેટલાક દસ્તાવેજો મળી આવ્યા. આ વીશીષ્ટ કીસ્સામાં અદાલતે સાઈબાબાના નીવાસસ્થાનેથી મળી આવેલા ‘મજબુત ઈલેક્ટ્રોનીક પુરાવાઓ’ને ધ્યાનમાં લીધા. બચાવ પક્ષની તમામ દલીલોની સામે અદાલતે સજ્જડ રીતે એ પુરાવાની અધીકૃતતા અને ગંભીરતા દર્શાવી. વીશેષ સરકારી વકીલ પ્રશાંત સત્યનાથને આ ચુકાદાને આવકારતાં કહ્યું, ‘આ પ્રકારનો સંભવત: સૌ પ્રથમ કેસ હશે કે જેમાં મુખ્યત્વે ઈલેક્ટ્રોનીક સ્વરુપે રહેલા પુરાવાઓને આધારે કાર્યવાહી ચલાવીને ચુકાદો આપવામાં આવ્યો હોય.’ આ પુરાવાઓમાં પ્રો. સાઈબાબાના જપ્ત કરાયેલા કમ્પ્યુટરમાં રહેલા કેટલાક પત્રોને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. કેટલાક પત્રો તેમના પોતાના નામે લખાયેલા છે. આ પત્રોમાં તેમણે પોતાની દીકરીની શાળાના આચાર્યને, પોતાની કોલેજને તેમજ હૈદરાબાદની એક સંસ્થાને ઉદ્દેશીને લખેલા પત્રોનો સમાવેશ થાય છે. અન્ય પત્રો ‘પ્રકાશ’ના નામે લખાયેલા છે. આ પત્ર કેટલાંક માઓવાદી આગેવાનોને ઉદ્દેશીને લખવામાં આવ્યા છે. દીલ્હીમાં પોતાને થઈ રહેલી હતાશા અને પોતે ભુગર્ભમાં રહીને કામ કરવા ઈચ્છે છે એ મુજબના ઉલ્લેખ તેમાં છે. આ બન્ને નામે લખાયેલા પત્રોના લેખક એક જ હોવાનું સાક્ષીઓની ઉલટતપાસને આધારે માનવામાં આવ્યું છે.

આ ઈલેક્ટ્રોનીક પુરાવાઓમાં કોઈ પણ પ્રકારની ‘છેડછાડ’ થયાની શક્યતા હોવાનું અદાલતે નકારી કાઢ્યું હતું. આ ચુકાદા સામે વડી અદાલતમાં જવાની ઘોષણા બચાવ પક્ષના વકીલે કરી છે. પ્રો. સાઈબાબા અગાઉ અનેકવાર જેલવાસ ભોગવી ચુક્યા છે. એ દરેક વખતના જેલવાસની વીગતો સરકારના બદઈરાદાની શંકાને ઘેરી બનાવતી હોય એવી જ છે. કેટલાક વરસોથી તેમની પર સરકારે ધોંસ જમાવવાની જે વીવીધ રીતો અજમાવી છે એમાં પ્રો. સાઈબાબાની કોઈ એવા કૃત્યમાં સંડોવણી હોવાની શંકા કરતાં વધુ સરકારનું ધાંધાપણું છતું થાય છે. કેન્દ્રમાં પહેલાં કોંગ્રેસની સરકાર હતી, અને હવે ભારતીય જનતા પક્ષની ! સરકાર કોઈપણ હોય, વીકાસના નામે લોકોને આંજી દેવા તેમજ ‘વીકાસ’ માટે કોઈ પણ હદ સુધી જઈ શકવાની તેની ચેષ્ટા ચીંતાનો વીષય બનવી જોઈએ. ‘વીકાસ માટે કોઈકે તો ભોગ આપવો જરુરી છે’ જેવું પોપટીયું રટણ કરનાર ‘ભોગ’ આપવાની વાત ત્યાં સુધી જ કરે છે, જ્યાં સુધી એ ‘કોઈક’માં પોતાનો સમાવેશ ન થાય. સરકારી સાધનસામગ્રી અને પ્રચારતંત્રના વાવાઝોડાની સામે ઝીંક ઝીલીને આવી જ્યોત ટમટમી રહી છે એ આશ્વાસન ગણીએ તો આશ્વાસનની બાબત કહી શકાય, પણ તે કેટલું ટકી શકશે એ સવાલ છે. પ્રો. સાઈબાબા જેવા એક સામાન્ય પણ નીષ્ઠાવાન નાગરીકને કોઈ પણ ભોગે સજા કરાવવા માટે મથી રહેલા સરકારી તંત્રની અધીરાઈ દર્શાવવા માટે જ ગાલીબે આ શેર લખેલો હોય એમ લાગે : ‘લરઝતા હૈ મેરા મેરા, જહમત-એ-મહર-એ-દરખ્શાં પર, મૈં હું વો કતરા-એ-શબનમ, જો હૈ ખાર-એ-બયાબાં પર.’ (ભાવાર્થ = કાળઝાળ ગરમીથી મને મીટાવવાની સુરજની જહેમત જોઈને મારું દીલ ધ્રુજી ઉઠે છે. હું તો વગડામાં ઉગેલા કાંટાની ટોચે રહેલું ઝાકળબીંદુ છું.)

[સૌજન્ય : **‘ગુજરાતમીત્ર’** : 16-3-2017]

# લગ્નમાં સામાજીક સુધારો : કાશ્મીરનું ક્રાંતીકારી કદમ

**મણીલાલ એમ. પટેલ**

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનું અંદાજપત્ર અને ઉત્તર પ્રદેશ વીધાનસભાની ચુંટણીઓના ગાળામાં મીડીયામાં કાશ્મીરમાં લેવાયેલા એક ક્રાંતીકારી સમાજસુધારાનાં કદમની બહુ ઓછી નોંધ લેવાઈ છે. આમ તો ભારતનાં સ્વર્ગ સમું કાશ્મીર આતંકવાદ, હીંસા અને રક્તપાતથી હંમેશાં દેશમાં જાણીતું છે પણ હમણાં લગ્નમાં મહેમાનોની સંખ્યા અને ભોજન પર જે નીયંત્રણો મુક્યાં તે દેશનાં બીજાં રાજ્યો માટે નવો રાહ ચીંધે તેવાં છે.

જોકે, લોકસભામાં હમણાં એક મહીલા સાંસદે લગ્નમાં વધુ પડતા ખર્ચને નીયંત્રીત કરવા એક બીનસરકારી વીધેયક દાખલ કર્યું છે જેમાં તેમણે 5 લાખથી વધુ લગ્નખર્ચ કરનારને ખર્ચની 10 ટકા રકમ ગરીબોનાં લગ્ન માટે કલ્યાણ ફંડમાં આપવાની જોગવાઈ સુચવી છે. આ રકમ ગરીબ કન્યાઓનાં લગ્ન માટે વપરાશે. આ બીલ સંસદમાં ચર્ચા પર આવશે ત્યારે રસપ્રદ ચર્ચાઓ થશે.

સંસદ તો કરતાં કરશે પણ કાશ્મીરની સરકારે પહેલ કરી દીધી છે. પરીણામે દેખાડા કે પ્રદર્શનો માટે થતા વૈભવી લગ્નના ભપકા પર નીયંત્રણો આવી શકશે. કાશ્મીરમાં માત્ર ખર્ચ જ નહીં પણ બીજાં અનેક નીયંત્રણો મુકાયાં છે તે સરાહનીય છે, એટલું જ નહીં પણ એનો ભંગ કરનાર સામે ફોજદારી કાર્યવાહીની જોગવાઈ છે. લગ્નમાં સુધારા માટે નીયમો બનાવીને ખર્ચને નીયંત્રીત કરનારું કાશ્મીર દેશનું પ્રથમ રાજ્ય છે.

નીયમ મુજબ છોકરીનાં લગ્નમાં 500 અને છોકરાંનાં લગ્નમાં 400થી વધુને નહીં બોલાવી કે જમાડી શકાશે અને નીમંત્રણકાર્ડ સાથે કોઈ મીઠાઈ કે અન્ય પ્રકારની ભેટ પણ નહીં મોકલી શકાય. શાકાહારી કે માંસાહારી ભોજનમાં 7થી વધુ આઈટમ નહીં રાખી શકાય અને બે જ મીઠાઈ પીરસી શકાશે. લગ્નમાં ડીજે, ઓરકેસ્ટ્રા કે લાઉડસ્પીકરનો ઉપયોગ નહીં કરી શકાય. ફટાકડા કે લાઈટીંગ - આતશબાજી પર પણ પ્રતીબંધ લગાવાયો છે. વધેલી ભોજનસામગ્રી યોગ્ય રીતે પેક કરીને વૃદ્ધાશ્રમ કે જરુરીયાતમંદોને વહેંચી દેવાની રહેશે.

આમ સમગ્ર નીયંત્રણો પાછળ ખર્ચ ઘટાડવાની સાથે સાથે બગાડ અટકાવવાનો અને સમાજસુધારાનો પણ એક નુતન અભીગમ છે. લગ્નોમાં નીત્ય નવી ઈવેન્ટના તાયફા વધતા જાય છે અને લગ્ન પારીવારીક કે અંગત પ્રસંગને બદલે જાહેર ઉજવણીનો બનતો જાય છે. લગ્ન એક સંસ્કાર કે ધાર્મીક વીધીને બદલે પ્રસંગ યોજનાર માટે ભારે માનસીક તાણનો પ્રસંગ બની રહ્યો છે. દેખાદેખીથી લાંબા સાથે ટુંકો પણ જોડાય છે અને મરે નહીં તો માંદો જરુર પડે છે. એક જમાનામાં મરણ પાછળનાં બારમું એક સામાજીક કુરીવાજ ગણાતો તે હદે હવે લગ્નોની ઉજવણી થવા લાગી છે. લગ્નમાં બે વેવાઈ પક્ષોનાં મેચીંગની શું જરુર છે ? છપ્પન ભોગની આઈટમો હોય એમાંયે ગુજરાતી એટલે બધું જ ચાખ્યા વીના તો રહે નહીં એટલે પોણા ભાગની ડીશ ભરેલી મુકી દીધી હોય તેવી જોવા મળે. રસોઈનાં મેનુને માણસનાં આરોગ્ય સાથે તો હવે કશોય સંબંધ રહ્યો જ નથી. ફટાકડા હવાને પ્રદુષીત કરે છે. વાહનોની લાંબી હારમાળા અને નાચતા જતા વરઘોડા અન્ય લોકોના સમય કે ટ્રાફીકનો, નેતાઓની રેલીઓ કે મેરેથોન દોડની માફક ખ્યાલ જ રાખતા નથી. મોડી રાત સુધી નવરાત્રીની પેઠે ચાલતાં ડીજે ધ્વનીપ્રદુષણ વધારે છે. આ બધું અંતે તો લોકોનાં કલ્યાણ માટે જ નીયંત્રીત કરવાની જરુર પડે છે પણ લોકો જાતે સમજતાં નથી. પરીણામે કાયદાનો દંડો ઉગામવાની સરકારને ફરજ પડે છે. ગુજરાત જેવાં રાજ્યમાં દારુબંધી વર્ષોથી હોવા છતાં હવે તો લગ્નોમાં દારુની કોઈ નવાઈ જ નથી. એ જ રીતે ફુલોનો પણ વ્યાપક વપરાશ કે બગાડ જોવા મળે છે. લગ્નમાં જે ખર્ચ કરે છે તે વ્યક્તીનું પોતાનું ધન છે પણ સાથે સાથે તે રાષ્ટ્રીય સંપત્તી પણ છે તે ભુલાવું ન જોઈએ. વળી પ્રદુષણથી પર્યાવરણને કે સમાજને નુકસાન થાય તેની સૌએ ફીકર કરવી જોઈએ. લોકો સમજપુર્વક પ્રસંગ ઉજવતાં નથી અને લગ્નને અંગત બાબત સમજીને બેફામ દુરુપયોગ કરે ત્યારે સરકારને આગળ આવવું પડે છે.

ગુજરાતે લગ્નના ખર્ચ ઘટાડવા સમુહલગ્નનો ઉત્તમ માર્ગ દેશને ચીંધ્યો છે. દરેક જ્ઞાતીમાં અને સર્વજ્ઞાતીય સમુહલગ્નો પણ ગુજરાતમાં ઠેર ઠેર દર વર્ષે યોજાય છે અને સામાન્ય પરીવારોને લગ્નખર્ચમાં રાહત થાય છે પણ આવા સમુહલગ્નોમાં જોડાનારા પણ પાછા ઘરે જુદો જમણવાર રાખે છે.

કાશ્મીરની સરકારે કાયદો તો કર્યો પણ આપણે ત્યાં કોઈ પણ કાયદાના અમલનાં નામે મીંડું હોય છે. વળી, આવા કાયદાનો ઉપયોગ તેનો અમલ કરાવનાર તંત્ર માટે કમાણીનું મોટું સાધન બની જતું હોય છે. ગુજરાતમાં

દારુબંધીનો કાયદો તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. બીહાર જેવો કડક અમલ ગુજરાતમાં થતો નથી. દેશમાં બાળલગ્નો અટકાવવાનો કાયદો છે. આ કાયદો થયો ત્યારે ગામડાંમાં પરસ્પર બદલો લેવા તેનો દુરુપયોગ થતો અને પોલીસતંત્ર તોડ કરીને બાળલગ્નો થવા દેતું પણ લોકોની સમજ અને શીક્ષણ વધ્યાં પછી બાળલગ્નોનું પ્રમાણ ઘટ્યું છે.

લગ્ન એ માણસનો સામાજીક પ્રસંગ છે, અંગત પ્રસંગ છે તેથી તેની પરનાં નીયંત્રણો ઘણાં બુદ્ધીજીવીઓને લોકશાહીના સીદ્ધાંતની વીરુદ્ધ લાગે પણ આવા પ્રતીબંધો દારુબંધીની પેઠે સમાજનાં વ્યાપક હીતમાં છે અને લોકો સ્વેચ્છાએ પાળતાં ન હોવાથી આવાં નીયંત્રણો આવશ્યક બની જાય છે. જોકે 1973માં પણ કાશ્મીરમાં લગ્નમાં 75 માણસો બોલાવવાનો નીયમ ઠરાવ્યો હતો પણ લોકોનો વીરોધ થયો હતો અને મામલો રાજ્યની હાઈકોર્ટ સમક્ષ ગયો હતો, આથી હાઈકોર્ટે તે આદેશ સામે રોક લગાવી દીધી હતી. આવા કાયદા સામે માનવઅધીકાર કે લોકશાહીનાં નામે કોઈ કોર્ટ સમક્ષ જાય તો કોર્ટે પણ દેશનાં અને પ્રજાનાં વ્યાપક હીતમાં ને વીશાળ પરીપ્રેક્ષ્યમાં વીચારવું જોઈએ. આપણે ઈચ્છીએ કે બીજાં રાજ્યો કાશ્મીરના નીયમોને અનુસરે. આવાં રુપાળાં નીયંત્રણો આવશે પણ સરકારની અમલ કરાવવાની પ્રબળ ઈચ્છાશક્તી જ નહીં હોય તો આવાં નીયમનો ભ્રષ્ટાચારનો અડ્ડો બની જશે.

[સૌજન્ય : ‘**ગ્રામગર્જના**’ : 1-4-2017]

❑

# અસહીષ્ણુ ભારતીયમાં ક્રોધનો ઢગલો છે, વીનય શુન્ય છે

ગ્રેટર નોઈડામાં કેટલાક વખતથી કંઈક ભયાનક બની રહ્યું છે. એ કેટલું ભયાનક છે એ થોડા જ દીવસો પહેલાં દુનીયાભરમાં પ્રકાશમાં આવ્યું, જ્યારે એક સંગઠીત ટોળાએ નાઈજીરીયાના વીદ્યાર્થીઓ પર ઘાતક હુમલો કર્યો, અને જો એ વીસ્તાર છોડીને એ સૌ જતા ન રહે તો વધુ હીંસાની ધમકી આપી. આ હુમલો શંકાને આધારે કરાયેલો. પણ એ શંકા તો નીમીત્તમાત્ર હતી. એના મુળમાં તો ભારતમાં ભણવા આવેલા એ પરદેશીઓ પ્રત્યેનો ઉંડો પડેલો તીરસ્કાર હતો. ગ્રેટર નોઈડામાં બીજા પણ કેટલાક દેશોના વીદ્યાર્થીઓ ભણે છે. પણ અહીં ગોરાઓનું સ્વાગત છે. આફ્રીકનોનું નહીં. આ હડહડતો જાતીવાદ થયો. વળી, પરીસ્થીતીની વીપરીતતા જુઓ : એ જ ખરાબ વહેવાર ભારતના ઉત્તરપુર્વીય રાજ્યોના વીદ્યાર્થીઓ સાથે પણ કરાયો. કારણ ? એ પણ ‘જુદા’ દેખાય છે. આ તરંગીપણું નથી ? ‘સાચો ભારતીય’ કોણ ? આટલા મોટા દેશમાં ‘ભારતીય’ દેખાવા વીશેની કોઈ વ્યાખ્યા ન થઈ શકે.

ભારતમાંના આફ્રીકી વીદ્યાર્થીઓના એસોસીએશનના પ્રમુખ શ્રી સેમ્યુઅલ જેકે આ હુમલાને ‘અસંસ્કારી’ ગણાવીને સ્પષ્ટ શબ્દોમાં ઉમેર્યું, ‘... અમારે ભારતમાં આવવાનું બંધ કરવું પડશે. આ દેશમાં આફ્રીકન લોકો પ્રત્યે એટલો બધો દ્વેષ છે.’

એમણે કહ્યું કે, ‘ફક્ત બાળકો જ નહીં, મોટાઓ પણ અમારા નાગરીકોના અપમાન કરે છે. નાઈજીરીયનો દ્વારા મીત્રભાવે કરાયેલા અભીવાદનને કોઈ પ્રતીક્રીયા આપતું નથી.’ આ હુમલાને કારણે એસોસીએશન દ્વારા નાઈજીરીયન વીદ્યાર્થીઓને ઘરમાં જ રહેવા સલાહ અપાઈ છે. સ્વયંસેવકો, હેલ્પલાઈન્સ અને મીત્રો દ્વારા ખોરાક તથા દવાઓ પહોંચાડવાની વ્યવસ્થા કરાઈ રહી છે. આ આપણે માટે કેટલું શરમજનક છે !

શ્રી જેકે એવી ચેતવણી ઉચ્ચારી છે કે, ‘અહીં ભણેલાં કેટલાંક આફ્રીકન વીદ્યાર્થીઓ પોતાને વતન પાછા ફરશે ત્યારે પ્રધાનો બનશે, ઉંચી પાયરીએ બેસશે...’ આમાં છુપાયેલો સંદેશો સ્પષ્ટ અને મોટો છે : જો આવી જ શત્રુતા ચાલુ રહેશે તો આફ્રીકી દેશો સાથેના ભારતના સંબંધોનું ભાવી ધુંધળું છે. જેકભાઈએ એક આછી ધમકી પણ ઉચ્ચારી છે : ‘અમારા દેશમાં ભારતીયોએ રહેવા પાછળ અમને કોઈ કારણ દેખાતું નથી.’

આપણે દરેકનો તીરસ્કાર કરતા હોઈએ એવું લાગે છે. ડૉક્ટરો સૌથી નવા લક્ષ્ય છે. મુંબઈના કેટલાક ડૉક્ટરો લાંબી હડતાલ પછી ફરી કામે લાગ્યા, વીરોધ દર્શાવવા હેલ્મેટ્સ પહેરીને આવ્યા. ડૉક્ટરો પર હીંસક હુમલો કરવાનો શું અર્થ છે ? એમની વીશાળ સેવાઓ વગર આપણને ચાલશે ખરું ? આવા ઘાતકી હુમલાઓ હવે જ કેમ થાય છે ? ભુતકાળમાં પણ દર્દીઓ મરતા, શસ્ત્રક્રીયાઓમાં ગોટાળા થતા, રોગના ખોટા નીદાનો નવી વાત નથી. કેટલીક વાર, લાંબાં કલાકો સુધી અતીશ્રમ કરનારા ડૉક્ટરોના પુરતા પ્રયત્નો છતાં બાજી અવળી પડે છે. હા, સગાંઓ પોતાની પ્રીય વ્યક્તી ગઈ હોવાનું સ્વીકારી ન શકે. પણ એથી ડૉક્ટરો પ્રત્યેની હીંસા વાજબી છે ? સ્ટાફ ઉપર હુમલો કરવાથી તમારી પ્રીય વ્યક્તી પાછી

આવશે ? આગલી પેઢીઓ આવા વર્તનનો અપરાધ કેમ નહોતી કરતી ?

આપણો સમાજ ભારે ગુસ્સાવાળી પ્રવૃત્તીઓનો વહેવાર કરી રહ્યો છે. આપણામાં શુન્ય સહનશીલતા છે, શુન્ય ધીરજ છે, શુન્ય વીનય છે. જો આપણે એમ માનતા હોઈએ કે, જાહેરમાં કેર વર્તાવીને આપણે છુટી જઈ શકીએ છીએ (ચપ્પલવાળા ગાયકવાડ અને એર- ઈન્ડીયાનો કીસ્સો), તો આપણે આગળ વધીએ, અને ભયંકર વર્તનનો છુટો દોર આપીએ.

આંકડાં આપણને હીંમત આપે છે. એક ટોળું રસ્તાની વચ્ચે કોઈ વ્યક્તીને મારતું હોય, તો સાવ અજાણ્યા લોકો પણ જે કાંઈ કરતા હોય એ છોડીને ટોળા સાથે કેવા જોડાઈ જાય છે, એ વાત તરફ તમારું ધ્યાન ગયું હશે. આવે વખતે મોટેભાગે અડધા ટોળાને એ ખબર પણ નથી હોતી કે, 'ગુનેગારે' શું ગુનો કર્યો છે. છતાંયે થોડા મુક્કા એ પણ મારી લે છે. મારામારીના આવા અવીચારી કૃત્યોમાં જોડાઈને કઈ જાતનો રોમાંચ આપણે મેળવતા હશું ? મારવા, લુંટવા, પથ્થરબાજી કરવા, સળગાવવા કે તોડફોડ કરવા માટે કોઈપણ બહાનું પુરતું છે. આ 'સામાન્ય' વર્તન બની ગયું છે. તમારી આજુબાજુ નજર કરો - કેટલી બધી શત્રુતા દેખાય છે ! આવું કેમ ? એ પ્રશ્ન વીચારવાની જરુર છે.

આપણે આવું શરમજનક વર્તન કેમ કરીએ છીએ ? આનંદીત ચહેરાઓ કેમ દેખાતા નથી ? શા માટે દરેક વ્યક્તી સતત ફરીયાદ જ કરતી રહે છે ? ઈન્ટરનેશનલ હેપીનેસ ઈન્ડેક્સના સ્કેલમાં ભારતમાં કેમ આટલા નીચા સ્થાને છે ? એવું લાગે છે કે, આપણને સૌને એકબીજામાં વીશ્વાસ નથી. પ્રજાના આટલા ઉદ્વેગનું કારણ મને એનામાં વ્યાપેલી નીરાશા અને નીષ્ફળતા લાગે છે.

નાઈજીરીયાના વીદ્યાર્થીઓ સારા ભવીષ્યની આશા સાથે ઉચ્ચ શીક્ષણ મેળવવા ભારત આવેલા. આપણા વીદ્યાર્થીઓ એ જ કારણથી વીદેશોની આકર્ષક યુનીવર્સીટીઓમાં દાખલ થાય છે. જ્યારે એમના પર હુમલા થાય છે ત્યારે એને જાતીવાદનો ગુનો ગણાવીને આપણે એ વીશે બુમરાણ મચાવીએ છીએ. ગ્રેટર નોઈડાના એ હુમલાને આપણે શું કહેશું ?

આવો, આપણે સાથે મળીને નીર્દોષ અને આડંબર વીનાની ભાષામાં નાઈજીરીયનોને 'સોરી' કહીએ - દીલથી કહીએ. બીજું કાંઈ નહીં તો, આપણા પોતાના શીષ્ટાચારની સમજણ માટે પણ એટલું કરીએ.

[શોભા ડેના અંગ્રેજી લેખને આધારે : **મંજરી મેઘાણી**]

❑

# આંખન કી દેખી

## ભીમજી નાકરાણી

જાહેર શૌચાલય કે જાહેર બાથરુમ અને મુતરડીના ઉપયોગ માટે જઈએ કે જવું પડે, ત્યારે આંખ બંધ રાખી શકાય નહીં. ખુલ્લી આંખે જાહેર સ્થળો, દેવાલયો, થીયેટરો, મોલ, ખુબ 'ઉંચા' સમજુ, બુદ્ધીશાળી આવતા હોય તેવા સ્થળો કે કૉલેજમાં તમામ સ્થળે જ્યારે નજર મારીશું તો ચોક, પેન્સીલ, પેન, ખીલી, સ્કેચપેનથી કંઈક લખેલું જોવા મળે, અને આ લખાણ આપણી માનસીક વીકૃતીઓને ખુલ્લેઆમ છતી કરે છે. લેડીઝ હોસ્ટેલ, એરપોર્ટ, મહીલા કૉલેજો સહીત પાન-મસાલાની પીચકારી મારનારા આપણા સત્ય-અસત્ય સમાજના મહાનુભાવોને આપણે જાણતા જ હોઈએ છીએ. આ બધે આવા ગંદા, બીભત્સ લખાણો અને ચીત્રો દોરનાર કોણ છે ? આપણે જ બધા અથવા આપણામાંના જ કોઈક ! આખોયે સમાજ ચીત્ર-વીચીત્ર માનસીક બીમારી કે વીકૃતીનો શીકાર કેમ છે ? ઓછું ભણેલા જ આવું કરે છે તેવું માનવાની જરુર નથી અને લેડીઝ ટૉયલેટમાં પણ આ બધું જોવા મળે તે તો વળી ખુબ જ ઘાતક બાબત ગણાય.

આ સડાનું મુળ કારણ સમાજે શોધવું પડે, આપણી પાસેનો કચરો રસ્તે ચાલતા રોડ ઉપર નાંખવો, થુંકવું, પાન-મસાલાની પીચકારી, કાગળ કે પ્લાસ્ટીકના ડુચા ગમે ત્યાં ફેંકવા વગેરે કુટેવોને આપણે ગંભીરતાથી લીધી નથી કે લેતા નથી. 50 લાખની ગાડીમાં જતો માણસ દરવાજો ખોલી 'પીચકારી' મારતો હોય તેવું ગંદું દૃશ્ય સામાન્ય થઈ પડ્યું છે. છોકરીઓ સીગરેટ પીએ કે હુક્કો, આ તો તદ્દન સામાન્ય છે. હવે આ જ માનસીકતા ધરાવતા વ્યક્તીઓ જાહેર સ્થળોએ આપણી નજર સામે જાહેર મીલકત બગાડે છે ત્યારે આપણે આ જોઈને શાંત રહીએ છીએ. જો આપણે ઘર, દીવાલ, ફળીયું કે આપણી પોતાની કોઈ જગ્યામાં, શૌચાલયમાં કોઈ ગંદકી કે ખરાબ લખાણ કરતા નથી, તો જાહેર જગ્યા ઉપર આવું શા માટે કરવું ?

આપણે બાળમંદીરથી કૉલેજ સુધી માતૃભાષામાં નાગરીક શાસ્ત્રના આ પાઠ ભણાવવા જરુરી છે. કથા કરનારા મહારાજો, ધર્મ-સંપ્રદાયના મહંતો, જીવતા સ્વર્ગ દેખાડવાની વાતો કરે છે અને એ જ પરીસરના શૌચાલયો કેમ ગંદકીથી ખદબદે છે. વીચાર માંગી લેતી આ સમસ્યાનો ઉકેલ સામુહીક રીતે જ લાવી શકાય તેમ છે. આજથી આપણે જ નક્કી કરીએ કે આમાંનું કોઈ કૃત્ય આપણે ન કરવું કે ન કરવા દેવું.

મો. 9723336482 ❑

# 'સાહીત્યકારો'એ મૃત્યુનો મલાજોય ન રાખ્યો...

*એક દૃશ્ય જોયાનું બરાબર યાદ છે. એક સવારે કાગડાઓ આકાશે યુદ્ધે ચઢ્યા હતા. કા... કા... કરતાં એકબીજાની પાંખો ઉપર પ્રહાર કરતા હતા. આ યુદ્ધમાં એક કાગડો અચાનક ભોંય પર પછડાયો અને મૃત્યુ પામ્યો. આશ્ચર્ય હવે શરૂ થયું. બધા જ ઝગડાળુ કાગડાઓ એ મૃત કાગડાના શબ પાસે ભેગા થઈ કા... કા... કરવા લાગ્યા. આ વખતે તેમના કા. ..કા...માં ક્રોધ નહીં, યુદ્ધજવર નહીં પરંતુ ક્રંદન અને કરુણા હતા.*

*ઠીક આવું જ દૃશ્ય વીજળીના તારનો કરંટ લાગતા સડક ઉપર મૃત્યુ પામેલા આપણા પુર્વજ વાનર વખતે પણ નીહાળ્યું હતું. ટ્રાફીક જામ થઈ ગયેલો, વાનરો કોઈને જવા નહોતા દેતા.*

આ કાગ અને વાનરોની શોકસભા મને એટલા માટે યાદ આવી ગઈ કારણ આપણા મજાના ગઝલકાર અને સાહીત્યકાર ચીનુ મોદીના મૃત્યુનો મલાજો આપણા સાહીત્યકારો જાળવી શક્યા નહોતા. વીચારું છું આપણા સાહીત્યકારો પાસે કાગડા-કુતરા અને વાનરો જેવો બીરાદરી ભાવ અને દુઃખદ ક્ષણોમાં વીવેક નથી ? બીચારા પશુ-પક્ષીઓ વીશ્વસાહીત્ય, વીશ્વપ્રેમ અને વીશ્વમાનવ જેવા શબ્દો પણ જાણતા નથી !

હદ તો ત્યારે થઈ જ્યારે ગુજરાત વીદ્યાપીઠે પોતાના પ્રથમ પીએચ.ડી. વીદ્યાર્થી ચીનુ મોદીની સ્મૃતીમાં શોકસભાનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે ગુ. વી. સાહીત્યકારો અને સાહીત્ય સંસ્થાઓને બોલાવે એ સ્વાભાવીક છે. ગુજરાતી સાહીત્ય પરીષદ અને ગુજરાત સાહીત્ય અકાદમીનો વીવાદ અને પછી અબોલા ચર્ચાસ્પદ અને તેથી પ્રખ્યાત છે. સ્વાયત્તતા મુદ્દે અમે સાહીત્યવાળા અને તમે... એવો વીવાદ ચાલ્યા કરે છે. ગુ.વી.માં સાહીત્ય પરીષદને નહીં પણ એક સાહીત્યકારને શ્રદ્ધાંજલી આપવાની હતી. ખુબ સુક્ષ્મ અહમ્ અને પ્રખર સીદ્ધાંત આડે આવતો હોય તો સાહીત્ય પરીષદે એકાદ પ્રતીનીધી મોકલી દીધો હોત તો પણ એક સાહીત્યકારના મૃત્યુની ગરીમા જળવાઈ હોત !

અહીં ગુજરાત વીદ્યાપીઠની પણ ભુલ છે. એકાદ જણ આમંત્રણ - માનપાન આપ્યાં છતાં રીસાયો હોય તો આખો પ્રસંગ રદ ના થાય. આંગણે યોજાયેલો પ્રસંગ પાર પાડવાનો હોય ! 'હશે' કહીને 'નાના માણસ'ને માફ કરવાનો હોય !

સમાજના અ-સાહીત્યીક સામાન્ય માણસને બીચારાને આ બધા સમાચારોથી નવાઈ લાગે છે. સમાજનો અનુભવ જુદો છે. કટ્ટરશત્રુ બાજુમાં જ રહેતો હોય પણ તેના મૃત્યુ પ્રસંગે તે બધું જ ભુલી જાય છે. તે મહાન ચીંતકો અને મહાન કવીઓ-સાહીત્યકારોની માફક તત્ત્વચીંતન જાણતો નથી. પરંતુ જીંદગીના એક પરમ સત્યને એ અનુભવે છે. મૃત્યુ પછી મનુષ્ય કોઈનો શત્રુ કે મીત્ર હોતો નથી. સાતસાત પેઢીઓના વેર અને વટ, સીદ્ધાંત અને નીયમો, પ્રતીજ્ઞાઓ બધું જ બાજુમાં મુકાઈ જાય છે.

આપણા મહાન કવીઓ - સાહીત્યકારોના સાહીત્યમાં 'વીશ્વપ્રેમ' હોઈ શકે છે પરંતુ એ સાહીત્યકાર - કવીમાં 'માનવપ્રેમ' ના પણ હોય ! કારણ કવીતા રચાયા પછી કવી પુનઃ મનુષ્યલોકમાં પાછો આવી જાય છે. એ મનુષ્ય જેની અપાર મર્યાદાઓ છે. પરંતુ સમાજનો સામાન્ય માણસ કવી કે સાહીત્યકારને અહોભાવથી જ જોતો હોય છે. પરીણામે 'શોકગ્રસ્ત' શોકસભા જેવા પ્રસંગે એ નીરાશ થાય છે. 'તમે પણ ?' એવો આઘાત લાગે છે. એને બીચારા-બાપડાને ખ્યાલ નથી કે આપણા મહાન સાહીત્યકારો, વીશ્વ કવીતાની ચર્ચા કરનાર મહાપુરુષો, વીશ્વપ્રેમ અને વીશ્વમાનવ શબ્દના આ જથ્થાદારો, આ મહાન સહીષ્ણુ પ્રાણીઓ, વીશ્વપ્રેમીઓને પણ પુર્વાગ્રહો, ગ્રંથીઓ અને સમીકરણો હોય છે.

આવો કોઈ પ્રસંગ જોઈને જ કવી ઉમાશંકર જોષીએ તો નહીં કહ્યું હોય 'મોટા માણસોની નાનપ જોઈને થાક્યો છું, હવે નાના માણસોની મોટાઈ જોઈને જીવું છું.'

આવા પ્રસંગે નઠોર-કઠોર રાજકારણીઓની જીંદાદીલીને સલામ કરવાનું મન થાય. સાહીત્ય અને કવીતાથી માઈલો દુર રાજકારણીઓ ઉપર એકાદ નજર કરવા જેવી છે. ઉત્તરપ્રદેશમાં ભાજપના પ્રચંડ વીજય પછી પ્રતીજ્ઞા પ્રસંગે મુલાયમસીંહ અને અખીલેશે સભા મંચ ઉપર પહોંચી પ્રધાનમંત્રીને અભીનંદન આપી બધાને ચોંકાવી દીધા. આ બેઉ રાજકારણી મુઠ્ઠી ઉંચેરા થઈ ગયા !

સુષ્મા સ્વરાજ હોસ્પીટલમાં હતા ને પાકીસ્તાનના વીદેશ વીભાગ તરફથી પુષ્પગુચ્છ મોકલવામાં આવ્યો.

શું આપણે આપણી મહાનતાના થોડાં પગથીયાં નીચે ઉતરીને સમાજ વ્યવહારોનો ધર્મ બજાવીશું ? કે આપણે સાહીત્યકાર કે કવી હોવાના કારણે 'અસામાજીક' છીએ એવું પુરવાર કરીશું ? ગમે તે હોય પણ ગુજરાત વીદ્યાપીઠે ચીનુ મોદી નીમીત્તે સંસ્થાઓ અને સાહીત્યકારો વચ્ચે રહેલી 'અસ્પૃશ્યતા નીવારણ'નો ઉમદાધર્મ બજાવ્યો એનો સંતોષ છે. બીચારા સાહીત્યકારો પોતાના પાપપ્રક્ષાલન માટે બૌદ્ધીક વ્યાયામ કરીને બચાવ કરે ત્યારે તેઓની સ્થીતી વધુ દયનીય થઈ જાય છે.

દીવંગત ચીનુ મોદીને આ લેખ દ્વારા જ વેદનામય અંજલી.

**– ઓમપ્રકાશ જી. ઉદાસી**

[અમદાવાદ (મો) 99989 37827]

# ‘કેગ’નો કરંટ... પણ ફ્યુઝ નહીં ઉડી ગયો !!

Comptroller & Auditor General (કેગ)નો રીપોર્ટ વીધાનસભામાં સત્રના છેલ્લા દીવસે - 31મી માર્ચે પેશ થયો, રાબેતા મુજબ કશી ચર્ચા ન થઈ ! મોદી સરકાર કેન્દ્રમાં હોય કે રાજ્યમાં - તે તમામ બંધારણીય સંસ્થાઓને ગજવે ઘાલીને ફરે છે. વર્ષો સુધી મહત્ત્વના રીપોર્ટ્સ જાહેર ન કરવા; એક યા બીજા પ્રકારના ટેક્નીકલ વાંધા કાઢીને સમયસર રજુ ન કરવા - એ આગવું ‘ગુજરાત મોડલ’ છે. એટલે અહીં ‘દાળમાં કાળું’ નથી; દાળ દીઠી ન ગમે એવી કાળી અને કડવી વખ જેવી છે ! પહેલી એપ્રીલથી 7મી એપ્રીલ દરમ્યાન ‘કેગ’ રીપોર્ટ અંગે જુદા જુદા અખબારોમાં જે સમાચારો છપાયાં છે તેનું સંકલન સાભાર રજુ કર્યું છે :

**તા. 1-4-2017 :**

• 14 બોર્ડ-નીગમોની રુ. 1221 કરોડની ખોટ. રાજ્યનું નાણા નીગમ 14 વર્ષ પછી પણ રુ. 15,349 કરોડ વસુલી શક્યું નથી. જીએમડીસીએ જંત્રી કરતાં ઓછા ભાવે જમીન વેચતા રુ. 5.25 કરોડનું નુકસાન. વીવીધ વેરાની રુ. 11,522 કરોડની વસુલાત 5 વર્ષથી બાકી. રુ. 5.27 કરોડ વેટનું નુકસાન. કર આવક અંગે નાણા પંચનું અનુમાન રુ. 86,757 કરોડનું હતું પરંતુ રુ. 24 હજાર કરોડ ઓછી આવક થઈ ! ગુજરાત નેશનલ લૉ યુનીવર્સીટીએ NRIમાં પ્રવેશ આપીને જનરલની ફી વસુલવાનું કૌભાંડ આચર્યું ! 1,334માંથી 323 આરોગ્ય કેન્દ્ર જ 24 કલાક ચાલ્યા. ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન દ્વારા રુ. 478 કરોડનો ખર્ચ વ્યર્થ. મોબાઈલ ડ્રગ ટેસ્ટીંગ વાન 22 દીવસ જ ચાલી. નીયત ધોરણોની ચકાસણી વગર જ 91 ટકા નમુના આરોગવાયોગ્ય જાહેર કર્યા. સરકારે યુનીવર્સીટી માટે ખોટું સ્થળ પસંદ કરતાં રુ. 45.44 કરોડ વેડફાયા. વર્ષ 2007-08થી 2014-15ના વર્ષો માટે રુ. 4,612.55 કરોડની રકમનો અધીક ખર્ચ વીનીયમીત કરાયો નથી. (દીવ્ય ભાસ્કર)

• વર્ષ 2010માં શાહ એલોયઝ લી. નામની કંપની માંદા એકમમાં રજીસ્ટર્ડ થઈ ચુકી હોવા છતાં સાબરમતી ગેસ કંપનીએ ગેસનું વેચાણ ચાલુ રાખ્યું ને રુ. 4.72 કરોડ ડુબાડ્યા. સાણંદ જીઆઈડીસીમાં એમક્યોર ફાર્મા., મલ્ટીકલર સ્ટીલ્સ લી. અને હર્ષા ગાંધી પ્રોપપ્યોર ટેમ્પ્ટેશન લી.ને પ્લોટ ફાળવણીમાં દસ ટકા પ્રીમીયમ ઓછું વસુલીને જીઆઈડીસીએ રુ. 3.41 કરોડનું નુકસાન કર્યું. AMCનો ગેરવહીવટ : સ્લમ રી-ડેવલપમેન્ટની પોલીસી નેવે મુકીને બીલ્ડરોને ખોટી ગણતરી કરીને રુ. 614 કરોડનો ફાયદો કરાવ્યો. બીલ્ડરોને વધુ ટીડીઆર (તબદીલીપાત્ર વીકાસના હક્કો) ચુકવવામાં આવ્યા. AMC એ રાજ્ય સરકાર પાસેથી મંજુરી પણ લીધી ન હતી. પ્લોટની કીમતથી માંડીને મકાનનાં બાંધકામમાં અબજો રુપીયાના ગોટાળા. પાલીકા, પંચાયતોના પદાધીકારી માટે લોકાયુક્ત નીયુક્ત કરો. ટીડીઓએ નગર નીયોજકની મંજુરી વગર આડેધડ બીનખેતીના હુકમોના ગોટાળા કર્યા. 270 કેસોમાં 1,981 દીવસો સુધીનો વીલંબ. વાહનવ્યવહાર ખાતાના 124 કેસોમાં રુ. 28 કરોડની ઓછી વસુલાત. ગુજરાત મેરીટાઈમ બોર્ડે રીલાયન્સ પેટ્રો. ઈન્ડ. પાસેથી વ્હાર્ફેજ (માલસામાનની હેરફેર માટેનો ચાર્જ) રુ. 36ને બદલે રુ. 18 લેખે વસુલીને રીલાયન્સને ફાયદો કરાવ્યો. ઉદ્યોગ નીતી હેઠળ સરકારે એકમોને રુ. 2,908.39 કરોડનો લાભ આપ્યો. અદાણી પોર્ટને નીચા ભાવદર અને મુડીખર્ચની ભરપાઈ એમ બેવડો લાભ અપાયો. સ્વાયત્ત સંસ્થાઓએ 9,275 આકસ્મીક બીલો મુકીને રુ. 613 કરોડનો ઉપાડ કરી લીધો. રુ. 5,385 કરોડની ગ્રાન્ટના ખર્ચ સંદર્ભે કોઈ જ પ્રમાણપત્રો ‘કેગ’ સમક્ષ રજુ થયા નથી. પીએચસીમાં સ્ટાફના અભાવને કારણે 53થી 60 ટકા પ્રસુતાઓને 48 કલાક પહેલા જ ઘરે મોકલી દેવાય છે. (સંદેશ)

• અમદાવાદને ઝુંપડપટ્ટી મુક્ત બનાવવામાં અમ્યુકો નીષ્ફળ. 60,000ના લક્ષ્યાંક સામે માત્ર 20,112 એકમો જ બનાવાયા; બાંધેલા મકાનો ખાલી પડી રહેતા રુ. 32.62 કરોડની મહેસુલી આવકનું નુકસાન. ઝુંપડાવાસીઓ માટે ઘર બનાવનારાઓને રુ. 106 કરોડનો ખોટો લાભ કરાવ્યો. વીજ કંપનીઓ દ્વારા કરાતી ખરીદીમાં ગરબડ થતાં રુ. 61 કરોડ વધુ ખર્ચાયા. ઉંચું ટેન્ડર ભરનારાઓને રુ. 4.93 કરોડના ઓર્ડર આપ્યા. નુકસાન કરતા અને ફડચામાં ગયેલા 14 જાહેર સાહસો ઝડપથી બંધ કરવા ‘કેગ’ની નોંધ. ગુજરાતની 39 ટકા વસતી માંસાહારી. રાજકોટ સહીત પાંચ શહેરોમાં પરવાના વગરના ગેરકાયદે કતલખાનાં ધમધમે છે, માંસનું પરીક્ષણ પણ કરાતું નથી. (ગુજરાત સમાચાર)

• રાજ્ય સરકારે મળવાપાત્ર ટ્રાન્સફરેબલ ડેવલપમેન્ટ રાઈટ (ટીડીઆર)ના રુપમાં વીકાસકારોને કરાયેલી અયોગ્ય તરફેણના કીસ્સાઓની ફેરતપાસ કરવી જોઈએ અને ચડત મહેસુલની આવકની વસુલાત માટે પગલાં ભરવા જોઈએ. ઉદ્યોગો પાસેથી વેરા પેટે રુ. 32000 કરોડ વસુલવાના બાકી. પાંચ કરતાં વધુ વર્ષથી રુ. 11,522 કરોડની મહેસુલની રકમ વસુલવામાં ઘોર બેદરકારી. ભેળસેળીયા, ગેરકાયદે ખાદ્યાન્નનો વેપલો કરનારાને જલ્સા ! 91 ટકા પરીક્ષણ

રીપોર્ટમાં ધુપ્પલ ! (નવગુજરાત સમય)

• માતૃમરણ દર ત્રણ વર્ષનો સૌથી ઉંચો. પ્રસુતી દરમ્યાન દર લાખે 2013-14માં 72 હતો તે 2015-16માં વધીને 85 થવા પામ્યો ! હલકી ગુણવત્તાવાળી દવાઓ અંગે ફુડ એન્ડ ડ્રગ કન્ટ્રોલ એડમીનીસ્ટ્રેશન બેપરવા. ખાદ્યસામગ્રીની ચકાસણી કર્યા વગર 91 ટકા સેમ્પલ યોગ્ય ! મુડીરોકાણ અને ટર્નઓવરમાં વધારો થવા છતાં Return on Capital Employed (RoCE)ની દૃષ્ટીએ રાજ્યના જાહેર સાહસોમાં છેલ્લા પાંચ વર્ષમાં સૌથી નીચું, 2011-12માં 6.97 ટકા હતું તે ઘટીને 2015-16માં 4.27 ટકા વળતર થવા પામ્યું. 86 જાહેર સાહસોનું મુડી અને લાંબાગાળાનું ધીરાણ 31-3-2016ના રોજ રૂ. 1,29,178.86 કરોડ જેટલું છે. 'સ્ટેચ્યુ ઓફ યુનીટી' નીબંધ સ્પર્ધામાં રૂ. 1.54 કરોડનો નીરર્થક ખર્ચ. ગુજરાત માઈનોરીટી ફંડ ડેવ. કોર્પો. દ્વારા લોન વીતરણમાં 47 દીવસથી લઈને સાત વર્ષનો વીલંબ. 730 લોનો પૈકી 110ના પેપર્સ ઉપલબ્ધ નથી. ગુજરાત માહીતી કમીશનર સમક્ષ 8,449 અપીલ અને ફરીયાદ રજુ થયેલી તે પૈકી 68 કેસમાં પેનલ્ટી કરવામાં આવી હતી. નગરપાલીકામાં ગટરવ્યવસ્થા : 100 ટકા - માત્ર 1; 41થી 99 ટકા - 31; 1થી 40 ટકા - 31 અને 96 નગરપાલીકામાં શુન્ય ! 'સૌની યોજના'માં આયોજન અને સંકલનનો અભાવ, ગલત અંદાજો ! એકપણ દીવ્યાંગને સરકારી નોકરી આપવામાં આવી નથી. હેન્ડલુમ અને હેન્ડીક્રાફ્ટ ડેવ. કોર્પો. દ્વારા લક્ષ્યાંકની 50 ટકા પણ સીદ્ધી નહીં. 14 સ્ટોરમાં આર્થીક ખોટ. (ટાઈમ્સ ઓફ ઈન્ડીયા)



**તા. 2-4-2017 :**

• વીકલાંગ વીદ્યાર્થીઓને શીષ્યવૃત્તી ચુકવવામાં ગેરરીતી, ધાંધીયા. ક્યાંક ડબલ તો ક્યાંક મોડી ચુકવાઈ. શીશુ સંભાળ - સારવારનો અભાવ. જન્મના એક સપ્તાહમાં જ 15,817 શીશુ-મૃત્યુ. સરકારે બાળમૃત્યુની સમીક્ષા સુધ્ધાં ન કરી. ગેરવહીવટને કારણે મ્યુ. કોર્પો.ની રૈનબસેરા યોજના પણ નીષ્ફળ ગઈ. બે રૈનબસેરા તો લાંબો સમય ખાલી રહ્યા. રાષ્ટ્રીયસ્તરની નીબંધસ્પર્ધામાં વીદ્યાર્થીઓ પુરસ્કારથી વંચીત - ખાનગી કંપનીને સ્ટીકર્સ લગાવવાના રૂ. 1.15 લાખ ચુકવાયા. 15,586 કવર્સ મુલ્યાંકન વગર પડી રહ્યા. ખાનગી ઈજનેરના પ્લાનને આધારે ખેતીની જમીનો બીનખેતીની કરાઈ. 19 કીસ્સામાં તો નગર નીયોજકની મંજુરી લીધા વીના બારોબાર મંજુરી આપી દેવાઈ. ખાણ-ખનીજ નીગમે જંત્રી કરતાં પાંચ કરોડ ઓછા લઈ જમીન વેચી મારી. મેસર્સ ક્યુબ કન્સ્ટ્રક્શન એન્જી.લી.ને રૂ. 5.24 કરોડનો ફાયદો કરાવ્યો. વેટના 398 કેસોમાં રૂ. 23.76 કરોડના વેરાની ઓછી આકારણી કરવામાં આવી. (ગુજરાત સમાચાર)

• 25 ડીગ્રીમાં સંગ્રહીત કરવાનાં ઈન્જેક્શનો સ્ટોર્સના કોરીડોરમાં પડેલા જોવા મળ્યા. મહેસુલી આવકના મુખ્ય સ્રોત વેટની આવકમાં રૂ. 750 કરોડનો ઘટાડો. વસુલાતમાં તંત્ર નીષ્ફળ. (ગુજરાત ટુડે)

• કેગનો કરંટ : વીપક્ષે દસ દીવસનું અલ્ટીમેટમ આપ્યું : એફઆઈઆર કરો નહીં તો હાઈકોર્ટમાં પડકારીશું. રૂ. 600 કરોડનું કૌભાંડ. (સંદેશ)

• સરકારી વાહનોને નીયમ વીરુદ્ધ જઈને વેરામાંથી મુક્તી અપાઈ. 2010-15 દરમ્યાન 250 વાહનોને આવી મુક્તી આપી દીધી હતી. વ્યાજ-દંડની રૂ. 29.64 લાખની માતબર રકમ વસુલ કરાઈ ન હતી. 46 નાઈટ શેલ્ટરનાં બાંધકામ, સંચાલન અને નીભાવમાં ગરબડ ગોટાળા. (નવગુજરાત સમય)

**તા. 3-4-2017 :**

• મ્યુની.નાં કૌભાંડની કેગે દોઢ વર્ષ પહેલાં સરકારને જાણ કરી હતી. લાભાર્થીઓ પાસેથી રૂ. 100 કરોડ વસુલ કરાયા જ નહીં. એક જ પરીવારને બેથી પાંચ મકાન ફાળવાયાં. લાભ લેનારા બીલ્ડરો ભાજપના નેતાની નજીકના હોવાની ચર્ચા. (દીવ્ય ભાસ્કર)

**તા. 4-4-2017 :**

• કેન્દ્રીય જળ આયોગની માર્ગ રેખાનું પાલન ન કરી શકનાર રાજ્ય સરકારે 2003થી કાંપની મોજણી જ કરાવી નથી. જળાશયો - નહેરોમાં કાંપ કાઢવા સહીતના કામોમાં તંત્ર નીષ્ફળ : 25 ટકા સીંચાઈ વીસ્તાર જ મળી શક્યો. 'કેગ' જણાવે છે કે, કેટલીક સીંચાઈ યોજનાઓની નહેરોમાં દરવાજા-સાઈરન જ અસ્તીત્વમાં નથી. (ગુજરાત ટુડે)

• કેગનો કરંટ : AMCની 10 સ્કીમોમાં રૂ. 600 કરોડની પોલ પકડી પણ હજુ અન્ય પ્રોજેક્ટમાં કરોડોની ગોઠવણ. સ્લમ રી-ડેવલપમેન્ટના 20 પ્રોજેક્ટમાં મ્યુની.ને રૂ. 500 કરોડનો ચુનો લાગશે. બીલ્ડરોને પ્લોટ આપવાનો પ્રતી ચોમી ભાવ અધીકારીએ જાતે નક્કી કરી લીધો. એક જ સ્થળે પ્રતી ચોમીએ જુદા જુદા ભાવે કામ. કેગની અવગણના. 20 પ્રોજેક્ટનાં ટેન્ડરોમાં નીયમો નેવે મુકાયાં. બીલ્ડરોને બખ્ખા. (સંદેશ)

• ગુજરાત વીધાનસભામાં છેક છેલ્લા દીવસે મુકાયેલા 'કેગ'ના 6 અહેવાલોમાં કરોડો રુપીયાની અનીયમીતતા, છતાં તે અંગેની કશી ચર્ચા જ નહીં ! 'સૌની યોજના'નું વર્ષ 2001માં

આયોજન કરાયું ને 2008માં મંજુરી મળી. જળસંપત્તી વીભાગે પાણીની ઉપલબ્ધતાના આધારે મંજુરી આપી; પરંતુ સરદાર સરોવર નીગમે નહેરની ક્ષમતા વધારવાનો ઈન્કાર કર્યો. (ગુજરાત સમાચાર)

• કેગની આકરી ટીકા : જળાશયોમાંથી કાંપ કાઢવા માટે કરોડોનો ખર્ચ પાણીમાં ગયો. જળાશયોની સંગ્રહક્ષમતામાં ઘટાડો : મચ્છુ-1માં 5 ટકા; ભાદરમાં 21 ટકા; શેત્રુંજીમાં 15.74 ટકા; બ્રાહ્મણીમાં 21 ટકા; મચ્છુ 2માં - 13 ટકા અને ઉંડ-1માં 5 ટકા / મેરીટાઈમ બોર્ડ દ્વારા 7 કેપ્ટીવ જેટીધારકોને રૂ. 182 કરોડની લહાણી. (નવગુજરાત સમય)

• સ્લમ રી-ડેવલપમેન્ટના કરોડોના કૌભાંડમાં કેગના રીપોર્ટથી મ્યુની. અધીકારીઓ ભેરવાશે. 20 પ્રોજેક્ટમાં રૂ. 500 કરોડનું નુકસાન : બીલ્ડરોના લાભાર્થે આ નીયમો નેવે મુકાયા... (1) ટેન્ડરમાં મટીરીયલ્સ વાઈઝ અંદાજ રજુ કરાયો નહીં, (2) 80 ટકા સ્થાનીક ઝુંપડાવાસીઓની મંજુરી લેવાઈ નહીં, (3) સ્ટેન્ડીંગ કમીટી કે સામાન્ય સભામાં દરખાસ્તો લવાઈ નહીં, (4) સક્ષમ સત્તાની મંજુરી વગર બીલ્ડરોને બારોબાર વર્ક ઓર્ડર અપાયા, (5) જમીન મુલ્યાંકન કમીટીમાં કીમત નક્કી કરવાના બદલે બારોબાર કરી, (6) એફએસઆઈ પુરી વાપરવાના બદલે બીલ્ડરો માટે ઈમારતોના પ્લાન નીચા કરાયા, (7) એક જ સ્થળે એક સરખા ક્ષેત્રફળના ભાવો ટેન્ડરમાં જુદા જુદા અને (8) ટીડીઆરની ફોર્મ્યુલા પણ બારોબાર અનુસરી. (દીવ્ય ભાસ્કર)

**તા. 5-4-2017 :**

• કેગના રીપોર્ટ મુજબ ફોર્મ્યુલા અવગણી મ્યુની.ને રૂ. 334 કરોડનો ચુનો લગાડ્યો. મ્યુની. કમીશનર મહાપાત્રાએ જંત્રી આધારીત લેન્ડ પ્રીમીયમ ફગાવ્યું હતું પરંતુ તેમની બદલી થયા બાદ નવા કમીશનરે જંત્રી આધારે લેન્ડ પ્રીમીયમ વસુલીને મંજુરી આપી હતી. રી- ડેવલપમેન્ટ માટે એવી ઝુંપડપટ્ટી પસંદ કરાઈ જ્યાં પ્લોટની જંત્રી ઉંચી હતી. (સંદેશ)

**તા. 6-4-2017 :**

• કેગના અહેવાલ બાદ હચમચી ગયેલું મ્યુની. તંત્ર. રૂ. 625 કરોડના ઝુંપડપટ્ટી વીકાસના કૌભાંડનો વકરી રહેલો વીવાદ. વધુ રૂ. 1500 કરોડના સ્લમ રી-ડેવલપમેન્ટ પ્રોજેક્ટનાં કામો પાઈપલાઈનમાં. (ગુજરાત સમાચાર)

'કેગ'ના છ રીપોર્ટ અમને મળ્યા નથી. ખરેખર તો 'Accredited Veteran Journalist' હોવાથી માહીતી ખાતાએ અમને આપવા જોઈએ. અહીં છ-સાત અખબારોમાં જે કંઈ છપાયું છે તે સારવીને રજુ કર્યું છે... શક્ય બનશે તો તેના પરની ટીપ્પણી હવે પછીના અંકમાં છાપીશું.

- દી0

❑

# પત્ર–સાર

છેલ્લા ત્રણેક વર્ષથી એવા ભળતા અને આભાસી 'દેશપ્રેમી'ઓનો રાફડો ફાટ્યો છે કે શાંત અને સ્વસ્થ ચીત્તે વીચારતાં જણાય છે કે રાષ્ટ્રજીવનની આ એક વેદનાજનક વીડંબના છે. દેશ-દેશપ્રેમ-દેશભક્તીનાં નામે કંઈક ભળતું જ દેશજનોને ભણાવાઈ રહ્યું છે. સાંપ્રત રાષ્ટ્રજીવનમાં હઠીલા બનેલાં હીન્દુત્વવાદી પરીબળો દીન-પ્રતીદીન બેકાબુ અને બેફામ બનતાં જાય છે. સત્તાપ્રાપ્તી બાદ તેઓ વધુ ને વધુ એમના ઈચ્છીત એજન્ડા મુજબ આગળ વધી રહ્યાં છે. દેશ ક્યાં જશે ? શું થશે શોષીત-પીડીતજનોનું ? સવાલોની એક અનંત યાતનાપ્રદ વણઝાર ઉમટે છે. આ સ્થીતીનાં મારણનો માર્ગ સૌ સક્રીયજનોએ શોધવો રહ્યો.

**- પી. એમ. પરમાર**

[વલ્લભ વીદ્યાનગર (મો) 99781 37576]

સાગરભાઈ રબારીએ આશરે 450 કીલોમીટરની પદયાત્રા કરી તેને હું બીરદાવું છું. ખેડુત અને ગામડાંઓની બરબાદી આ સરકારની નજરે ચડતી નથી તે દુઃખદ છે. વળી, અસ્પૃશ્યતાને કાયમ રાખવાનું ષડયંત્ર આ સરકાર કરી રહી છે... અંક ઘણો ગમ્યો... લાલ સલામ !

**- મંગળદાસ કોદરભાઈ વણકર**

[602/2-બી, સેક્ટર-6, ગાંધીનગર]

16/3ના અંકમાં યશવન્ત મહેતાનો લેખ વીચારપ્રેરક છે. 'સવાયા માનવ : જોસેફદાદા' માટે મણીલાલ સુથારને ધન્યવાદ ! 'માધુકરી' દ્વારા પણ વીચારોત્તેજક વાચન પીરસો છો...

**- બાબુલાલ ગોર**

[65, ભાનુશાળીનગર, કર્મભુમી એપા. સામે, ભખુજ (કચ્છ)]

16/3ના અંકમાં યશવન્ત મહેતાનો લેખ 'સૌથી ખતરનાક બોમ્બ...' વાંચીને મનમાં ઘોળાતાં વીચાર વ્યક્ત કરું : ભારતમાં સૌથી મોટી સમસ્યા - ચીંતા હોય તો તે છે ભારતના હીન્દુઓ અને મુસ્લીમો વચ્ચેની નફરત. આ નફરતના મુળીયા ઈતીહાસમાં પડ્યાં છે. મુસ્લીમો ભારતમાં ચડી આવ્યા, ઘણું લુટ્યું અને હીન્દુઓમાં ધર્મપરીવર્તન ખુબ કરાવ્યું. આથી બન્ને કોમ વચ્ચે નફરત ઉભી થઈ.

હીન્દુઓને મુસ્લીમ - ઈસ્લામનો ડર લાગ્યો કે ભારતમાં હીન્દુઓ બહુમતી ખોઈ દેશે અને ઈસ્લામ હાવી થઈ જશે. અંગ્રેજોએ ભારતને ગુલામ બનાવ્યો, ખુબ લુંટ્યો અને નવી સભ્યતા, વીજ્ઞાન, વ્યવસ્થાઓ આપી. અંગ્રેજોએ ખુબ જુલ્મો કર્યા, બ્રીટીશ મીશનરીઓએ ધર્મપરીવર્તન કરાવ્યું છતાં પણ હીન્દુઓને મુસ્લીમ જેટલો ભય અંગ્રેજો, ઈસાઈઓ તરફથી નથી લાગ્યો. મુસ્લીમો તરફથી ભય લાગવાનું કારણ એક નથી અનેક કારણો છે. મુસ્લીમ શાસકોએ અનેક મંદીરો તોડ્યા, મુસલમાન બનાવવા (કોઈપણ રીતે) હીન્દુઓને મજબુર કર્યા (પછાત હીન્દુઓ મુસ્લીમો થયા તેના પણ અનેક કારણો છે. જેમાં મુખ્ય કારણ હીન્દુ સવર્ણો તરફથી થતાં ઉંચનીચના ભેદભાવ અને શોષણ છે.) આઝાદી મળી, પાકીસ્તાન થયું (ભારતના ભાગલા થયા). હીન્દુઓમાં ઈસ્લામનો ભય વધારે મજબુત થયો. ભારતમાં થતાં હીન્દુ-મુસ્લીમ દંગા, કાશ્મીર, સમસ્યા, આતંકવાદ, રામજન્મભુમી - બાબરી મસ્જીદ, રાજકીય પક્ષોનું મત બેન્કનું રાજકારણ, હજ સબસીડી, શાહબાનુ કેસ, ત્રણ તલાક, સમાન સીવીલ કોડનો અભાવ વગેરે કારણોથી હીન્દુ પ્રજાનો ભય વધતો જાય છે. એવું કહી શકાય કે ભાજપા આ ભયનો ઉપયોગ સત્તા માટે કરે છે. હીન્દુવાદી સંસ્થાઓ આઝાદી સમયથી હીન્દુ રાષ્ટ્રવાદ ઈચ્છે છે અને દેશની હીન્દુ પ્રજાએ એટલે જ ભાજપાને મત આપ્યા છે. થોડાક બીનસાંપ્રદાયીકો, રેશનાલીસ્ટો વગેરેનો મત એ ભારતની જનતાનો મત નથી. આજ દેશમાં 90 ટકા ઉપરાંત લોકોને ધર્મનીરપેક્ષતા શું છે એની ખબર નથી. ઈશ્વર-ધર્મ-સંપ્રદાય સીવાય જીવી શકાય એવી માન્યતા દેશના અધીકાંશ લોકોને ખબર નથી.

ઉપાય : દેશના હીન્દુ સમાજને ઈસ્લામીક વીસ્તારવાદના ભયથી મુક્ત કરવામાં આવે. સમાન સીવીલ કોડનો અમલ થાય. ધર્મઆધારીત સબસીડીઓ બંધ થાય. (આ લખું છું ત્યારે આદીત્યનાથે યુપીમાં માનસરોવર જનારને એક લાખ રુપીયાની સહાય જાહેર કરી છે.) કાશ્મીરમાં વીશેષ કલમ ખતમ થાય, પંડીતોની વાપસી થાય અને પ્રશ્ન ઉકેલાય. મુસ્લીમો પણ ભારતના નાગરીકો છે અને હીન્દુઓના દુશ્મન નથી એવું ગળે ઉતારવા માટે દેશના બૌદ્ધીકો પ્રયત્ન કરે. ભાજપા, આરએસએસ, વીહીપ, બજરંગ દળ કે શીવસેનાને હીન્દુઓના ઠેકેદાર બનવાનો મોકો મળવો ન જોઈએ. હીન્દુઓના માનસમાંથી ઈસ્લામના વીસ્તારવાદનો ભય કાઢવો જ પડશે, નહીંતર ખતરનાક બોમ્બ ફાટતાં જ રહેશે.

**- કાંતીલાલ છ. ભુત**

[રાજકોટ (મો) 98985 17718]

1969ની સાલમાં નાગપુર વીદ્યાપીઠના પ્રા. માધવરાવ દેશમુખે ‘મધ્યયુગીન ભારતનો ઈતીહાસ’ નામનો ગ્રંથ લખ્યો. એ ગ્રંથ જ્યારે બહાર પડ્યો ત્યારે મહારાષ્ટ્ર ઈતીહાસ સંશોધક મંડળ અને મહારાષ્ટ્રના બ્રાહ્મણોએ ખુબ હોબાળો મચાવ્યો, કારણ, પુસ્તકમાં એક વીધાન એવું હતું કે સમર્થ રામદાસ સ્વામી (શીવાજી મહારાજના ગુરુ) ઔરંગઝેબ બાદશાહના જાસુસ હતા. આ પુસ્તક પર પ્રતીબંધ મુકવાની જોરદાર માંગણી થઈ. ઠેકઠેકાણે વીરોધ પ્રદર્શન થયું. નાછુટકે મહારાષ્ટ્રની સરકારને પ્રતીબંધ લાદવો પડ્યો. પ્રા. દેશમુખને ન્યાય માટે કોર્ટના પગથીયા ચઢવા પડ્યા. તર્કબદ્ધ દલીલો અને ઠોસ પુરાવાઓ સાથે એમણે પોતાના ધારદાર વીચારો કોર્ટ સમક્ષ મુક્યા. કોર્ટે પ્રતીબંધ ઉઠાવી લીધો.

મારે આ લખવાનું કારણ એટલું જ કે તાજેતરમાં શીવાજી જયંતી ઉત્સવ નીમીત્તે વડોદરામાં મરાઠાઓએ ખુબ વીશાળ જુલુસ કાઢ્યું. બીજે દીવસે એક મીત્ર રસ્તામાં મળ્યા અને કહેવા લાગ્યા કે તમારા મરાઠાઓનું આટલું મોટું જુલુસ નીકળ્યું પણ એમાં તમે ન દેખાયા ! મારે કહેવું પડ્યું કે ભાઈ ! મારા શીવાજી જુદા છે. આ લોકો જે શીવાજીને ઓળખે છે તે જુદા છે ! ચર્ચા આગળ ચાલી : ‘અરે ભાઈ ! આમ કેમ બોલો છો ? શીવાજી તો એક જ હોય ને !’ લાંબી દલીલમાં ન પડતાં મેં કહ્યું કે, ‘મારા શીવાજી સેક્યુલર - ધર્મનીરપેક્ષ હતા. એમના સૈન્યમાં મુસલમાનો પણ હતા અને દલીત પણ હતા. શીવાજી મહારાજ સંકુચીત નહીં પણ એક રાષ્ટ્રપુરુષ હતા.

કોમરેડ ગોવીંદ પાનસરેનું ‘શીવાજી કોણ હતા’ એ પુસ્તકની લાખો નકલ છપાઈ. પાનસરેના શીવાજી પણ જુદા હતા. એટલે એમણે જે વીચારો પોતાના પુસ્તકમાં મુક્યા. એ વીચારોને સંકુચીત માનસ ધરાવતા હીન્દુવાદી પરીબળો પચાવી શક્યા નહીં. એટલા માટે જ કોમરેડ ગોવીંદ પાનસરેની હત્યા થઈ.

**- સુભાષ પાળેકર**

[વડોદરા (મો) 9998345602] ❑

# ઉત્તરપ્રદેશ વીધાનસભામાં મહીલાઓ

### ગાર્ગી વૈદ્ય

કોઈને ગમે કે ન ગમે, પરંતુ તા. 11 માર્ચ, 2017ને દીવસે દેશનાં પાંચ રાજ્યોની વીધાનસભાઓ માટેની ચુંટણીનાં પરીણામ એ રાજ્યો જ નહીં, સમગ્ર દેશનાં સુખશાંતી અને ભાવીના સંદર્ભમાં ખુબ અગત્યનાં છે. એમાં પણ ઉત્તર પ્રદેશ (ઉ.પ્ર.)નાં જે પરીણામો છે તે વર્તમાન અને ભાવી બન્ને માટે દુરગામી અસર આણવાનાં છે. આ પરીણામોમાં દેશના નારીજગત માટે પણ કાંઈક વીશેષ છે, જે ભવીષ્યમાં રાજકારણમાં સ્ત્રીઓની વીશેષ ભાગીદારીનો સંકેત આપે છે. પ્રથમ આપણે એ જોઈશું અને પછી ઉ.પ્ર.માં કેટલીક નારીઓએ ભજવેલી ભુમીકા વીશે વાત કરીશું.

સર્વપ્રથમ વાત એ છે કે ઉ.પ્ર.ની વીધાનસભામાં આ વેળા અત્યાર સુધીની સૌથી મોટી સંખ્યામાં (38) બહેનો ચુંટાઈ છે ! આ અગાઉ સારી એવી સંખ્યામાં બહેનો 1985માં 31 જેટલી ચુંટાઈ હતી. પરંતુ તે પછીની જ ચુંટણીમાં 1989માં 18 ચુંટાઈ હતી. 1991માં તો ફક્ત 10, 1993માં 14, 1996માં 20 અને 2002માં 26 ચુંટાઈ હતી. પરંતુ 2007માં જ્યારે સમાજવાદી પાર્ટી (સપા)ને બહુમતી મળી ત્યારે વીધાનસભામાં માત્ર ને માત્ર 3 (ત્રણ) બહેનો હતી ! જોકે 2012માં પણ બહુમતી તો સપાની હતી, પરંતુ વીધાનસભામાં 35 બહેનો હતી. જે એ ચુંટણી સુધીનો રેકોર્ડ હતો. 2017માં એ રેકોર્ડ તુટ્યો છે. આ બન્ને આંકડા દર્શાવે છે કે ઉ.પ્ર. જેવા પછાત રાજ્યમાં પણ સ્ત્રીઓનો મહીમા ક્રમશ: વધી રહ્યો છે. અલબત્ત, એ સંતોષજનક તો નથી જ. 403ના ગૃહમાં 38 સ્ત્રીઓ એટલે આશરે 9 ટકા થાય. જ્યારે સ્થાનીક સ્વરાજની સંસ્થાઓમાં ક્યાંક 33 ટકા અને ક્યાંક 50 ટકા સુધીનું પ્રતીનીધીત્વ બહેનોને ફાળવાયું છે ત્યારે ધારાગૃહોમાં પણ 50 ટકા અને એ નહીં તો 33 ટકા પ્રતીનીધીત્વ તો મળવું જ જોઈએ. જ્યારે એ સીધ્ધ થશે ત્યારે આદરણીયા ગીતા મુખરજીની આજીવન ઝુંબેશ સાર્થક થશે અને આપણે એ આદર્શ મહીલાને યોગ્ય અંજલી આપી ગણાશે.

અચ્છા, આજે 38 બહેનો ઉ.પ્ર.ની વીધાનસભામાં ચુંટાયાં છે એમાં ભારતીય જનતા પાર્ટીનાં 32, બહુજનસમાજ પાર્ટી અને કોંગ્રેસનાં બબ્બે તથા સમાજવાદી પાર્ટી અને અપના દળનાં એકએક બહેન છે. ભારતીય જનતા પાર્ટીનાં ચુંટાયેલાં સાત(7)માં એ લગભગ ત્રીસ ટકા ગણાય. અમને આશા છે કે સમય જેમ જેમ આગળ વધતો જશે અને સ્ત્રીઓ પોતાનું વજુદ સીધ્ધ કરતી થશે તેમ તેમ એમનું પ્રતીનીધીત્વ જરુર વધશે.

હવે આપણે ઉ.પ્ર.ની તાજેતરની વીધાનસભામાં ચુંટણીમાં સ્ત્રીઓની ભુમીકા ઉપર ઉડતી નજર નાખીએ.

અહીં પ્રથમ જ નામ સુશ્રી માયાવતીનું લેવું પડે. દલીત ઘેર જન્મીને ઉ.પ્ર. જેવા વીરાટ રાજ્યમાં ચાર ચાર વખત મુખ્ય પ્રધાનનું પદ હાંસલ કરનાર માયાવતી માત્ર ઉ.પ્ર.ના જ નહીં, પુરા ભારતના આઝાદી પછીના ઈતીહાસનું એક વીશીષ્ટ પાત્ર છે. લગભગ 40 વર્ષ અગાઉ કાંશીરામ નામના એક દલીત સરકારી અધીકારીએ દલીતોને સંગઠીત કરવાનું કામ ઉપાડ્યું હતું. બામસેફ નામનું સંગઠન રચીને તેઓએ દલીતોને અધીકારો બાબત જાગ્રત કરવાનું અને રાજકારણમાં રસ લેતા કરવાનું કામ શરુ કરેલું. એકવાર એક અતી તેજસ્વી યુવતી એમના સંપર્કમાં આવી જે આઈએએસ (સનદી સેવા) માટે તૈયારી કરી રહી હતી. એ યુવતી કલેક્ટર તો રમતાં રમતાં થઈ જાય એવી કાબેલ જણાતી હતી. કાંશીરામે એને સુચવ્યું કે બહેન, રાજકારણમાં જા. દલીતોનું પ્રતીનીધીત્વ કર. છેવટ પ્રધાન તો થઈશ જ. કલેક્ટર બનીને તારે પ્રધાનો સામે જીહજુરી કરવી પડશે. પ્રધાન બનીશ તો અનેક કલેક્ટરો તારી સામે જીહજુરી કરશે ! એ યુવતી માયાવતી. એમણે દલીતો (અને પછીથી અન્ય વર્ગો)ની બહુજન સમાજ પાર્ટી (બીએસપી) રચી. કેટલોક સમય એમને ભારે સફળતા મળી. જુદા જુદા સમયે ચાર વાર તો ઉ.પ્ર. જેવા રાજ્યનું મુખ્યમંત્રી પદ મળ્યું. પરંતુ એ સફળતાએ બહેનને ગર્વીષ્ઠ બનાવ્યાં. પોતાનાં અને પોતાના ગુરુ કાંશીરામનાં અને પોતાના પાર્ટીના ચુંટણીચીહ્ન હાથીનાં સંખ્યાબંધ વીરાટ પુતળાં રચાવ્યાં. તમે ગુરુ અને હાથી-હરણનાં પુતળાં રચાવો એ તો ઠીક, તમારી જાતને એટલી બધી મોટી માનવા લાગો એટલે પતન નીશ્ચીત ! વળી, ઘણાખરા લોકો પોતાની જીતની એક ફોર્મ્યુલાને સતત પકડી રાખે છે. સમયાનુસાર એમાં પરીવર્તન કરતા નથી. માયાવતી પણ સમય વરતવામાં નીષ્ફળ ગયાં. આ ચુંટણી (2017)માં એમની પાર્ટીને 403માંથી માત્ર 19 (ઓગણીસ) બેઠકો પર જીત મળી. બહેન માયાવતી અને એમની પાર્ટીનું ઉ.પ્ર. ઉપરાંત નહીંવત્ ચલણ છે. એ દૃષ્ટીએ જોતાં એમનું અને પાર્ટીનું નહીંવત્ રાજકીય ભવીષ્ય છે. જો એમનામાં સમયાનુસાર ચાલવાની દૃષ્ટી બચી હોય તો એમણે વીરાટ ભાજપા સામેના મોરચામાં સામેલ થઈ જવું જોઈએ.

અમને જે બીજું નામ તરત જ યાદ આવે છે જે માણેકા ગાંધી છે. મહાશક્તીશાળી ઈન્દીરા ગાંધીનાં આ નાનાં પુત્રવધુ નાની ઉંમરમાં વીધવા બન્યાં. વળી ઈન્દીરાજીના ખુન પછી રાજીવ ગાંધી વડાપ્રધાન બન્યા અને એમનાં પત્ની સોનીયા ગાંધીનો મહીમા વધ્યો.

માણેકાએ ગાંધી પરીવાર અને કોંગ્રેસથી અલગ પડવાનું પગલું લીધું. એ વાતો એંશીના દાયકાની. એ દરમીયાનમાં ભાજપાનું પલ્લું ખાસ કરીને ઉ.પ્ર.માં નમવા લાગ્યું હતું. માણેકાને પોતાનું અને પુત્ર વરુણ ગાંધીનું ભાવી ભાજપામાં દેખાયું. એ ભાજપામાં ભળ્યાં. એ પાર્ટીએ મા-દીકરાને બન્નેને આગળ કરવા માંડ્યાં. 1996થી 2004 દરમીયાન અને 2014 પછી કેન્દ્રમાં ભાજપા સરકારો રચાઈ એમાં માણેકા ગાંધીને પ્રધાનપદ અપાયું. 2017ની ઉ.પ્ર. વીધાનસભાની ચુંટણી આવતાં વરુણભાઈને લાગ્યું કે બહુમતી ભાજપાને જ મળશે. પોતાનું નામ સંભવીત મુખ્યમંત્રી તરીકે ઉછળે એવી કોશીશ કરી. પરીણામે એ પાર્ટીએ તો વરુણભાઈનું નામ મુખ્ય પ્રચારકોમાંય ન રાખ્યું. વરુણે કેટલીક કડવીવાણી ઉચ્ચારી છે. ઉ.પ્ર.નાં આ પરીણામ આ મા-દીકરાના ભાવીને બદલે એવી પુરી શક્યતા છે.

ઉ.પ્ર. વીધાનસભાની ચુંટણી વેળા કોંગ્રેસ પ્રમુખ સોનીયા ગાંધીના પુત્ર રાહુલ તો કોંગ્રેસના એકમાત્ર પ્રતીનીધી દેખાયા. મઝાની વાત એ બની કે સોનીયાજીનાં દીકરી પ્રીયંકાને મેદાનમાં ઉતારવાની માગ વારંવાર થઈ અને એ માગની સતત સતત ઉપેક્ષા થતી રહી. કેમ ? સમગ્ર ચુંટણી-પ્રચાર દરમીયાન પ્રીયંકા એકવાર, માત્ર એકવાર પ્રવચન કરવા આવ્યાં. કેમ ? વાસ્તવમાં, 2014ની લોકસભા માટેની ચુંટણીઓ દરમીયાન પણ આ આકર્ષક ચહેરાને જનતા સમક્ષ લાવવાની માગ થતી રહી. પ્રીયંકાને રજુ કરવામાં ન આવ્યાં ? કેમ ? મોટાં લોકોનાં મોટાં રહસ્ય હોય. એમાં ગાર્ગી વૈધની ચાંચ ન ડુબે. પરંતુ ઉ.પ્ર.ની ચુંટણીના એક અગત્યના નારી પાત્રનો આ ઓઝલવાસ ભલભલાંને મુંઝવે એવો છે. એમને મેદાનમાં ઉતારવાથી કોંગ્રેસને લાભ થાત ખરો ? દાયકાઓથી જે અમેઠી અને રાયબરેલી નહેરુ-ગાંધી પરીવારના ગઢ રહ્યા છે તે આ વખતે ભાંગી પડ્યા. પ્રીયંકા એટલું તો બચાવી શક્યાં હોત !

એક નામ રીટા બહુગુણા જોશીનું છે. નહેરુના જમાનાથી અગ્રણી કોંગ્રેસી રહેલા હેમવતીનંદન બહુગુણાનાં આ દીકરી લગભગ એક દાયકા સુધી તો ઉ.પ્ર. કોંગ્રેસનાં પ્રમુખ રહ્યાં. હવે, 2017માં કોણ જાણે કયે આકર્ષણે એ ભાજપામાં ભળ્યાં. એનાં ઉમેદવાર બન્યાં. જીત્યાં પણ ખરાં. જો કે ઉ.પ્ર.ના મુખ્યમંત્રી પદ માટે જે નામો બોલાય છે એમાં રીટા બહુગુણા જોશીનું નામ ક્યાંય નથી. હા, પ્રધાન પદની સંભાવના ખરી.

આ રીટા બહુગુણા જોશીની સામે સમાજવાદી પાર્ટી(સપા)એ વડીલ મુલાયમસીંહ યાદવનાં નાનાં પુત્રવધુ અપર્ણા યાદવને ઉભાં કર્યાં હતાં. આ ચુંટણી નીમીત્તે જ

*જે અમેઠી અને રાયબરેલી નહેરુ-ગાંધી પરીવારના ગઢ રહ્યા છે તે આ વખતે ભાંગી પડ્યા. પ્રીયંકા એટલું તો બચાવી શક્યાં હોત !*

જાહેરમાં આવેલાં આ યુવતી સાચે જ બુધ્ધીશાળી અને પ્રતીભાશાળી છે. સામાન્ય સંજોગોમાં એ જરુર જીત્યાં હોત.

મુલાયમસીંહનાં આ નાનાં પુત્રવધુ અને મોટાં ડીમ્પલ આ ચુંટણીમાં જ પ્રગટ થયાં. જુનાં રજવાડાંમાં વહુઓને - રાણીઓને ઓઝલ-પડદામાં રાખવામાં આવતાં. મુલાયમ-સામ્રાજ્યમાં પણ પુત્રવધુઓની સ્થીતી આ જ હોય. માત્ર આ વખતે જીવસટોસટનો ચુંટણીજંગ હતો એટલે બન્ને પુત્રવધુઓ પણ બહાર આવી. જુના જમાનાની જેમ જ જનતા એમને જોવાના કુતુહલથી એમની સભાઓમાં આવી. પરંતુ રજવાડી જમાનો તો હવે રહ્યો નથી. જનતાએ મત તો ભાજપાને જ આપ્યા !

રજવાડી પ્રકારની પુત્રવધુઓની જ વાત છે ત્યારે સાચે જ એક જુના રજવાડાની બે પુત્રવધુઓ (અથવા રાણીઓ) વીશે પણ બે શબ્દ આસ્થાને નહીં ગણાય. અગાઉ નહેરુ- ગાંધી પરીવારનું ‘રજવાડું’ ગણાતું તે અમેઠી મુળે એક દેશી રજવાડું હતું. એ રાજકુળના નબીરા સંજય સીંહ લગભગ હંમેશાં નહેરુ-ગાંધી પરીવારની સાથે રહ્યા છે. આ ‘રાજાજી’ને બે રાણીઓ છે. મોટાં ગીરીમા સીંહ અને નાનાં અમીતા સીંહ. સાધારણ રીતે રાજકારણમાં સંજય સીંહ અને અમીતા ભાગ લેતાં. હમણાં વળી કૌટુંબીક ઝઘડો થઈ ગયો અને તાજેતરની ચુંટણીમાં મોટાં રાણી ગીરીમા સીંહને ભાજપાએ પોતાની તરફ ખેંચી લીધાં, એટલું જ નહીં, અમેઠીની વીધાનસભા બેઠક માટે એમને પોતાનાં ઉમેદવાર બનાવ્યાં. સામે નાનાં રાણી અમીતા કોંગ્રેસનાં ઉમેદવાર બન્યાં. હવા ભાજપા ભણી વહેતી હોવાથી ગીરીમા જીત્યાં છે. એમની આ જીત પરીવારમાં કડવાશ વધારવાનું જ કામ કરશે.

છેલ્લે બે અન્ય મહીલાઓનો ટુંકો ઉલ્લેખ કરીને ઉ.પ્ર. મહીલાપુરાણ પુરું કરીશું. વતન મધ્ય પ્રદેશમાં અળખામણાં બનેલાં સાધ્વી ઉમા ભારતી આજકાલ ઉ.પ્ર.માં ભાષણો કરે છે. આ ચુંટણીપ્રચારમાં એમણે ફાળો આપ્યો. ટીવી પડદેથી રાષ્ટ્રીય રાજકારણ સુધી પહોંચેલાં સ્મૃતી ઈરાની અમેઠીની લોકસભા ચુંટણી રાહુલ ગાંધી સામે હારેલાં. એટલે આ ચુંટણી વેળા એમણે જોશભેર પ્રચાર કરેલો. ઉ.પ્ર.માં કોંગ્રેસ લગભગ સાફ થઈ ગઈ એનો આ માનનીયાને ભારે આનંદ છે. ટુંકમાં, 2017ની ઉ.પ્ર.ની વીધાનસભાની ચુંટણીમાં નારીશક્તી વધુ શક્તીશાળી નીવડી છે. આનંદ, આનંદ. ❑

# અહમ્‌નો ટકરાવ

**પ્રદ્યુમ્ન આચાર્ય**

ઘણીવાર કલ્પના કરતાં હકીકત વધુ રોચક, વીસ્મયજનક અને કેટલીક વાર આઘાતજનક બની રહેતી હોય છે. હું એક જીલ્લા પંચાયતમાં સર્વીસ કરતો હતો ત્યારે જીલ્લા શીક્ષણ સમીતીનો વહીવટ મને સુપ્રત કરવામાં આવેલો. જો કે મારે જીલ્લા શીક્ષણ સમીતીના વહીવટ સાથે કોઈ જ લેવાદેવા ન હતી. મને કાયદેસરના કોઈ જ અધીકાર ન હતા. પરંતુ જીલ્લા શીક્ષણ સમીતીના વહીવટ અંગે અનેક ફરીયાદો જાહેરમાં પણ ચર્ચાતી હતી. દરેક શીક્ષણ સમીતી પોતાને એક નાનું સરખું રજવાડું સમજતી હતી અને ખાસ કરીને ગુજરાત હાઈકોર્ટના એક ચુકાદા મુજબ શીક્ષણ સમીતીને લગભગ સ્વાયત્ત અધીકારો છે તેવું તેનું વલણ હતું. ભ્રષ્ટાચારની ફરીયાદો કાયમની બાબત હતી. આથી તેમાં ફેરફારની જરુરીયાત છે, તેમ જણાતા મારી સ્વતંત્ર અલગ કામગીરી ઉપરાંત શીક્ષણ સમીતીના વહીવટની જવાબદારી પણ મને સોંપવામાં આવી. તેમાં મુખ્યત્વે શીક્ષકોની બદલી, ખાતાકીય તપાસ અને અન્ય બાબતનો સમાવેશ થતો હતો. બદલીની ભલામણો અને રુબરુ રજુઆત માટે આવતા શીક્ષકોને સાંભળવામાં જ મારો સમય વ્યતીત થતો. આ નવી આવી પડેલી કામગીરી પુરી કરવામાં મોડે સુધી બેસવું પડતું હતું.

શીક્ષણ સમીતીનો વહીવટ શાસનાધીકારી જ સંભાળતા હોય છે. મને તેવા કોઈ જ કાયદાકીય અધીકાર ન હતા. તેથી તેની સહી કરેલા કોરા કાગળ મારી પાસે રહેતા. અગર હું જે કાંઈ નીર્ણય લેતો તેના પર શાસનાધીકારીએ માત્ર મતું મારવાનું રહેતું.

એક દીવસ એક શીક્ષક ઉંમર અંદાજે પચાસની હતી તે પોતાની બદલી માટે મળવા આવ્યા. તે ઉપશીક્ષક હતા. તેમની સાથે થયેલી વાતચીત કાંઈક આ મુજબની હતી :

શીક્ષક : ‘સાહેબ, મારી બદલી કરાવવા આવ્યો છું.’

‘હાલ ક્યાં છો, કેટલા સમયથી છો, તમારું વતન ક્યાં આવેલ છે તેની વીગત આપો.’

તે વીગત તેણે આપી.

‘તમારા પત્ની શું કરે છે ?’

‘તે પણ શીક્ષીકા જ છે.’

‘તમે બન્ને એક જ ગામમાં એક જ સ્થળે કામ કરો છો ?’

‘હા સાહેબ.’

‘તમે ઉ.શી. છો. તો મુ.શી કોણ છે ?’

હવે શીક્ષણ જગતની ટર્મીનોલોજી જેવી કે ઉ.શી. એટલે - ઉપશીક્ષક : મુ.શી. એટલે મુખ્યશીક્ષક - કે.ની. એટલે કેળવણી નીરીક્ષક, એ.ઓ. એટલે શાસનાધીકારી. ડેટમ ગ્રાન્ટ. મધ્યસ્થ શાળા, પે સેન્ટર વગેરેનો સહજ રીતે પરીચય થઈ ગયો હતો. શીક્ષક કાંઈ જ બોલ્યા નહીં. મેં ફરીથી પુછ્યું - ‘મુ.શી. કોણ છે ?’

કાંઈક સંકોચપુર્વક અને માહીતી ન આપવી પડે તેવી ભાવનાથી બોલ્યા, ‘મારા ઘરવાળા.’ આ સાંભળી મને જબરજસ્ત આંચકો લાગ્યો. મને મારા કાન પર વીશ્વાસ ન બેઠો.

મેં કહ્યું, ‘ભલા માણસ, તમે બન્ને એક જ શાળામાં એક જ જગ્યાએ સર્વીસ કરો છો, તો પછી બદલી માગવાનું કારણ શું ? અહીં તો અલગ અલગ સ્થળે કામ કરતાં શીક્ષકો એક જ સ્થળે ભેગા થવા માટે ધમપછાડા કરે છે. આકાશ-પાતાળ એક કરે છે. કતારમાં ઉભા રહે છે. જ્યારે તમે બન્ને તો એક જ સ્થળે સાથે કામ કરો છો. તો પછી બદલી માગવાનું કારણ શું ?’

શીક્ષક કાંઈ બોલ્યા નહીં. તેનો મનોવ્યાપાર કંઈક ન સમજાય તેવો હતો. ફરી જ્યારે મેં સવાલ દોહરાવ્યો ત્યારે સંકોચપુર્વક કોઈ સાંભળતું નથી તેની ખાત્રી કરી બોલ્યા : ‘સાહેબ, મારા દુઃખની વાત કોને કહું ? મારી બૈરી મારી વેરી બની ગઈ છે. શાળામાં મને પાઈનો કરી નાખે છે. ફ્રી પીરીયડ મને જ વળગાડે છે. રજીસ્ટરો આંકવા, પગાર બીલ બનાવવા જેવી બીજી કામગીરી મને જ વળગાડે છે. બીજા શીક્ષકોના દેખતા મને ઉંચા અવાજે બોલે છે. બીજા શીક્ષકો મારી હાંસી ઉડાવે છે. પોતે મુ.શી. છે તેનું તેને જબરું અભીમાન છે. સાહેબ, આ ગા-ગાળેથી છોડાવો. હવે આ સહન થતું નથી. ઘરે હું કાંઈક કહું તો તુરત રોકડું પરખાવે છે, ધમકી આપે છે, ‘તમો શાળામાં કહો છો ઘરે આવી જુઓ.’ મને રમુજ થઈ. મેં પુછ્યું, ‘તમે તેને શાળામાં કહો છો, ઘરે આવી જો’.

શીક્ષક જરા શરમાતા બોલ્યા ‘હા, સાહેબ, એવું તો ખરું જ.’

હું ખડખડાટ હસી પડ્યો. ‘તમારા પત્ની ઘરે આવે ત્યારે થોંટ-ટપલી કરો એવું ખરું ?’ તે બોલ્યા, ‘તે કરે તેવું હું કરું.’ મેં હસવું ખાળી રાખ્યું. તેમને સાંભળ્યા બાદ મારી મુંઝવણ વધી ગઈ. તેમને કેમ કરી સમજાવવા તે મારે માટે કોયડો થઈ પડ્યો. પછી હું બોલ્યો, ‘જુઓ સાહેબ, તમે એક શીક્ષક છો તેનો હું આદર કરું છું. પણ તમે મને જે રજુઆત કરી તેનો શાંતચીત્તે વીચાર કરી જુઓ. પછી ક્યાંક એવું ન થાય કે પસ્તાવો કરવાની ઘડી જ ન રહે.’ તેણે કહ્યું ‘મેં બધું જ વીચારી લીધું છે. હવે અમારે છુટા પડી ગયે જ છુટકો છે. મને આ ત્રાસમાંથી છોડાવવાની વીનંતી કરું છું.’ મને લાગ્યું કે શીક્ષક માને એમ નથી.

એટલે કહ્યું, 'ઠીક છે, આવતી કાલે બપોર પછી આવી બદલીનો ઓર્ડર લઈ જજો.'

આમ કહી તેને રવાના કર્યા. બીજા દીવસે તે જ સમયે તેના પત્નીને પણ બોલાવ્યા. જેની તેના પતીને ખબર ન હતી. બીજે દીવસે શીક્ષક આવ્યા તેના પત્નીને જોઈને તે અકળાયા. કતરાતી નજરે જોવા લાગ્યા. તેના પત્નીને ખુરશી પર બેસાડ્યા. મેં શરુઆત કરી, 'બહેન, તમે બન્ને એક જ શાળામાં એક જ સ્થળે નોકરી કરો છો ?'

'હા સાહેબ.'

'તમારા પતીએ તેની બદલી અન્ય સ્થળે કરવા અરજી આપી છે. તેની તમને ખબર છે ? અહીં તો જુદા જુદા સ્થળે નોકરી કરતા પતી-પત્ની એકસાથે થવા પ્રયત્નો કરે છે. તમે બન્ને તો જુદા થવા તૈયાર થઈ ગયા છો. તમે મુ.શી. છો અને તે ઉ.શી. છે. પણ તેથી શું થઈ ગયું ? છેલ્લે તો તમે પતી-પત્ની છો.'

'સાહેબ એને એ જ વાંધો છે. હું મુ.શી. છું અને તે ઉ.શી. છે, તે તેનાથી સહન થતું નથી. તેનું અહં ઘવાય છે. એટલે હું શાળામાંથી ઘરે જાઉં ત્યારે મારઝુડ કરે છે. સાહેબ હું પણ ગળે આવી ગઈ છું.'

'તે તમને મારઝુડ કરે તેનો બદલો તમે શાળામાં લો છો. કેમ ખરું ને ?

'સાહેબ, તે કરે છે એવું હું કરું છું. હવે તો હું પણ ત્રાસી ગઈ છું. કાં તો તેને બદલી આપો અગર મને ક્યાંક બદલી આપો. રોજેરોજના ત્રાસમાંથી છોડાવો.'

તેના પતીને તેની પત્નીની રુબરુ બોલાવ્યા. મેં કહ્યું : 'તમને બન્ને સાંભળ્યા છે. તમે બન્ને સાથે રહી શકો તેવું લાગતું નથી. તમે થોડીવાર બહાર બેસો તમારી બદલીના હુકમ લઈને જજો.'

પછી સ્ટેનોને બોલાવી ડીક્ટેશન આપી બદલીનો ઓર્ડર તૈયાર કરાવ્યો. બન્નેને જીલ્લાના દુરના સ્થળે ઉત્તર-દક્ષીણ દીશામાં બદલી કાઢ્યા. ઓર્ડર બન્નેના હાથમાં આપી દીધા અને પછી કહ્યું 'તમારી માગણી મુજબ બન્નેની બદલીના હુકમ કરી દીધા છે. નવા બદલીના સ્થળે હાજર થઈ જાઓ.' આમ કહી મેં બીજી ફાઈલો હાથ પર લીધી.

બદલીનો હુકમ વાંચી તેમના પર જાણે વીજળી પડી. ધરતી ગોળ ગોળ ફરતી હોય તેવું લાગ્યું. ઘડીભર દીગ્મુઢ બની ગયાં. બન્ને ચેમ્બરની બહાર નીકળી ગયા. બધી સુધબુધ ખોઈ બેઠા. એક માની લીધેલા અહં અને પુર્વગ્રહો તેમને ક્યાં દોરી ગયા ?

બીજે દીવસે તે બન્ને મળવા આવ્યા. 'સાહેબ, આ તો ગજબ થઈ ગયો. જીલ્લાના છેવાડાના ગામે ઉત્તર દક્ષીણ દીશામાં ફેંકી દીધા. અમે અઠવાડીયે એકવાર પણ ન મળી શકીએ.' મેં કહ્યું 'હું તેમાં કાંઈ ન કરી શકું. તમે બદલી માગી હતી, તમારી ઈચ્છાનુસાર બદલી કરી આપી છે. હવે બદલીવાળા સ્થળે હાજર થઈ જાઓ.'

બન્ને ક્યાંય સુધી ખુરશી પર બેસી રહ્યા. શીક્ષીકાબહેન રડવા લાગ્યા, 'સાહેબ, અમારી ભુલ માફ કરો. અમને બન્નેને બોધપાઠ મળી ગયો છે. પણ મહેરબાની કરી બદલીનો હુકમ રદ કરો.' શીક્ષક બોલ્યા : 'સાહેબ અમે ન કરવાનું કરી બેઠા. અમે બન્ને અમારા તોરમાં હતા. તમે સમજાવવાની કોશીશ કરી પરંતુ અમે અમારું હીત જોઈ શક્યા નહીં. અમે એકબીજાથી જુદા રહેવાની કલ્પનાથી ધ્રુજી ઉઠીએ છીએ.' મેં કહ્યું, 'આ બધું પહેલેથી વીચારવાની જરુર હતી.' બહેનને થયું કે તે મુખ્ય શીક્ષીકા છે તેના અહંમાં વીવેક ચુકી ગયા અને તમને પતી હોવાનું અભીમાન હતું. તમારા પત્ની મુખ્ય શીક્ષીકા હતા તે તમારાથી સહન થયું નહીં. તમને તો ઉલટું તમારા પત્ની મુખ્ય શીક્ષીકા હતા તેનું ગૌરવ થવું જોઈતું હતું. તેના કામમાં તમે મદદ કરી શક્યા હોત. પણ વીવેક ચુકી ગયા. પછી તે બહેનને કહ્યું : તમે એક વાત ભુલી ગયા કે તમે મુખ્ય શીક્ષીકા તરીકે માત્ર અઠ્ઠાવન વર્ષ સુધી જ હતા. ત્યારબાદ તમારે તમારા પતી સાથે જ રહેવાનું હતું. તમે બન્ને એકબીજાના પુરક થઈને રહી શક્યા હોત. લગ્ન જીવનની સફળતાનો પાયો પરસ્પરની સમજણ અને પ્રેમ છે. આ વાત બીજા કોઈએ કહેવાની જરુર ન હોય. તમે જાતે જ બીજા શીક્ષકો માટે મનોરંજનનું સાધન બની રહ્યા. ગામમાં લોકો હાંસી કરે તે જુદું. તમે શાળામાં આ જાતનું વર્તન કરો તેની બાળકો પર કેવી અસર પડે તેનો ક્યારેય વીચાર કર્યો છે ખરો ? શીક્ષકો પાસેથી સમાજ ઉચ્ચ વર્તનની આશા રાખે છે. તમે માની લીધેલા અહમ્‌માં આ સઘળું વીસરી ગયા.' તે બન્નેની આંખમાંથી આંસુની ધારા વહી રહી હતી. મને તેમને વધુ શરમીંદા કરવાનું યોગ્ય ન લાગ્યું. પછી કહ્યું : 'જુઓ આ છેલ્લી તક છે. હું આશા રાખું કે તમે તમારા અનુભવમાંથી કાંઈક શીક્ષા ગ્રહણ કરશો. તમારા બદલીના હુકમ પાછા આપો. તે હું સાચવી રાખીશ અને ભવીષ્યમાં જરુર પડે ત્યારે લઈ જજો.' તેઓ કાંઈ બોલી શકવાની સ્થીતીમાં ન હતા. તેની આંખોમાં પશ્ચાત્તાપ અને કૃતજ્ઞતાના આંસુ જોઈ મારે કચેરીમાં લાંબો સમય બેસી વધારાની કામગીરી કરવાનો થાક મીઠો લાગ્યો.

જ્યારે મારી તે જીલ્લામાંથી બીજા જીલ્લામાં બદલી થઈ ત્યારે તે બન્ને શ્રીફળ અને સાકરનો પડો લઈ શુભેચ્છા પાઠવવા આવ્યા હતા. તેઓ કાંઈ બોલ્યાં નહીં પણ તેમનું મૌન જ શ્રેષ્ઠ અભીવ્યક્તી હતી તેવું લાગ્યું.

[સંપર્ક : ગાંધીનગર (મો) 94270 26842]

❑

યશવંત મહેતાનો લેખ 'સૌથી ખતરનાક બોમ્બ' અંગેનો

# પ્રતીભાવ

મકરન્દ મહેતા

નયા માર્ગના તા. 16 માર્ચ 2017ના અંકમાં પ્રસીદ્ધ થયેલો યશવંત મહેતાનો ઉપરોક્ત લેખ વૈચારીક તથા ઐતીહાસીક દૃષ્ટીએ તદ્દન એકતરફી છે. અલબત્ત, તેમની એક વાત સાવ સાચી છે કે જાપાન ઉપર અમેરીકાએ 1945માં ઝીંકેલા એટમ બોમ્બ કરતાં પણ 'ધર્મબોમ્બ' વધારે ખતરનાક છે. લેખકે તેનાં અનેક દૃષ્ટાંતો દર્શાવીને ભારત અને પાકીસ્તાન સહીત વીશ્વભરમાં પ્રવર્તતા આતંકવાદ સામે અવાજ ઉઠાવ્યો છે. તેમણે હીંદમાં પ્રવર્તતા આતંકવાદ તેમજ હીંદુ તથા મુસ્લીમો વચ્ચે પ્રવર્તતી હીંસાનો ઉલ્લેખ કર્યો છે એટલું જ નહીં પણ 1969, 1975, 1981, 1985, 1986, 1992 અને 2002માં અમદાવાદમાં ફાટી નીકળેલી 'ખુબ જ મોટા પાયાપર કોમી હીંસા ઉપરાંત નાનામોટાં છમકલાની વાત કરી છે' પણ તેનાં સાચાં કારણો ખોળવાને બદલે તેઓ આજે ભારતમાં પ્રવર્તમાન કોમી દંગલો માટે બ્રીટીશ શાસનને જવાબદાર ગણે છે. 'નયા માર્ગ'નાં બ્લોકમાં મોટા અક્ષરે લખવામાં આવ્યું છે : 'અંગ્રેજોએ ભુમીખંડમાં પ્રચલીત બે મુખ્ય ધર્મપંથોમાં વીખવાદ પેદા કરવાના અનેકવીધ પેંતરા શરુ કર્યા. મોટું કામ ઈતીહાસ જુઠો ચીતરવાનું કર્યું.' પણ આ વીધાનને આજના આતંકવાદ સાથે શો સંબંધ છે ? શું બ્રીટીશ શાસન આતંકવાદી કે ફાસીસ્ટ હતું ? શું બ્રીટીશશાસન કેવળ હીંસા આચરતું અનીષ્ટ હતું ? શું બ્રીટીશ શાસનનાં કોઈ પણ રચનાત્મક પાસાં ન હતા ?

પણ પોતાનાં મંતવ્યને ટેકો આપવા યશવન્તભાઈ એમ કહે છે કે, 19મા સૈકામાં હીંદમાં બ્રીટીશ શાસન સ્થપાયું તે પહેલાં વૈદીક, બૌદ્ધ, કબીરપંથી, પ્રણામી, શીખ તથા ઈસ્લામ જેવા ધર્મો દ્વારા દેશમાં 'ધાર્મીક-સામાજીક સુમેળ રહ્યો હતો' અને 'કશા ભેદભાવ વગરના આર્થીક સંબંધો રહ્યાં હતાં.' પણ હીંદુ વર્ણવ્યવસ્થાનાં ઢાંચામાં હજારો વર્ષોથી પીલાતા આવેલા દલીતોનું શું ? દલીતોને તો શૈક્ષણીક, સામાજીક અને આર્થીક તકોથી વંચીત રાખવામાં આવ્યા હતા. હકીક્ત એ છે કે પશ્ચીમની આધુનીક શીક્ષણ પદ્ધતી અને વીચારસરણીમાંથી જ ડૉ. બાબાસાહેબ આંબેડકર પાક્યા હતા. તેમને ખબર હતી કે સ્વરાજ્ય મળ્યા પછી પણ દલીતોની પરીસ્થીતી ઘણી વીકટ હશે. તેથી તેમણે બ્રીટીશ શાસનને ટેકો આપ્યો હતો.

'અંગ્રેજો દેવના અવતાર હતા' તેમ કહેવાનો મારો આશય નથી. પણ વીદેશી અંગ્રેજો કાંઈ 'ચેરીટી' કરવા નહોતા આવ્યા. રાજકીય શાસન દ્વારા તેઓ હીંદનું ધન ઈંગ્લેંડમાં ઢસડી જવા આવ્યા હતા. જો કે એ પણ એક હકીકત છે કે 19મા સૈકામાં અંગ્રેજોએ તેમનું શાસન સ્થાપ્યું તે પહેલાં હીંદ અત્યંત પછાત, જ્ઞાતીવાદી અને અભણ દેશ હતો. આપણાં દેશનાં સમાજમાં અસંખ્ય સામાજીક અનીષ્ટો પ્રવર્તતા હતા. અંગ્રેજોએ હીંદમાં પોતાનું શાસન સ્થાપ્યું તે પહેલાં હીંદુ અને મુસ્લીમ કોમો વચ્ચે કોઈ સુમેળ પ્રવર્તતો નહોતો. અંગ્રેજો આવી લકવાગ્રસ્ત પરીસ્થીતીનો લાભ લે, તે ઐતીહાસીક તર્ક સાથે બંધબેસતું હતું. તેમણે ભાગલાવાદી નીતી અપનાવી એ વાત સાચી છે. વળી એ વાતની પણ નોંધ લેવી જરુરી છે કે બ્રીટીશ શાસને વીકસાવેલી પ્રગતીશીલ વીચારસરણી તેમજ શીક્ષણ વ્યવસ્થામાંથી આંબેડકર પહેલાં રાજા રામમોહન રાય, કર્વે, નર્મદ અને મહીપતરામ જેવા મહાન સમાજ સુધારકો પાક્યા હતા. તેમણે જુનવાણી સમાજ સામે સંઘર્ષ કરીને સુધારાનો પ્રવાહ વહેતો કર્યો હતો.

ખરેખર તો બ્રીટીશ શાસનને પરીણામે હીંદમાં આધુનીક સમાજ અને રાજ્યતંત્રનો ઉદય થયો હતો. 1857નાં વીપ્લવનાં કારણ તરીકે યશવંતભાઈ વીચીત્ર વીધાન કરે છે કે લુંટબાજ અને આક્રમક અંગ્રેજોનાં નગ્નનાચને લીધે બળવો ફાટી નીકળ્યો હતો. પણ હકીકત એ છે કે બળવાનાં આગેવાન હીંદુ અને મુસ્લીમ શાસકો અને તેમનાં સામંતો અને સેનાપતીઓ સદીઓ પુરાણી અમાનવીય સામાજીક, રાજકીય અને આર્થીક વ્યવસ્થા જાળવી રાખવા માંગતા હતા. ખરેખર તો 1857નો વીપ્લવ સાંસ્થાનીક ઢાંચામાં વીકસી રહેલી મુડીવાદી રીતરસમો સામેનો જુનવાણી અને અપરીવર્તનશીલ સામન્તશાહી વ્યવસ્થાનો છેલ્લો ફુંફાડો હતો. અલબત્ત, ત્યારબાદ બ્રીટીશ સામ્રાજ્યવાદ વધારે ઉગ્ર બન્યો હતો. પરંતુ તેની સાથે સાથે બ્રીટીશ શાસનને પ્રતાપે આ દેશમાં લીબરલ ડેમોક્રેટીક પોલીટીનાં બીજ પણ ઉગ્યાં હતાં. આજે આપણે આ વાત ભુલી ગયા છીએ અને અંગ્રેજોને વગોવ્યા કરીએ છીએ. આપણે ફરી પાછા ધર્મપ્રધાન મધ્યયુગમાં સરકતા જતા હોઈએ એવું આજની ઘટનાઓ ઉપરથી લાગે છે. પ્રશ્ન આ છે : 'શું આજે ગુજરાત અને દેશમાં ઉભરાઈ રહેલા ડીવીઝીવ ફોર્સીસ માટે અંગ્રેજો જવાબદાર છે ?'

છેવટે એટલું જ ઉમેરવાનું છે કે આજે સ્વતંત્ર ભારતમાં પ્રવર્તતા આતંકવાદ તથા કોમવાદી પરીબળો માટે બ્રીટીશ શાસનને 'હીટ ટાર્ગેટ' બનાવીને આપણે આપણી જવાબદારીમાંથી છટકી જવાની જરુર નથી. ગ્લોબલ આતંકવાદનાં તો અનેક કારણો છે. પણ 'ધર્મ બોમ્બને બુઝાવવા' માટે એવું વીધાન કરી નાંખવું કે 'અમારો ધર્મ અમને મુબારક અને તમારો ધર્મ તમને મુબારક' એ ઉચીત નથી. તેને માટે જરા વધારે સ્પષ્ટ રીતે આત્મનીરીક્ષણ કરવાની જરુર છે. સેક્યુલર અને રેશનલ વીચારસરણીનો ફેલાવો કરવાની ખાસ જરુર છે. બ્રીટીશ શાસનને કેવળ વગોવ્યા કરવાને બદલે તેનાં સારાં-નરસાં પાસાને ફરીથી તપાસવાની જરુર છે. ❑

# નવું વાચન

***ભદ્રંભદ્ર અમર છે !** : રતીલાલ બોરીસાગર, પ્રકાશક : ગુર્જર, રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-380001, મુલ્ય : રુ. 130.*




મુળ 'ભદ્રંભદ્ર'ના પ્રાગટ્યને 117 વર્ષ થવા આવ્યા છે; રમણભાઈ મહીપતરામ નીલકંઠની આ હાસ્યકથા આજેય તરોતાજા લાગે એવી છે. જુનવાણી અને રુઢીચુસ્ત માનસ વીરુદ્ધ સમાજસુધારા વચ્ચેનો દ્વંદ્વ એક યા બીજા રુપે સતત ચાલતો રહે છે અને એટલે આજેય 'ભદ્રંભદ્ર અમર છે !' લેખકે આ અગાઉ ભદ્રંભદ્રકેન્દ્રી 'સંભવામી યુગેયુગે' આપી છે; આ નવું પુસ્તક લખવા પાછળની સર્જનકથામાં તાજેતરમાં જેમણે ચીરવીદાય લીધી તે હસમુખ બારાડી નીમીત્ત બન્યાં છે ! આ હાસ્યનવલ અંગે ધીરુબહેન પટેલે નોંધ્યું છે :

"આ વખતે લેખકનું શરસંધાન 'સ્ત્રીપુરુષની સમાનતા' અને અલબત્ત એનાથી ઉપજનારાં ભયંકર પરીણામો તરફ છે ! પુસ્તક વાંચતી વખતે બસપ્રવાસ અને હોટેલનીવાસ જેટલી જ સહજતાથી આપણે દીવ્યરથ તથા ચલણી નાણાંની મંજુષા સ્વીકારી લઈએ છીએ એ લેખકના કૌશલ્યનો જ પ્રતાપ ગણાય. ભદ્રંભદ્ર તથા અંબારામનો સ્વર્ગવાસ કાયમી નથી, તેથી તેઓ અવારનવાર આપણી ભુમી પર આંટા મારે અને હાસ્યરસ પીરસતા રહે તેવી શક્યતા ઉભી થાય છે અને લેખકની કૃપાદૃષ્ટી ટકી રહે તો વાચકોને આ લઘુનવલની અનુગામી લઘુનવલો પણ પ્રાપ્ત થઈ શકે એ વીચારથી આનંદ થાય છે."

એક વ્યુહરચના રુપે પોલીસના દંડપ્રહાર વેઠ્યા પછી બંને પશ્ચગમન (પીછેહઠ) કરે છે તેની સ્પષ્ટતા પણ રસપ્રદ છે; અંબારામ ભદ્રંભદ્રને સમજાવે છે :

"જુઓ, મહારાજ ! જરાસંધનું બળ વધી જતાં કૃષ્ણભગવાન મથુરા છોડી છેક આપણા સૌરાષ્ટ્ર પ્રદેશમાં - દ્વારકામાં - આવીને નહોતા વસ્યા ? પણ છેવટે કૃષ્ણભગવાન એક પછી એક બધા રાક્ષસોનો નાશ કરવામાં સફળ નહોતા થયા ? જરાસંધ એટલો બધો બળવાન હતો કે જો કૃષ્ણભગવાને પશ્ચગમન ન કર્યું હોત તો ધર્મની પુનઃસ્થાપનાના પોતાના યુગકાર્યમાં તેઓ સફળ ન થયા હોત ! આજે સ્ત્રીપુરુષ - સમાનતાના હીમાયતીઓનું બળ વીશેષ છે. સ્ત્રીપુરુષ - સમાનતાના કાયદા થયા છે ને હજુ વીશેષ કાયદા થવાના છે. સ્ત્રીપુરુષ સમાનતાના હીમાયતીઓની સંખ્યા વધતી રહી છે ને હજી વધશે એવી મને ભીતી છે. એટલે, જેમ કૃષ્ણભગવાને રણમેદાન છોડી દીધું ને 'રણછોડ' બની રાક્ષસોનો નાશ કર્યો એમ આપ પણ રણછોડના અનુયાયી બની થોડો સમય આ રણમેદાન છોડી દો અને સ્વર્ગે જઈ ઈન્દ્રનું વરદાન પ્રાપ્ત કરી, વીશેષ બળવાન બની પૃથ્વી પર પુનઃ પધારો ને પુરુષ આધીપત્યની સ્થાપનાનું આપનું યુગકાર્ય પુરું કરો. હું તો સદૈવ આપની સાથે છું જ."

અનુગામી લઘુનવલનો ઈંતજાર રહેશે...

***હસ્તક્ષેપ** : સરુપ ધ્રુવ, પ્રકાશક : સંવેદન સાંસ્કૃતીક મંચ, વીતરક : 'દર્શન', એ 9/4, સહજાનંદ ટાવર્સ, રેલ્વે ઓવરબ્રીજના છેડે, જીવરાજ પાર્ક, અમદાવાદ-380051, મુલ્ય : રુ.125.*

પુસ્તકના ટાઈટલ-4 પર તુર્કસ્તાનના જનવાદી-ક્રાન્તીકારી કવી નાઝીમ હીકમતની ચોટદાર પંક્તીઓ મુકી છે :

**હું એવી કવીતા લખવા માગું છું જે મારી**
**વાત કરે, એક વ્યક્તી સાથે વાત કરે, અસંખ્ય**
**લોકો સાથે વાત કરે.**
**હું એવી કવીતા લખવા માગું છું જે રોટીની**
**વાત કરે, માટીની વાત કરે, બહેતર જીંદગી**
**માટે સંઘર્ષ કરનારી પ્રજાની વાત કરે.**




આ કાવ્યસંગ્રહની 50 ઉપરાંત રચનાઓ આપણી સંવેદનાઓને ઉપરતળે કરી મુકે એવી છે. આ અંકનાં પ્રથમ પૃષ્ઠ પર ડૉ. શીરીનબહેનનાં વીધાનો ટાંક્યા છે, તેઓ લખે છે : 'હસ્તક્ષેપ' શીર્ષક સુચવે છે કે આજના નારકી માહોલમાં પણ હતાશાને વશ ન થતાં સરુપબહેને માહોલ બદલી શકવાનો વીશ્વાસ ખોયો નથી... આ જ માહોલની વાત સાથી હીરેન ગાંધી આ શબ્દોમાં કહે છે :

"પડકારરુપ સમય છે. સૌ કોઈ માટે; ખાસ કરીને સર્જક માટે.

"એણે સર્જન કરતા રહેવાનું હોય છે - જીવતા રહેવા માટે અને જીવતા રહેવાનું હોય છે - સર્જન કરતા રહેવા માટે. એનાં સર્જને પેટવવાની હોય છે મશાલ એકોએક દુભાતાં દીલમાં અને જીતી લેવાનો હોય છે અંધકારને."

વીભાગ : 1 : 'મારી અંદર - મારી બહાર'માં સ્વાનુભુતી

વ્યક્ત કરતી રચનાઓ છે. બીરાદર હીંમત ખાટસુરીયાથી લઈને પંજાબના રંગકર્મીઓ સંગાથે યોજાયેલ કાર્યક્રમની સ્મૃતી, સાઝા સાંસ્કૃતીક અભીયાન, દાનીયેલ - દાનસીંગ - દીનમહમ્મદ અને દીવ, 19 કવીતાઓ - ગઝલો અહીં જોવા મળે છે.

**ચલ કબીરા; સોય થૈ સીવી લીયેં;**
**એટલું બસ, એક કવીનું કામ છે !** (પૃ. 4)

*

**મારે કહેવી છે વાત - મોસમ બદલનારાં માણસની**
**કાળા માથાનાં માનવીની વાત.**
**ના.**
**નથી લખવી મારે કવીતા ફુલોની.'** (પૃ. 8)

*

**રોજ દુઝે છે; ભલે ને રોજ રુઝાતું રહે**
**રોજ ટેભા તુટતા ને રોજ સંધાતું રહે** (પૃ. 15)

*

**શરમ છે, સતત છે કે સમથળ નથી કંઈ,**
**અને લાવા રસ છું, છતાં હું ઠરું છું !** (પૃ. 35)

વીભાગ : 2 : 'આસમાની - સુલતાની'માં કુદરતી તેમજ માનવસર્જીત આપત્તીઓની 16 રચનાઓ છે. કંડલાનું વાવાઝોડું, જળ સમસ્યા, ટ્વીન ટાવર્સ પરનો હુમલો, ભુકંપ - પુનર્વાસ, મહીલા અને દલીતોની વેદનાઓને વાચા આપવામાં આવી છે :

**ઘર હતાં, તે તો ગયાં ને ઘાટ તો અહીં ક્યાં હતા ?**
**તોય ધોબી કુતરા-શું લોક ભટકે વાટમાં** (પૃ. 45)

*

**કચડાયેલાં પાન એ, મેંદી જેવું કામ**
**રંગ કસુંબલ નીપજે, ઝરડાયેલાં ચામ**
**તરડાયેલાં આભલાં ને રેશમીયા છે દોર**
**એરો અંદર શું જુએ ? રોજજે વધતા ન્હોર ?**

[દલીત દુહા : પૃ. 68]

વીભાગ -3 : 'જેનોસાઈડ પહેલાં અને જેનોસાઈડ પછી'માં 2002ના કોમી રમખાણોની આગ, અહીંની 14 રચનાઓ દ્વારા, આજે પણ દઝાડે એવી છે :

**આથમતા સુરજને જઈને પુછો કે**
**આજ કોની આંખોમાં જઈ ડુબશે ?**
**લોહીઝાણ ખંજર થઈ ઉગશે જો કાલે**
**તો કોની છાતીમાં જઈ ખુંપશે ?**
**મોતની ટપાલ પર કોનું સરનામું હશે ?...** (પૃ. 75)

*

**માણસની માણસાઈના મીનાર ધ્વસ્ત છે**
**ઈશ્વરની સાથોસાથ ખુદાની શીકસ્ત છે.** (પૃ. 42)

*

**હર બાર કીસી ભી દંગે મેં**
**હમ ઔરત કી બેઈઝઝત ક્યોં ?**
**યહ નફરત ક્યોં ? યહ ઝીલ્લત+1 ક્યોં ?**
**યહ દહશત+2 ક્યોં ? યહ વહશત+3 ક્યોં ?**

[1 ઝીલ્લત = અપમાન, 2 દહશત = શંકા, ડર, 3 વહશત = જંગલીપણું]

વીભાગ - 4 : 'આદીવાસીની આજ'માં 8 રચનાઓ છે. 'જંગલ-જમીન નામે કરો' આંદોલન વખતે સેંકડો આદીવાસીઓ અમદાવાદ ખાતે ઉમટચાં હતા ત્યારે સરુપબહેને લખેલી રચના 'નયા માર્ગ'માં છાપી હોવાનું સ્મરણ છે. અહીં સડક બાંધતા આદીવાસીઓ, વીસ્થાપીતો, આદીવાસી જો મોં ખોલે તો... જેવી રચનાઓ ખુબ હૃદયસ્પર્શી છે.

**લઈ ખભે જંગલ ટટળતું તું ભમે**
**ને હસે ખડખડ : સડક આ શ્હેરની**
**તેં પસીનો છો સીંચ્યો આ રેતમાં**
**અહીં ન તારું ઘર-સડક આ શ્હેરની** (પૃ. 18)

*

**પ્હાડમાં પાછો ફરું તો ખાઉં શું ? ક્હેશો કવી ?**
**ઘર ને જંગલ, હકનું જીવતર - શું રહ્યું ? - ક્હેશો કવી ?**

આ પુસ્તક 2003માં પ્રગટ થયું છે. પ્રશાંત દયાળ કૃત 9166 UP [2002ના રમખાણોનું અધુરું સત્ય] હાથમાં આવ્યું તેની સાથે જ 'હસ્તક્ષેપ' પણ. ઘટના - દુર્ઘટનાઓ સાંભરી આવી. એ પીડાઓ ફરી તાજી થઈ આવી... સમયનો 'પડકાર' વણથંભ્યો ચાલુ જ છે... 'બહેતર જીદંગી માટે સંઘર્ષ કરનારી પ્રજા'થી થાકી શકાય નહીં...

***રણુજાના રાજા** (નવલકથા) : ગણેશ સીંધવ, 'બાદલ', પ્રકાશક : ઉદાત્ત ટ્રસ્ટ, 13/140, સુરમ્ય એપા., જયમંગલ બસ સ્ટેન્ડ પાસે, નારણપુરા, અમદાવાદ - 63, મુલ્ય : રૂ. 100.*

જાણીતા સાહીત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ આ નવલકથાને આવકારતા લખે છે :

"ગાંધીવીચારની દીક્ષા પામેલા મુઠી ઉંચેરા કવી ગણેશ સીંધવ 'બાદલ'ના હસ્તે શ્રદ્ધાપુરુષ રામદેવપીરની નવલકથા લીલા નેજા ચડાવીને લખાઈ છે. એકી બેઠકે વાંચી શકાય એવી આ રમણીય અને ઐતીહાસીક



નવલકથા એમની અપ્રતીમ લોકનીષ્ઠાનું પ્રમાણ છે. સંતશીરોમણી રામદેવના નામે ચડેલા પરચાઓની પાછળ છુપાયેલાં માંગલ્યના મુલ્યોને ઉજાગર કરતી આ નવલકથા ભારતીય જનસમુદાયમાં સદીઓથી ચાલી આવતી અંધશ્રદ્ધાની જડતાને હલબલાવે છે.”

‘બાદલ’નો પરીચય એમના જ શબ્દોમાં :

‘મારા વીચારો રેશનલ છે, એથી લોકો મને નાસ્તીક સમજે છે. હું પણ ભક્તીના રંગે રંગાયેલ ધર્મગ્રસ્ત હતો. ભુતભુવા અને જ્યોતીષમાં આંધળી શ્રદ્ધા હતી. શીક્ષણના સ્પર્શના કારણે મારી એ અંધશ્રદ્ધા ગાયબ થઈ ગઈ છે. રેશનલનો અર્થ છે - ‘આપણે જે કામ કરીએ એ સમજપુર્વક કરવું. હેતપુર્વક કરવું. વીવેકપુર્ણ કરવું. જીવનના આનંદ માટે કરવું. કોઈને નડતરરુપ ન બને એ રીતે કરવું. દેશને ગૌરવ મળે એ રીતે કરવું.’ આ સીધી સાદી સમજને કારણે મને ભરપુર લાભ થયો છે...’

જાતીભેદને કારણે નીચલી ગણાતી જ્ઞાતીઓને જે કષ્ટો સહન કરવા પડ્યાં છે અને છતાં અંધશ્રદ્ધા નીર્મુલનનું કાર્ય થાક્યા વગર કર્યું છે તેની અહીં તપસીલ જોવા મળે છે.

### સાભાર સ્વીકાર :

**દયાનંદ સીદ્ધાંત ભાસ્કર :** લેખક - કૃષ્ણચન્દ્ર વીરમાની, અનુવાદ : પ્રવીણભાઈ ઠાકર, પ્રકાશક - વેદ પ્રચાર સમીતી, આર્યસમાજ, મહર્ષી દાયનંદ માર્ગ, હાથીખાના, રાજકોટ- 360001, મુલ્ય : રૂ. 50.

**(1) સંબંધ મીમાંસા, (2) જીંદગી કઈ રીતે જીવશો ?** લેખક : શશીકાંત શાહ, 35, આવીષ્કાર રો હાઉસ, તાડવાડી, રાંદેર રોડ, સુરત-395009. [કીમત જણાવી નથી.]

**પુ. મોટા : મારે સમાજને બેઠો કરવો છે :** સંપાદક - શશીકાંત શાહ, [અન્ય વીગત ઉપર મુજબ.]

**તો પછી ? :** ગણેશ સીન્ધવ ‘બાદલ’, ઉદાત્ત ટ્રસ્ટ, 13/140, સુરમ્ય એપાર્ટમેન્ટ, નારણપુરા, અમદાવાદ-63, મુલ્ય : રૂ. 30. ❑

# ડૉક્ટરોને માર પડે... ભુવા – બાવા – ધધુપપુઓને નહીં !

એક નાગરીકને હૃદયરોગનો હુમલો આવે છે, હોસ્પીટલમાં તાત્કાલીક સારવાર થાય છે, એન્જીયોગ્રાફી થાય છે, સ્ટેન્ટ મુકાય છે, રુ. સાડા ત્રણ લાખનું બીલ આવે છે. આ નાગરીક ભગવાનનું ઋણ ચુકવવા દક્ષીણ ભારતના એક મંદીરમાં જાય છે, પાંચ લાખનું સોના રુપે દાન આપે છે. મીત્રો ભેગા થાય ત્યારે કહે છે હોસ્પીટલો લુંટે છે. હકીકતમાં ડૉક્ટર, મદદનીશ ડૉક્ટર, નર્સ વગેરેને તો ટેક્ષ પણ ભરવો પડે છે, મંદીરોને કોઈ ઈન્કમ ટેક્ષ ભરવો નથી પડતો !

સંશોધન માટે કરોડો રુપીયાનું મુડીરોકાણ કરીને નાગરીકોનાં આરોગ્ય જાળવવા ઈન્જેક્શન કે સ્ટેન્ટ બનાવો અને માર્કેટમાં વેચો તો સરકાર તથા ભગવાનના ભક્તોને લાગે છે કે દવાવાળા લોકોને લુંટે છે; બીજી તરફ થોડા મુડીરોકાણમાં મંદીર ઉભું કરો, અંધશ્રદ્ધા, વહેમ, અવૈજ્ઞાનીક તર્કોને ઉત્તેજન આપો તો કોઈ ફરીયાદ થતી નથી. દેશમાં બૌદ્ધીક સંપદા માટે, સંશોધન માટે રોકાણ કરવું હીતાવહ કે મંદીરોમાં ? શું સંશોધન માટેના રોકાણ બાદ બનાવેલ દવા કે સ્ટેન્ટ માટે સરકાર ભાવ-મર્યાદા બાંધે તેનાથી સરવાળે નુકસાન નથી ? કેટલાક સરકારી પ્રસંગોમાં અને હોટલોમાં રુ. 4000 થી 14000 સુધીની એક વ્યક્તીદીઠ થાળીનો ભાવ હોય છે. અનેક નકામી ચીજો પર 500 ટકાથી વધુ નફો લેવાતો હોય છે પરંતુ કોઈ નીયંત્રણ હોતા નથી. ઠંડા પીણા પર સેંકડો ટકાનો નફો નથી લેવાતો ? 1 રુપીયા પ્રતી લીટરથી પણ નીચા ભાવે મોલાસીસ ખરીદી શરાબના ઉત્પાદકો રુ. 1000 પ્રતી લીટર કરતાં વધુ ભાવે શરાબ વેચે છે ! પરંતુ તેમના નફા પર કોઈ નીયંત્રણ નથી.

હોસ્પીટલો રાજકીય ફંડ આપી શકે ખરી ? ડૉક્ટરો સામે તો ગ્રાહક સુરક્ષા ધારા હેઠળ ફરીયાદ થઈ શકે છે; ધ.ધુ.પ.પુ.ઓ નીષ્ફળ જાય, તેમની કહેવાતી દવા-ભભુતી નીષ્ફળ જાય ત્યારે કોઈ ફરીયાદ નથી થતી ! મંદીરોની આવક પર કોઈ ટોચમર્યાદા નથી. સાધુ બનવા માટે કોઈ શૈક્ષણીક લાયકાતની જરુર પડતી નથી. પ્રયોગો માટે માણસો પણ સામેથી પૈસા આપીને મળે છે, મુર્ખ પણ બને છે ! બૌદ્ધીક સંપત્તી આધારીત ઉત્પાદનની વેચાણ કીમત પર નીયંત્રણ અંગે પુખ્ત વીચારણાની જરુર છે; નહીંતર સંશોધન કેન્દ્ર, પ્રયોગશાળાઓ કરતાં મંદીરો; અને ડૉક્ટરો કરતાં સાધુઓની સંખ્યા વધતી જ રહેશે.

શેલ કંપનીઓ કઈ રીતે બને છે, કામ કરે છે; ભ્રષ્ટ રાજકારણી કે અધીકારીઓનો પૈસો કઈ રીતે દોડે છે તે તો જયલલીતા વીરુદ્ધ સુપ્રીમ

*ટોળાને આકર્ષવા ચલચીત્રના કલાકારો, ક્રીકેટરો પણ આવશ્યક હોવાથી રાજકારણીઓને તેમની પણ જરુર પડે છે. ફીલ્મ કલાકાર અને ક્રીકેટર પણ કોઈ ને કોઈ ધ.ધુ.પ.પુ.ના પગે પડતા હોય છે.*

કોર્ટનો ચુકાદો વાંચો તો ખ્યાલ આવી જશે. જો પૈસા ખર્ચો તો તમે પણ બંજર, સસ્તી જમીન કરોડોની બતાવીને કરોડોની લોન મેળવી શકો. કંપની બનાવી શકો ! સ્ટોક માર્કેટમાં તમારી કંપનીના શેરની કીમત પર નીયંત્રણ રાખી શકો, પેઈડ ક્વોટામાં ડોનેશન આપી રાજ્ય સભાના સભ્ય થઈ શકો, વીદેશી નાગરીકત્વ મેળવી શકો અને રોકાણકારોને રખડાવી સહકુટુંબ દેશને બાય બાય કરી શકો. મંદીરમાં મુડીરોકાણ વધુ લાગતું હોય કે સાધુ બનવામાં મહેનત લાગતી હોય તો રાજકારણમાં પડો. મેડીકલમાં સુપર સ્પેશ્યાલીસ્ટ બનવા 30 વર્ષની ઉંમર સુધી મહેનત કરવા કરતાં રાજકારણ સારું વળતર આપે છે. રાજકારણ અને મંદીર બંનેના ધંધામાં જવાબદારી કોઈ નથી. જવાબદારી હોય છે કામ કરતાં નાગરીકોની ! તેમના મહેનત અને પસીનાનું બેઠું ખાવા મળશે, તેમના ભોળપણનું વ્યાજ મળશે !

ભીખારીઓની સંખ્યા સતત વધતી રહે છે કેમ કે ભીક્ષા આપવાથી પુણ્ય મળે છે ! ઘણીવાર તો ભીક્ષા લઈને તેઓ ભીક્ષા આપનાર પર ઉપકાર કરે છે તેવો ભાવ પણ ભીખારીના ચહેરા પર જોવા મળે છે; તો કાયમી / પાળેલા ભીખારીઓ હક્ક હોય તે રીતે માગણી કરે છે. ડૉક્ટર કરતાં સાધુ-ભુવા તરફ નાગરીકો વધુ દોડે છે. દેશમાં પ્રદુષીત પાણી, હવા આધારીત રોગો વધુ થાય છે, જેની સારવાર આસાનીથી થઈ શકે છે. પ્રસાદમાં દવા મેળવી આપો એટલે ચમત્કાર થઈ જાય ! સંતાનપ્રાપ્તી માટે પણ ડૉક્ટર કરતાં ભુવા, સાધુ પાસે જનારા નાગરીકોની સંખ્યા વધુ છે. મંત્રીઓ અને પ્રધાનો પણ હોસ્પીટલના ઉદ્‌ઘાટન માટે બોલાવશો તો આનાકાની કરશે, ફંડ માંગશે પરંતુ મંદીરના ઉદ્‌ઘાટન, પુનઃસ્થાપના, પ્રાણપ્રતીષ્ઠા કે કોઈ કાર્યક્રમમાં બોલાવો તો દોડતા આવે તેવું બને છે.

‘બીલીવર વીથ રેઝા અસલાન’ અમેરીકાની CNNમાં અઘોરી સાથે મુલાકાત બતાવાઈ. અઘોરીને માણસનું માંસ-મગજ ખાતા અને માનવ ખોપરીમાં શરાબ પીતા દેખાડાય છે ! તમસો મા જ્યોર્તીગમય: ‘અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જવાની’ ઋષીઓની પ્રાર્થના પ્રભુએ સાંભળી જ નથી એમ લાગે છે. મેડીકલમાં અભ્યાસ કરતાં વીદ્યાર્થીને કંકાલતંત્ર મળતાં નથી, કૃત્રીમ વાપરવા પડે છે. પરંતુ અઘોરીઓને કંકાલતંત્ર મળી જાય છે, કોઈ તપાસ નહીં, કોઈ પુછપરછ નહીં !

બંધારણની કલમ 51-એ મુજબ વૈજ્ઞાનીક માનસ, માનવવાદ, તપાસનો જુસ્સો અને સુધારણાવૃત્તી, વીકાસ કેળવવાની દરેક નાગરીકની મુળભુત ફરજ છે એમ દર્શાવે છે. પરંતુ એ ફરજ બજાવી શકે એવા કેટલા ? અવૈજ્ઞાનીક રીતે કે ચમત્કારીક રીતે રોગની સારવાર કરતા, વગર ડીગ્રીના ડોક્ટરો, ભુવાઓ, ધ.ધુ.પ.પુ.ઓ પાસે લોકોનું મોટું ટોળું હોય છે. આ ટોળું સત્તામાં બેઠેલા રાજકારણીઓને મત મેળવવા માટે આકર્ષે છે. જેથી સત્તાધીશ રાજકારણી પણ ધ.ધુ.પ.પુ.ના શરણે જાય છે; એટલે અધીકારીઓ પણ તેમને પગે પડવા જાય છે ! પછી અધીકારીને બદલી કરાવવી હોય તો માત્ર તાંત્રીક, ધ.ધુ.પ.પુ.નો સંપર્ક કરવાનો. તેને દાન આપવાનું ! ટોળાને આકર્ષવા ચલચીત્રના કલાકારો, ક્રીકેટરો પણ આવશ્યક હોવાથી રાજકારણીઓને તેમની પણ જરુર પડે છે. ફીલ્મ કલાકાર અને ક્રીકેટર પણ કોઈ ને કોઈ ધ.ધુ.પ.પુ.ના પગે પડતા હોય છે. આમ આખું તંત્ર એક અવૈજ્ઞાનીક પદ્ધતીમાં ગોઠવાઈ જાય છે. ઘણા તાંત્રીકોને બદલીની માહીતી આગોતરી હોય છે, જેથી તેમનું બદલી અંગેનું ભવીષ્ય ખરું પડે છે અને અધીકારીઓ પર તાંત્રીક છવાઈ જાય છે ! સ્મગલરો, બુટલેગરો, બે નંબરના ધંધાવાળા કેમ પાછા પડે ? તેમને પણ તાંત્રીકનું, ધ.ધુ.પ.પુ.નું શરણું મળી જાય છે !

ડૉક્ટર નીષ્ફળ જાય છે ત્યારે કે ડોક્ટર સામે બેદરકારીનો આરોપ લગાડાય છે ત્યારે કહેવાતા રાજકારણીઓની ઉશ્કેરણીથી ડૉક્ટરોને માર પડે છે, પરંતુ કોઈ ધર્મ ધુરંધર, ભુવા, બાવા, તાંત્રીક, જ્યોતીષ કે રાજકારણી નીષ્ફળ જાય છે, વચનોમાં ખોટા પડે છે ત્યારે તેમને ક્યારેય ટોળાનો માર પડે છે ?

**– કુમારેશ કે. ત્રીવેદી**

[લોયર્સ ચેમ્બર નં. 349, ગુજરાત હાઈકોર્ટ (મો) 98251 19004]

❑

# અકસ્માતો અટકાવવાના ઉપાય તરીકે કાયદો

પ્રો. અશ્વીનકુમાર ન. કારીઆ

સમગ્ર વીશ્વમાં ચીન સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છે. તેથી ચીનને બાદ કરતાં તમામ દેશોમાં સૌથી વધારે અકસ્માતો અને મૃત્યુ આંકમાં ભારત પ્રથમ ક્રમે છે. 2015માં 5 લાખ અકસ્માતોમાં 1,43,133 લોકો મોતને ભેટ્યા હતા. માર્ગ અકસ્માતોમાં દ્વીતીય ક્રમે મહારાષ્ટ્ર રાજ્ય છે. તેમાં ગત વર્ષે 63,805 માર્ગ અકસ્માતોમાં 13,212 લોકો માર્યા ગયાહતા.

માર્ગ અકસ્માતો માટે કોઈ એક કારણ હોતું નથી. ખરબચડા, વાંકા-ચુંકા ખોદેલા રસ્તાઓ, રસ્તાઓની અપુરતી જાળવણી અને મરામત, વાહનોમાં 'સલામતી' સાધનોનો અભાવ, નશાયુક્ત હાલતમાં વાહન હંકારવું, અતી ઝડપે બેફામ ડ્રાઈવીંગ, વગેરે અનેક કારણો ગણાવી શકાય. આ તમામ કારણો એકબીજાનાં પુરક છે. ઉપરાંત, શહેરોમાં જાહેર પરીવહન વ્યવસ્થાનો અભાવ અથવા નબળું સંચાલન, મધ્યમવર્ગની વધતી આવકનાં કારણે વાહનોની સંખ્યામાં બેમાપ વૃદ્ધી, રાહદારીઓ માટે ફુટપાથની ગેરહાજરી વગેરે કારણો પણ ઉમેરી શકાય. આવા અનેકવીધ પરીબળોના કારણે એકતંત્ર બીજાતંત્ર પર સહેલાઈથી જવાબદારીનો ટોપલો ઢોળી દે છે. મોટરવાહન ધારો, 1988 કેન્દ્રીય કાયદો છે. પરંતુ તેના અમલ માટેનાં તંત્રો પોલીસ અને RTO રાજ્ય અંકુશીત છે. ટ્રાફીક ભંગ માટે કડક દંડકીય કાર્યવાહી કરવામાં આવે, તો જનતા અને વાહનચાલકો તરફથી વીરોધ થાય છે.

આવા માહોલ વચ્ચે માર્ગ અકસ્માતોની સંખ્યા કેમ ઘટાડવી, તે જટીલ સમસ્યા બની રહેલ છે. સૌ પ્રથમ તો દરેક સહયોગી (પોલીસ, RTO, PWD) એ એકબીજા પર દોષારોપણ બંધ કરવું જોઈએ અને પોતાના પક્ષની જવાબદારીનું નીષ્ઠાપુર્વક પાલન કરવું જોઈએ. વાહન ઉત્પાદકોએ સલામતીનાં વૈશ્વીક ધોરણો જાળવવા જોઈએ. નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા અને સરકારના માર્ગ બાંધકામ ખાતાએ રસ્તાઓ બનાવતી વખતે અકસ્માત રહીત ડીઝાઈન અને રસ્તાની ખરાબી સમયે તાત્કાલીક તેના સમારકામની જવાબદારી નીભાવવી જોઈએ. નબળી જાહેર પરીવહન વ્યવસ્થાનાં પરીણામે નાનાં નગરોથી લઈ મેટ્રો સીટીમાં અંગત વાહનોની સંખ્યા બેમર્યાદ વધતી રહી છે. શાળા શરુ અને છુટવાના સમયે, કચેરીઓના સમયે, ટ્રેન આવન-જાવનના સમયે, વ્યવસ્થીત આયોજન કરી જાહેર પરીવહન વ્યવસ્થા સુદૃઢ બનાવવામાં આવે, તો વાહનોની ગીચતા ઘટવા સંભવ છે.

માર્ગ અકસ્માતો માટે વાહનચાલકોની અશીસ્ત પણ તેટલી જ જવાબદાર છે. તેથી વાહન વ્યવહારના નીયમોનું સખ્તાઈથી પાલન કરાવવું જોઈએ. વાહનચાલકો સલામતીના ભયે નહીં, પરંતુ દંડ થવાના ભયે જ હેલમેટ પહેરે છે. ગુજરાતના 80 ટકા શહેરોમાં વાહનચાલકો બીન્દાસ્ત હેલ્મેટ વગર અને સીટ બેલ્ટ બાંધ્યા વગર વાહન હંકારતા હોય છે. ચાલુ વાહને મોબાઈલ પર વાત હવે સામાન્ય બાબત બની ગઈ છે અને તેને કોઈ ગણકારતું જ નથી.

હાલમાં સંસદ સમક્ષ મોટરવાહન ધારો, 1988માં સુધારો લાવતો ખરડો પડતર છે. તેની શીક્ષાત્મક જોગવાઈઓ વધુ કડક બનાવવાની જરુર છે. 1988નાં ધોરણે દંડની રકમ નક્કી કરાયેલ છે. ત્યારબાદ પેટ્રોલ દરમાં 10 ગણો વધારો થયો છે. એટલે વાહનચાલકો દંડની બીકે પણ સલામતી ધોરણો અનુસરતા થશે તેમ માની શકાય. ઉપરાંત, અતી ઝડપનો રોમાંચ, નાનાથી લઈ મોટા દરેકને હોય છે. તેથી વાહનોમાં ચોક્કસ ગતી-મર્યાદા બાંધેલ હોવી જોઈએ. હાઈવે પર અમુક અંતરે ડ્રાઈવરના નશાની હાલતની કસોટી માટે કેન્દ્રો ખોલવાં જોઈએ. રસ્તાની ખરાબી, સમારકામની બેદરકારી બદલ જે તે ખાતાના એન્જીનીયર કે અધીકારીઓને જવાબદાર ઠરાવવા જોઈએ.

માર્ગ અકસ્માતો ગમે ત્યાં બને છે અને ગમે તે વ્યક્તી, ચાહે તે યુવા હોય કે વૃદ્ધ, બાળક હોય કે સ્ત્રી, ગરીબ હોય કે અમીર ગમે તે જાતી, જ્ઞાતી કે ધર્મની હોય. અહીં માત્ર મૃત્યુઆંકની વાત કરવામાં આવી છે. ઈજાગ્રસ્ત થઈ બેહાલ જીદંગી ગુજારતા પીડીતો વીશે ઉલ્લેખ જ કરાયો નથી. રાજ્ય અનેક પ્રવેશોત્સવ, વીજયોત્સવ, ગરીબ મેળાઓ પાછળ કરોડો રુપીયાઓનું આંધણ કરે છે. પ્રાચીન સમયથી રાજ્યની સૌ પ્રથમ ફરજ પ્રજાની સલામતી ગણાય છે. વીકાસ એજન્ડા થોડો પાછળ રહેશે તો ચાલશે. 'સર સલામત તો પઘડીયાં બહુત' !

(માહીતીસ્રોત : અનુ આગાનો Indian Express તા. 17-3-'17 અંકમાં પ્રગટ થયેલ લેખ).

❑

# સીસ્ટર નીવેદીતા

ભારતમાંના ખ્રીસ્તી મીશનરી બ્રીટનમાં રજા ગાળવા આવ્યા હતા. એમણે નાનકડી માર્ગારેટ નોબલને જોઈ અને એની તેજસ્વી આંખોથી આકર્ષાયા. જતી વખતે એમણે આ બાલીકાના ચહેરા પર વ્હાલથી ચુંબન કર્યું અને આશીર્વાદ આપ્યા, 'ભારત પોતાના પરમેશ્વરને દક્ષતાથી શોધી રહ્યું છે ! ભારત તને બોલાવશે. કદાચ જેમ એણે મને બોલાવ્યો છે. હમેશાં તૈયાર રહેજે.' આ ભવીષ્યવાણી માની શકાય એવી ન હતી, છતાં સાચી પડી.

બાલીકા માર્ગારેટ ભાવાવેશમાં ધ્રુજવા લાગી. એના પીતા સાથે એણે ભારતનો નકશો જોયો અને તેના પર આંગળી ફેરવવા લાગી. પીતાએ એને હૈયાસરસી ધરી રાખી હતી. તે રાત્રે એ આતુરતાથી દેવાર્પણ માટે પ્રાર્થના કરતી સુઈ ગઈ. પીતાએ માતાને કાનમાં કહ્યું, 'જ્યારે ભગવાન એને બોલાવે ત્યારે એને જવા દેજે. એ પોતાની પાંખો ફેલાવશે. મહાન કાર્યો કરશે.' અને સ્મીત સાથે પીતાએ 'વીદાય' લીધી.

માર્ગારેટનો જન્મ તા. 28-10-1867ને દીવસે આયર્લેન્ડમાં સુદુર ડુગાન્નન કં. ટાયરોનમાં એક ક્રાંતીકારી પરીવારમાં થયો. એના દાદા જોન નોબલ, પીતા સેમ્યુઅલ રીચમંડ અને નાના હેમીલ્ટન આયર્લેન્ડના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પહેલી હરોળમાં હતા.

માર્ગારેટે હેલીફેક્સમાં કોલેજનો અભ્યાસ પુરો કર્યો. એણે શીક્ષણના ક્ષેત્રમાં દસ વરસ 1884થી 1894 સુધી શીક્ષીકાનું કામ કર્યું. ત્યારબાદ એણે પોતાની રસ્કીન સ્કુલની સ્થાપના કરી. દશાબ્દીના અંતીમ ભાગમાં સુપ્રસીદ્ધ ક્રાંતીકારી પ્રીન્સ ક્રોપોટસ્કીનના પરીચયમાં આવી. સ્વામી વીવેકાનંદ વીશ્વ ધર્મ પરીષદ શીકાગો 1893માં ચુંબકીય ઉદ્‌બોધન કરીને પાછા ફર્યા ત્યારે આ સંન્યાસીનું વ્યક્તીત્વ, એના ચીંતનનું ઉંડાણ, દક્ષતા તથા એમના આદર્શવાદના પ્રવાહમાં, સેવામાં સમર્પીતતા જોઈને માર્ગારેટે એમને ઘણા પ્રશ્નો પુછ્યા. સ્વામીજીએ પણ છ વરસ સુધી રામકૃષ્ણ પરમહંસદેવને આવા પ્રશ્નો પુછ્યા કર્યા હતા. માર્ગારેટને સંતોષ થયો એટલે એને મનમાં થયું કે આ જ મારા ગુરુ છે. એણે જાતે જ વીવેકાનંદના ચરણોમાં સમર્પીત થવાનો સંકલ્પ કર્યો. સ્વામીજીને પણ એમ લાગ્યું કે આ જ મહીલા મારા સ્વપ્નોને પુરાં કરશે. આ મહાન સંન્યાસી પાછળ તા. 25મી માર્ચ 1898ને દીવસે માર્ગારેટ કલકત્તા આવી. સ્વામીજીએ એનું બંદર પર સ્વાગત કર્યું. એમના સાધુઓ સાથે બીજા ઘણા લોકો સ્વાગતમાં જોડાયા હતા. સ્વામીજીએ એને નવું નામ 'નીવેદીતા' આપીને બ્રહ્મચર્યની દીક્ષા દીધી. નીવેદીતાનો અર્થ સમર્પીત.

મેથી ઑક્ટોબર 1898 સુધી સ્વામી વીવેકાનંદ સાથે નીવેદીતા અલ્મોરા, કાશ્મીરના પ્રવાસમાં રહ્યાં. કાશ્મીરમાં એમણે જોયું કે કાશ્મીરના મહારાજાને જમીનનો એક ટુકડો એમના ગુરુને મઠ અને સંસ્કૃત કોલેજ સ્થાપવા માટે આપવાની બ્રીટીશ સરકારે પરવાનગી ન આપી. નીવેદીતાનું આયરીશ લોહી ઉકળી ઉઠ્યું. એને સમજાયું કે ભારતના સ્વાતંત્ર્ય અને ઉદ્ધાર માટે બ્રીટનની ધુંસરીમાંથી મુક્ત થયે જ છુટકો થશે.

પાછા વળતાં કલકત્તામાં નીવેદીતા એક અઠવાડીયા માટે પુજ્ય શારદા દેવી પાસે રહ્યાં. પોતાનો પરીચય આપતાં કહે, 'મારું નામ માર્ગારેટ એલીઝાબેથ નોબલ છે.' આમ કહી એણે સાષ્ટાંગ પ્રણામ કર્યા અને એમની ચરણરજ આંખે-માથે અડાડી. શારદા દેવી કહે, 'આટલું લાંબું નામ મને બોલતાં ન આવડે. હું તો તને ખુકી-બેબી કહીને બોલાવીશ.' આ બેબી શારદા માને મળવા રોજ આવે; સાવરણીથી ઓરડો વાળે; બારીના કાચ લુછે, અને વાતો કરવા બેસે. ભાષા સમજાય નહીં એટલે વચ્ચે દુભાષીયાને રાખે. વીવેકાનંદને મનમાં વીચાર આવ્યો કે જો શારદા દેવી માર્ગારેટને ન સ્વીકારે તો શું થશે ? શારદા દેવી બહારથી જુનવાણી દેખાતાં હતાં. પણ અંદરથી આધુનીક હતાં ! એમણે માર્ગારેટને બેબી કહીને સ્વીકારી એટલે વીવેકાનંદને ખુબ આનંદ થયો. હવે માર્ગારેટે નક્કી કર્યું કે બંગાળી ભાષા શીખી લેવી. કામ કરતાં કરતાં આ ભાષા વ્યવહાર કરવા પુરતી આવડવા લાગી. પછી 16, બોઝપરા ગલીમાં સ્થળાંતર કર્યું. તા. 11 નવેમ્બર 1898ને દીવસે શારદા દેવીએ નીવેદીતાએ ચાલુ કરેલી કન્યા શાળાનું ઉદ્‌ઘાટન કર્યું. સ્વામી વીવેકાનંદનું સ્વપ્ન પુરું કરવાની દીશામાં પ્રથમ પગલું ભરાયું તેનો આનંદ નીવેદીતાને હતો. વીવેકાનંદ કહેતા હતા કે, 'પંખી બે પાંખો વડે ઉડે છે. પુરુષ અને સ્ત્રી આ બન્ને પાંખો છે. સમાજની શક્તી વીકસાવવી હોય તો સ્ત્રીને ભણાવવી પડશે. પાંચસો પુરુષને જે કામ કરતાં પચાસ વરસ લાગે તે કામ સ્ત્રીને સાથે રાખીએ તો અઠવાડીયામાં પુરું થાય. આ કામ સ્ત્રીને જ કરવાનું છે.' એટલે તેઓ માર્ગારેટને ભારત લાવ્યા હતા.

માર્ચ 1899માં કલકત્તામાં પ્લેગ ફાટી નીકળ્યો. નીવેદીતાએ યુવકોનું જુથ તૈયાર કર્યું અને રાહતના કામમાં જોડાઈ ગયાં. બાગબજારની દરેક ઝુંપડપટ્ટીમાં જો વાળનારા ન મળે તો, હાથમાં સાવરણી લઈને તેઓ વાળતાં દેખાતાં હતાં. રસ્તાઓ સાફ કરતાં હતાં. દર્દીઓની આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને એમણે પોતાના ખોરાકમાંથી દુધ બાદ કર્યું હતું. એક બાળક કોલેરામાં સપડાયું હતું તેની સેવા કરવા માટે એને ખોળામાં લીધું. કલાકો સુધી તેની સારવાર કરી. ઝુંપડાંઓમાં જઈને સફાઈ કરવા માંડી. દવા લાવવા માટે પૈસા ઉઘરાવ્યા. બધાંને દવા પહોંચાડી. આ કામમાં જે લોકો જોડાયા એમને સેવા કરવાની દીક્ષા આપોઆપ મળી ગઈ. આરોગ્ય ખાતાને ખબર પડી એટલે તેઓ આવું સુંદર કામ જોઈને બહુ રાજી થયા. એમના અધીકારી કહે, 'અમને ખબર આપી હોત તો અમે પણ આ કામમાં જોડાત.' નીવેદીતા કહે, 'અમે તો કામ પુરું કરીને કર્તવ્યનું પાલન કર્યું. પછી તેનો મીથ્યા આડંબર શો કરવો ?' નીવેદીતા મુંગું કામ કરીને સૌને પ્રેરણા આપતાં હતાં.

નીવેદીતાએ ચાલુ કરેલી શાળામાં છ-સાત બાલીકાઓ હતી. એમને કોઈ મળવા જાય તો એ પોતાનો ચહેરો હથેલી વડે ઢાંકી દેતી હતી. આટલી બાલીકાઓને લાવતાં નીવેદીતાને ખુબ

મહેનત કરવી પડી. એ જમાનો છોકરીઓને ભણાવવાનો ન હતો. એટલે માબાપ એમને ભણવા માટે મોકલતાં ન હતાં. વળી વીદેશી મહીલા શાળા ચલાવે એટલે માબાપને શંકા જતી હતી કે આ તો ખ્રીસ્તી બનાવવા માટે આવી હશે. આવા વાતાવરણમાં નીવેદીતાએ બહેનોને સમજાવવાનું કામ કરવાનું હતું. બહેનોમાં ભળી જઈને એમનાં સુખદુ:ખ સમજી રસ્તો શોધવાનો હતો. વીવેકાનંદે એને બ્રહ્મચારીણીની દીક્ષા આપી ત્યારે નીવેદીતા સંપુર્ણ હીંદુ બને એ જરુરી હતું. બંગાળી શીખવાની સાથોસાથ નીવેદીતાએ ગીતા અને ઉપનીષદોનો અભ્યાસ કરવા માંડ્યો. આ અભ્યાસ કરવામાં એને રામકૃષ્ણ મઠના સાધુની મદદ મળતી હતી. શાળા ચલાવવામાં અમેરીકાથી આવેલી ક્રીસ્તાઈન મદદ કરતી હતી. એ તો વગર બોલ્યે કામ કર્યે જતી હતી. નીવેદીતાને મળવા ઘણા લોકો-નેતાઓ આવ્યા કરતાં હતા. એમાં ગોપાલકૃષ્ણ ગોખલે, લાલા લજપતરાય, બીપીનચંદ્ર પાલ અને બાળ ગંગાધર ટીળક પણ હતા. આ ત્રણે લાલ, બાલ, પાલ તરીકે ઓળખાતા હતા. સુરેન્દ્રનાથ બેનરજી અને રવીન્દ્રનાથ ટાગોર પણ મળવા આવે. સુપ્રસીદ્ધ વૈજ્ઞાનીક જગદીશચન્દ્ર બોઝ તો પરમ આત્મીય બની ગયા હતા. એમના પ્રયોગોમાં નીવેદીતા મદદરુપ થાય. બધી નોંધો કરીને પુસ્તક તૈયાર કરે.

આ મુલાકાતીઓથી ભારતના રાજકારણ વીષેનું જ્ઞાન વધવા માંડ્યું. વીવેકાનંદ માનતા હતા કે, 'પહેલાં માણસને બદલો. પછી જ બધું ગોઠવાશે.' કામ કરતાં નીવેદીતાને એવો વીચાર આવ્યો કે દેશને બદલવો જોઈએ. આ તો સૌથી મોટો પડકાર હતો. આવા વ્યાપક પરીપ્રેક્ષ્યમાં કામ કરવા માટે ઈતીહાસ, ભુગોળ, સંસ્કૃતી, ચીત્રકળા, સંગીત વગેરેનું જ્ઞાન હોવું જરુરી હતું. એટલે નીવેદીતાએ મનોમંથન કરતાં કરતાં આ વીષયોનો અભ્યાસ કરવા માંડ્યો અને તેના નીષ્ણાતોના સંપર્કમાં આવીને ચીત્રકારોને અજંટા અને ઈલોરા મોકલ્યા. મંથન, વાંચન, લેખન, પ્રવાસથી એ સમૃદ્ધ બનતાં ગયાં. પત્રવ્યવહાર પણ વધી ગયો. રામકૃષ્ણ મીશને એના પત્રવ્યવહારના ત્રણ ગ્રંથો પ્રગટ કર્યા છે. આ પ્રક્રીયામાંથી પસાર થતાં એને સ્વદેશી આંદોલનનો પણ પરીચય થયો. તે જમાનામાં લોકો રેશમી વસ્ત્રો પહેરતા હતા. તેથી રેશમનું વણાટકામ કરનારા કારીગરોને રોજી મળી રહેતી હતી. આ કામમાં નીવેદીતાને ખાસ્સો રસ પડવા માંડ્યો. સ્વદેશીનો પ્રચાર કરવો એને ગમતો હતો.

હીંદુ બની ગયેલી એક વીદેશી મહીલા 'હું હીંદુ છું' એમ કહે, ગળામાં રુદ્રાક્ષની માળા હોય અને લાંબા ઝભ્ભામાં ગળાથી પગ સુધી ઢંકાયેલી હોય ! એની તેજસ્વી આંખો સાથે એ ભદ્ર સમાજને સંબોધવા જાય ત્યારે એમાં હાજર રહેલી સુંદરીઓ પણ ઝાંખી પડી જાય. એની અંગ્રેજી ભાષાનો અસ્ખલીત પ્રવાહ શ્રોતાઓનાં મન જીતી લે. પ્રશ્ન કરવો પ્રેરે. આવા વ્યાપક પ્રચારમાંથી નીવેદીતાને પ્રવાસ દરમીયાન દક્ષીણ ભારતમાં સુબ્રમણ્યમ્ ભારતીનો પરીચય થયો અને તેઓ નીવેદીતાના શીષ્ય બની ગયા. એમણે પોતાનાં કાવ્યોનું પુસ્તક નીવેદીતાને અર્પણ કર્યું. હવે બ્રીટીશ સરકાર નીવેદીતા પર ચાંપતી નજર રાખવા માંડી હતી.

નીવેદીતાને સતત સખત કામ કરવાનો થાક લાગવા માંડ્યો. એક તરફ શાળાને માટે નવી જગા અને મકાન જોઈતાં હતાં અને બીજી તરફ પૈસાનો અભાવ લાગતો હતો. એણે વીવેકાનંદની પરવાનગી લઈને ફાળા માટે અમેરીકા જવાનું વીચાર્યું. પણ શરુઆતમાં એને સફળતા ન મળી. વીવેકાનંદના પરીચયમાં આવેલા ધનીક પાસેથી મોટું દાન મળ્યું અને શાળા માટે સગવડ ઉભી કરી શકાઈ. બહેનોની સંખ્યા 300 થઈ હતી.

વીચારની ક્ષીતીજો વીસ્તરતી ગઈ તેમ નીવેદીતાનું સ્વતંત્ર ચીંતન વધતું ગયું. એણે આપેલાં પ્રવચનોમાંથી આ વાત સ્પષ્ટ થતી ગઈ. એ જ પ્રવાહમાં એણે નીચેનાં પુસ્તકો લખ્યાં, એ સ્વતંત્ર સ્વભાવની થઈ ગઈ. **Religion With Indian Life, Footfalls of the Indian History, Shiva and Buddha, Kali the Mother, Cradle Tales of Hinduism.** એને કહેવામાં આવ્યું કે વીવેકાનંદની જીવનકથા લખો. પણ એ કહે, 'હું એ લખવાને લાયક નથી.' જો કે પછી નીવેદીતાએ **My Master as I Saw Him** લખ્યું. એને હવે એમ લાગવા માંડ્યું કે ભારતને સ્વતંત્ર કરવું હોય તો રાજકારણમાં જોડાયા વીના છુટકો નથી. જો કે વીવેકાનંદ એની આ વાત સાથે સંમત થતા ન હતા. વીવેકાનંદે મહાસમાધી લીધી તે પછી નીવેદીતા માટે પ્રશ્ન ઉભો થયો કે રામકૃષ્ણ મીશનનું કામ ચાલુ રાખવું કે રાજકારણમાં જોડાવું ? સ્વામી બ્રહ્માનંદે આ વીકલ્પ મુક્યો ત્યારે નીવેદીતાએ રાજકારણ પસંદ કર્યું અને રામકૃષ્ણ મીશનમાંથી રાજીનામું આપ્યું. આમ છતાં સૌના આત્મીય સંબંધો ટકી રહ્યા. એ શ્રી અરવીંદ ઘોષ સાથે સંકળાયેલા હતાં. એમના માસીક 'કર્મયોગ'નું સંપાદન કરે અને લેખો પણ લખે. 'પ્રબુદ્ધ ભારત'માં પણ નીવેદીતાના લેખો છપાતા હતા. નીવેદીતાએ હીંસા અને આતંકવાદને કદી પ્રોત્સાહન ન આપ્યું. શાળાનું કામ ક્રીસ્તાઈને સંભાળી લીધું હતું.

નીવેદીતાને એવો અણસાર આવી ગયો હતો કે હવે એની પાસે બે જ વરસ બાકી રહ્યાં છે. એ આરામ કરવા માટે દાર્જીલીંગ ગયાં. પણ ત્યાંની હવા એમને માફક ન આવી. ઝાડામાં લોહી પડવા માંડ્યું હતું. એમણે તા. 13-19-1911ને દીવસે દેહ મુક્યો. દાર્જીલીંગમાં કદી જોઈ ન હોય એવી વીશાળ સ્મશાનયાત્રા નીકળી. હીમાલયને ખોળે લખાયેલી તકતીમાં '**Here reposes Sister Nivedita who gave all her to India**' આ શબ્દશ: સાચું ઠર્યું. 44 વરસના સેવામય સમર્પીત જીવનનો અંત !

**– યોગેન્દ્ર પરીખ**

[સીસ્ટર નીવેદીતાની 150મી જન્મજયંતી ઉજવાય છે નીમીત્તે 'પ્રબુદ્ધ ભારત' દ્વારા પ્રકાશીત વીશેષાંકમાંથી સારવીને.]

❑

RNI No. of RNP is 20528/71 Registered under Postal Registration No. GAMC-534/2015-2017 valid upto 31st December-2017 posted on 1st & 16th of Every Month at Amd. PSO. ● નયા માર્ગ ● પ્રકાશન તારીખ : 16-4-2017

## કાવ્યોમાં સાંપ્રત

### તમે

ઉંઘમાં ચાલ્યા કર્યું ને ખુદથી અથડાયા તમે;
આયખામાં આયનાની જેમ તરડાયા તમે !

ક્યાં કળી શક્યા જરી કરતબ, કરામત, ઈલ્મ...ને;
ફક્ત આભાસી જ ઓળે, ઓળે અંજાયા તમે !

'આદીત્યે' આગોતરું માથું ધર્યું ધરવા 'મુગટ',
કઈ 'કળા'એ, એ ય સમજાયું નહીં, ડાયા તમે ?!

આંખ સામેથી હટાવી દ્યો એ 'મેજીક બોક્સ'ને,
ભોળે ભાવે ખુબ જોયા ખેલ, ભરમાવ્યા તમે !

'કેન્દ્ર' વીંધી નાખો નભ ઘેરાયેલા 'વંટોળ'નું,
વા વીખેરી દ્યો, મીટાવી દ્યો બધી માયા તમે !

કોતરાયા કાળની શલ્યે અમર અક્ષર થઈ,
કેમ ભુલી જાવ છો ઈતીહાસ - પંકાયા તમે !

**- કીસન સોસા**

*

### વીસરાય છે શાને ?

માણસ થકી માણસ અહીં અભડાય છે શાને ?
ને ધર્મ સમો ધર્મ વગોવાય છે શાને ?

અહીંસાના પુજારી હવે હીંસાઓ કરે છે
શસ્ત્રોના ખડકલામાં અહીં થાય છે શાને ?

ઈશ્વર અને અલ્લાહનું અસ્તીત્વ છે એક જ
તો ધર્મ તણા ભાગલાઓ થાય છે શાને ?

ભરખી જશે ભારતને વસ્તીનો વધારો આ
પાયાના જે પ્રશ્નો છે એ વીસરાય છે શાને ?

આ લાંચ, આ રુશ્વત અને આ ભ્રષ્ટાચારો
સરકારના શાસન મહીં પોષાય છે શાને ?

આ ભેદ ઉકેલો તો ખરા કોઈ ભલા થઈ
'આઝાદ' ગુલામી પ્રતી ઢસડાય છે શાને ?

[તમન્ના કાર્યાલય-બગસરા] **- કુતુબ આઝાદ**

*

### રંગભેદ

સૃષ્ટી પરના કુદરતી રંગો પ્રત્યે પણ
હવે નફરત જેવું લાગી રહ્યું છે
એ જ રંગોને મારા કેનવાસના ચીત્રોમાં
ક્યારેક પુરતો હતો અઢળક નજાકતથી
ત્યારે ઉમટી પડતી હતી સપ્તરંગી દુનીયા
ભુખ-તરસ ભુલીને કલાકોના કલાકો એમાં
હું ખોવાઈ જતો હતો

આજે ધર્મના ઠેકેદારોએ રંગનેય વહેંચી લીધો છે
એ રંગને રાજકારણમાં ખુંપેલા મદારીઓના
વાંદરાઓએ ખુંચવી લીધો છે

એમને નજરે પડે છે નક્સલવાદ -માર્ક્સવાદ
રક્તના લાલ રંગમાં પણ
સાવ લીલીછમ હરીયાળીમાં પણ
દૃશ્યમાન થાય છે આતંકવાદ...
જાતી-ધર્મ, પક્ષ-વીપક્ષ, પાર્ટી-દળ આ બધાંય
ધજા-પતાકાઓ ફરકાવી
વીકાસનું જુઠું ચીત્ર બનાવી રહ્યા છે
એમાં જ શોધી રહી છે
આખીયે દુનીયા પોતાની ઓળખ
પરંતુ એમાંથી ઉભરાઈ આવે છે
માનવતાનું સાચું ચરીત્ર ?

**- ભગવાન ગવ્હાડે**

[અનુવાદ : રમણ વાઘેલા : સૌજન્ય : 'સમકાલીન ભારતીય સાહીત્ય']

### અઢી અક્ષર મળ્યાં છે ત્યાં -

અમે તો આગ તપતા રણ ઉપર વાદળ લઈ ઉભા;
ઘણાં તોફાન વચ્ચે વીજળીના વળ લઈ ઉભા !

હવે કેવી રીતે આ તંતનો પરદો હટાવીશું ?
અમારો સુર્ય તપતો ત્યાં તમે મૃગજળ લઈ ઉભા !

અજંપાવશ રહે છે જીન્દગી પણ એ જ કારણથી;
પરસ્પર મુંઝવણ રાખેલ બહુધા છળ લઈ ઉભા !

ભલા થઈને સનાતન સત્ય સાથે સત્ત્વ સ્વીકારો;
ઘણાં આંબા ઉજેડીને તમે બાવળ લઈ ઉભા !

અનોખા દૃશ્ય, નવરંગી ખુશી, હરપળ મળે જ્યાં 'દાન';
અઢી અક્ષર મળ્યાં છે ત્યાં બધા અટકળ લઈ ઉભા !

**- દાન વાઘેલા**

(ભાવનગર)

❑

'નયા માર્ગ' વતી - તંત્રી, મુદ્રક, પ્રકાશક : ઈન્દુકુમાર જાની, નયા માર્ગ કાર્યાલય, ખેત ભવન, ગાંધી આશ્રમની બાજુમાં, અમદાવાદ 380 027.
(ફોન : 27557772) http://nayamarg.wordpress.com ● વાર્ષીક લવાજમ રૂ. 150 ● છુટક નકલ રૂ. 8 ● 'નયામાર્ગ'ના નામના ચેકથી મોકલવું.
મુદ્રણ સ્થાન : ચંદ્રીકા પ્રીન્ટરી, મીરઝાપુર રોડ, અમદાવાદ 380 001